જેહાનો ઝમાનો મકાન જોમ્લે ઝૂસ્ત,
વોજૂદે હમા મોમ્કેન્ અઝ ફૈઝે ઊસ્ત.

૬. જેહાંન, જમાનો અને જગા એ બધું તેનાથીજ છે, તમામ પેદાયશની હસ્તી તેની બખશેશથી છે.

ફલક હમચુ ખાક્ષીસ્ત ઝાસારે ઊ,
બુવદ શમ્સ યક ઝર્રે ઝેન્વારે ઊ.

૭. તે સાહેબની તમામ પેદાયશોમાં આસ્માન એક તલ સમાન છે, તેની પોતાની સર્વત્ર રોશની આગળ ખોરશેદ એક રજકણ છે.

ઝે હેક્મત હમેશ પદીદાર કર્દ,
બસી કોદ્રતે ખીશ એઝ્હાર કર્દ.

૮. તેણે પોતાની કળાથી સર્વ પેદા કીધું, અને પોતાની અપાર શક્તિ જાહેર કીધી.

બે બર્રો બે બહ્ર્ આનચે ગર્દદ પદીદ,
બે ફૈઝે ખોદાવન્દ દારદ ઓમીદ.

૯. જમીન ઉપર તથા દરિયામાં જે કોઇ જાહેર દેખાય છે, (હસ્તી ધરાવે છે) તે ખોદાતાલાની બખશેશની ઉમેદ રાખે છે.

રવાનો તનો જેસ્મો જાન આફરીદ,
ખેરદ દર તને મર્દોમાન આફરીદ.

૧૦. તેણે રવાન, તન, શરીર તથા જાન પેદા કીધાં, અને આદમીઓનાં તનમાં અકકલ પેદા કીધી.

ખેરદ દાદ્રો અક્લો હુશો રવ્યો દીન,
ખોદાવન્દે બા દાનેશો બીકરીન.

૧૧. તે દાના અને બરોબરીયા વગરના ખોદાતાલાએ ડહાપણ, અકકલ, હોંશ, વિચારશકિત તથા દીન ઇનસાનને આપી છે.

શહે બી-ચેગુન દાવરે બી-હમાલ,
બે પયરામને ઊ નગર્દદ ઝવાલ.

૧૨. તે ગુણ અને ખાસીયતથી નહિ ઓળખાયલો પાદશાહ અને બરોબરીયા વગરનો ઇનસાફ કરનાર છે; જેની આસપાસ પડતી અને નાશ કદી ફરી વળતાં નથી (તે અમર છે)

મોનાજાત ૫ મી (બયતોમાં)

દસ્તુર એરચજી સોહરાબજી મેહેરજીરાણાની.

બેનામે ખોદાવન્દે જાનો રવાન,
કે ઊ હસ્ત બખ્શન્દે ઓ મેહરબાન.

૧. જાન અને રવાનના પેદા કરનાર ખોદાનું નામ લઇને બંદગી શરૂ કરૂં છું, કારણકે તે ગુનાહ માફ કરનાર અને દયાળુ છે.

કદીમો રહીમસ્તો પરવરદેગાર,
અઝીમો અલીમસ્તો દાનન્દેહ કાર.

૨. તે કદીમ રહેમવાળો અને સર્વેને પાળનારો છે, તે મહાન વિદ્વાન, અને શું કરવું તેનો માહીતગાર છે.

હકીમો કરીમસ્તો દાનાએ રાઝ,
લતીફો અઝીઝો ઘરીબાન નવાઝ;

૩. તે ડહાપણવાળો, રહેમવાળો, ભરમ જાણનાર છે, તે દયાળુ, કીર્તિવંત, અને ગરીબોની ઉપર નવાજેશ કરનાર છે.

બસીરો ખબીરો સમીઓ અદીલ,
ઘફૂરો હસીબો કબીરો જલીલ;

૪. તે દુર અંદેશીથી સર્વને જોનાર, બધી વાતનો વાકેફગાર, બધું સાંભળનાર, અને ઇનસાફી છે, તે માફી બખશનાર, હીસાબ રાખનાર, બુલંદ અને દબદબાવાળો છે.

મુનીરો કદીરસ્તો નીકી પસન્દ,
અબીચૂનો દાનન્દેએ ચૂનોચન્દ.

૫. તે પ્રકાશિત, સર્વશકિતવાન, અને નેકીને પસંદ કરનાર છે, તે મીસાલ વગરનો, અને કેવી રીતે અને કેટલું બનશે તે જાણનાર છે.

સમાગ બેકોદ્રત બુલન્દ આફ્રીદ,
નત્વાનદ બે એસ્રારે ઊ કસ રસીદ.

૬. પોતાની સર્વશકિતથી આસમાનને બુલંદ પેદા કીધું, તેના ભેદોને કોઈ પહોંચી અને સમજી શકતો નથી.

વરા કર્દ રઉશન જે સેયારેગાન,
ખુરો માહરા કર્દ ગેર્દેશ રસાન.

૭. તેણે આસમાનને સેતારા અને ગ્રહો વડે રોશન કીધું, અને સુરજ અને ચંદ્રને તેની આસપાસ ફરતા મીધા.

એલાહી જે એહસાનો એક્રામે તુ,
ઝબાન લાલ અઝ શોકે એન્આમે તુ.

૮. અએ ખોદા! તારા (બેહદ) એહસાન અને બખશેશને લીધે તારી સઘળી મહેરબાનીના શુક્રાના કરવામાં મારી જબાન તદન મુગી છે (અશક્ત છે.)

અગર હર સરે મૂય ગદર્દ ઝબાન,
જે વસ્ફ્રત નેશાની નગદર્દ અયાન.

૯. અગરજો મારાં માથાંના એકેએક વાળને જબાનમાં ફેરવી નાખવામાં આવે, તોપણ તે સઘળી જબાનોથી તારી સિફ્ત અને તારીફની કંઇ પણ નિશાની જાહેર થાય નહિ (તારી તારીફ કરી શકાય નહિ.)

ચે દાનન્દ મર્દોમ જે બાલાઓ શીબ,
કે નાયદ બોઝોર્ગીત અંદર હસીબ.

૧૦ માણસો ઉપર અને નીચે વિષે (આ અને પેલી દુન્યા વિષે) શું જાણે છે? કારણકે તારી બુઝોર્ગી હિસાબ અને ગણત્રીમાં આવી શકતી નથી.

તવાનાએ મોત્લક તુ હસ્તી ઓ બસ,
બે બીચૂનિઅત રેહ નબોર્દસ્ત કસ.

૧૧. તુંજ એકલો પુરેપુરો સર્વશકિતવાન છે, તારી બીન સરોબરી હાલતનો કોઈ પણ આદમીને ઇશારો મળ્યો નથી.

નોખોસ્તીન ખેરદરા તુ કર્દી પદીદ,
કે બાશદ હમે બસ્તેહારા કેલીદ.

૧૨. પહેલ વહેલાં તેં સર્વવ્યાપક ડહાપણ (Universal Intellect) પેદા કીધું કે જે બધા બંધની કુંચી છે.

ઝે કત્મે અદમ મર્દોમાનરા તુ પાક,
પદીદ આવરીદી ઝે યક મોશ્તે ખાક.

૧૩. તું પાક દાદારે નીસ્તીના પડદામાંથી આદમીઓને એક મુઠી ખાકમાંથી બનાવ્યાં.

મેઝાજે અનાસેર બેહમ બા રવાન,
બે હેકૂમત બેકર્દી તુ અયે મેહરબાન.

૧૪. અએ મહેરબાન ખોદા! તેં ચતુરાઇથી તત્વોની ખાસીયતને આત્માનો સોબતી કીધો.

ઝે આબો ઝમીન દાદી અશ્જારહા,
વઝાન નીઝ હર ગૂનેગૂન બારહા.

૧૫. પાણી અને જમીનમાંથી તેં ઝાડો આપ્યાં, અને તેમાંથી તરેહવાર ફળો પણ આપ્યાં.

ન અક્લો હોનર શુદ શનાસાએ તુ,
હમા મહવે દર્ બહરે યક્તાએ તુ.

૧૬. માણસ જાતની અકકલ અને કુશળતા તને પીછાણી શકયાં નથી, તે બંને તારાં એકત્રપણાંના મહાસાગરમાં ખોહવાઇ અને ભુસાઇ ગયાં છે.

કુજા બીનદત ઇન દુ બીનન્દેગાન,
અગર ચન્દ બાશન્દ યાબન્દેગાન.

૧૭. આ બે (શારીરીક-physical) આંખો તુને જોવાને ગમે તેટલી ઇચ્છા રાખે, તોબી તુંને કેમ જોઇ શકે?

સેપાસ્ અઝ તો અયે દાવરે દાદગર,
બે યઝદાંન પરસ્તાન તુઈ રાહબર.

૧૮. અએ સત્ય ઇનસાફ કરનાર! હું તારા શુકરાના કરૂં છું, યઝદાં પરસ્તોનો તુંજ રાહબર છે.

પયગમ્બર ઝરાતોશ્તે બા દીનો દાદ,
બે દાદી કે બરમા રહે દીન ગોશાદ.

૧૯. તેં દીનચુસ્ત અને ઇનસાફી પેગમ્બર જરથોશ્તને હમને આપ્યો, કે જેણે હમારે માટે દીનનો રાહ ખુલ્લો કીધો.

બે ખલ્કે જેહાની બેકર્દ આશકાર,
પરસ્તીદનત અયે જેહાન કેર્દગાર.

૨૦. અએ જેહાનના પેદા કરનાર! જેણે (જરથોશ્તે) દુનિયાનાં લોકોને તારી આરાધના કરવાનું આશકારા કીધું.

દરે દીને બેહતર બેમા કર્દ બાઝ,
દરે હર ગોનેહ બસ્તે ઓ રંજો આઝ.

૨૧. વધારે ભલી દીનના દરવાજા હમારે માટે તેણે ખુલ્લા કીધા, અને દરેક ગુનાહ, રંજ, અને લોભના દરવાજા બંધ કીધા.

હઝાર આફરીન બર રવાનશ બવાદ!
કઝુ યાફતે નીકબખ્તાન મોરાદ.

૨૨. તેનાં રવાન ઉપર હજાર આફરીન હોજો! કારણકે તેનાથી નેકબખત લોકો પોતાની મુરાદ પામ્યા છે.

ઝે ગોમરાહીઓ કજરીઓ કાસતી,
બેયાવર્દ મારા સુયે રાસતી;

૨૩. ગુમરાહી, ખોટાં કામો અને જુઠાંપણાંના રાહથી તે હમને રાસ્તીની રાહ તરફ લઈ આવ્યો.

કેતા ઍદેહ બાશમ બે સેદ્કો સફા,
નદારમ ઝે દામનશ દસ્તે વફા.

૨૪. કે જેથી કરીને જ્યાં સુધી હું જીવતો રહું ત્યાં સુધી સચાઇ અને પાકીજગીથી તેની (જરથોસ્તની) દામાન વફાદારીથી પકડી રાખું.

બે મન બર ગોશા રાહે તોફીકરા,
ઝે ફઝૂલો કરમ રાહે તેહકીકરા.

૨૫. તારી રાહબરી અને મહેરબાનીનો માર્ગ મારે માટે ખુલ્લો કર, તારી બખશેશ અને મહેરબાનીથી સચાઇનો માર્ગ મારે માટે ઉઘાડો કર.

દેલમ રા જે નૂરે યકીન તાઝેહ દાર,
ઝબાનમ જે શોક્રત પોર્ આવાઝે દાર.

૨૬. યકીનનાં નુરથી મારાં દીલને તાજું રાખ. તારા શુક્રાનાથી મારી જીભને ગાજતી અને જાણીતી કર.

બરઅફ્રૂઝ જાનમ જે અન્વારેહા,
બેરદ દેહ કઝાન દાનમ અસ્રારેહા.

૨૭. મારા જાનને નુરથી ઝળકતો કર, મને ડહાપણ આપ કે જેથી હું (તારા) ભેદો જાણું.

બશારત બેદેહ્ તા શેનાસમ તુરા,
બેરદ બખ્શ તા રાહ્ યાબમ તુરા.

૨૮. મને એવી બશારત આપ કે જેથી હું તુંને પીછાણું, મને ડહાપણ બખશ, કે જેથી હું તુંને મેળવું.

એલાહી સેરરતી તુ મારા જે ગેલ,
દુ ચશ્મો ઝબાન દાદીઓ ગૂશો દેલ.

૨૯. અએ ખોદા! તેં હમને ખાકમાંથી પેદા કીધા, અને બે આંખ, ઝબાન કાન અને હૃદય આપ્યાં.

રવાનો બેરદ કોવ્વતે દસ્તો પા,
જે નાબૂદ મૌજૂદ કર્દી બેજા.

૩૦. આત્મા ડહાપણ અને હાથપગનું જોર તું નિસ્તિમાંથી હસ્તીમાં લાવ્યો.

જે ચન્દાન એનાયત કે દાદી બે મન,
ચે શોક્રી બેગુયમ અબા જાનો તન?

૩૧. આટલી બધી મહેરબાનીઓ જે તેં મારી તરફ દેખાડી છે તેનો મારા દીલ અને જાનથી હું શું શુક્રાના કરી શકું? (યોગ્ય રીતે નથી કરી શક્તો.)

સેપાસ્ અઝ તો હરદમ હઝારાન હઝાર,
બેહર કાર બાશી તુઅમ પોશ્તો યાર.

૩૨. હર પળે તારા હજારો હજાર શુક્રાના હોજો કે તું દરેક કામમાં મારો મદદ અને ટેકો થાય છે.

ચે ગુયમ સેઆવારે એહુસાને તુ?
કુજા શોકે મા હુસ્ત દર શાને તુ?

૩૩. તારાં એહસાનને છાજતું હું શું બોલું? તારા દરજ્જાને લાયકના હું શું શુકરાના કરી શકું?

બે બીચારેગી ઓઝ્ર આરમ બે પીશ,
કે અન્દક પઝીરીઓ બખ્શન્દે બીશ.

૩૪ હું તારી સનમુખ નાચારીથી ઓજરખાહી રજુ કરૂં છું, કારણકે તું થોડામાંજ માફી કબુલ રાખનારો અને બેહદ બખશનારો છે.

ઝે ફર્માને તાઅત ફરામૂશ શુદમ,
ઝે ગોફ્તારે ઝેકે તુ ખામુશ બુદમ.

૩૫. તારી આરાધના કરવાના ફરમાનને હું ભુલી ગયો, અને તારી નમાઝ અને સેતાયશ કરવામાં મેં ચુપકીદી અખત્યાર કીધી.

નબસ્તમ બે ખેદ્મત મેયાન ઓસ્તવાર,
કે તાઅત ગુઝારમ બે મર્દાનેવાર.

૩૬. તારી ખીદમત કરવામાં મેં કમર ઓસ્તવાર કશી નહિ—કે એક ખરા મરદની માફક તારી બંદગી ગુજારૂં.

ચેનાન પર્દેહ ઘફ્લત બે રૂયમ કશીદ,
કે ચશ્મે દેલમ રાહે રઉશન નદીદ.

૩૭. ગફલતનો પડદો મારા ચહેરા ઉપર એવો તો ફરી વળ્યો છે કે મારાં હૃદયની ચશમે રોશન રાહ જોયોજ નહિ.

ન અઝ્મમ બુદી જઝ્મ દર રાહે તુ,
ન બૂદમ બે ખેદ્મત હવા ખાહે તુ.

૩૮. તારી રાહ ઉપર ચાલવાને મારો ઇરાદો તથા ઠરાવ દ્રઢ હતો નહિ, ખીદમત બજાવવામાં હું આતુર હતો નહિ.

ઝે ઘફ્લત ચેનાન કદ્ર નશનાખતમ,
કે સર્માયેયે ઓમ્ર દર બાખતમ.

૩૯. ગફલતથી મેં એટલું વટીકબી નહિ જાણ્યું કે મેં મારી જીદગીની થાપણ તમામ ઉરાડી નાખી છે.

ચુ અઝ ખાબે ઘફ્લત બે હૂશ આમદમ,
નવાઇ ઝે ઘૈરત બે ગૂશ આમદમ,

૪૦. જ્યારે ગફલતીની ઉંઘમાંથી હું બીદાર થયો, ત્યારે મારાં સ્વમાનની લાગણીનો અવાજ મારા કાન ઉપર પડયો.

બેજોઝ આહો અફ્સૂસ ચીઝી બેદસ્ત
નબાશદ, પશીમાનીઓ અજ્ઝ હસ્ત.

૪૧. હાય અફસોસ સિવાય કાંઇબી ચીજ મારા હાથમાં નથી અને તે ઉપરાંત પશેમાની અને નાતવાની છે.

હમી શર્મ દારમ ઝે કેર્દારે બદ,
બેરફ્ત આન ઝમાન્ ઓ કે બાઝ આવરદ?

૪૨. મારાં ભુંડાં કામોથી હું શરમીંદો છું; તે વખત વહી ગયો ને હવે તે પાછો કોણ લાવી આપશે? (કે હું પસ્તાવો કરૂં?)

સેપંજી સરાઇસ્ત દોન્યાએ દૂન,
કે નાચાર અઝ્ રફ્ત બાયદ બેરૂન.

૪૩. આ કમીની દુન્યા એક ત્રણપાંચ દિવસનું મકાન છે, કારણકે તેમાંથી ફરજ્યાત દરેક જણને બહાર ચાલી જવાનું છે.

બરીન બીવફા દેહ્ર દેલ દાશતમ,
બેજોઝ ખાબો ખુર્દન ન પેન્દાશતમ.

૪૪. આ બેવફા દુન્યા ઉપર મેં દીલ લગાડયું, ઉંઘવા અને ખાવા સિવાય મેં બીજો કોઇ વિચાર કર્યો નહિ.

હમા માલે દોન્યા ચુ ખારો ખસન્દ,
બે નઝ્દીકે આકેલ નબાશદ પસન્દ.

૪૫. આ દુન્યાનો તમામ માલ કાંટા અને કચરા મીસાલ છે, (અને) તે અક્કલમંદ માણસોને પસંદ નથી.

મન્ અઝ અબ્લેગી માયેલે આન શુદમ,
ઝે તીરેહ દેલી ખાસતારશ બુદમ.

૪૬. બેવકુફીથી હું (દુન્યાના માલ તરફ) ઢળ્યો, અને મારાં અંધારાં હૈયાને લીધે હું તેને શોધનાર અને મેળવનાર થયો.

હવા ઓ હવસ જાયે ખુદ દર નેહાદ,
ગેરેફ્તો મરા ઓમ્ર બરૂબાદ દાદ.

૪૭. ગુસ્સા અને હવસે મારી ખાસીયતમાં પોતાની જગા લીધી અને મારી જીંદગી બરબાદ કીધી.

ઝે અફ્આલે ઝેશ્તો ઝે ગોફ્તારે બદ,
તગાફોલ ગુઝીદમ બર અહ્વાલે ખદ.

૪૮. ભુંડાં કામો અને ભુંડું બોલવાના પ્રતાપથી હું મારી પોતાની હાલતને માટે જાણી જોઇને ગફલતીમાં રહયો.

નદાનેસ્તમી ઝોલ્મતો નૂર રા,
ન જોસ્તમ ઝે નઝદીકો હમ દૂર રા.

૪૯. અંધારૂં અને રોશનીને મેં પીછાણ્યા નહિ, નજદીક યા દુરથી (એટલે દોસ્ત યા અજાણ્યાઓ) પારેથી પીછાણવાનું જ્ઞાન મેં શોધ્યું નહિ

ઝે નન્ગે ગોનેહ સર નેહાદેહ બે ખાક,
દરે તુબેહ કૂબમ ખોદાવન્દે પાક.

૫૦. અએ પાક ખોદાવંદ! ગુનાહની શરમીંદગીથી મેં ખાકમાં સર મેલ્યું છે, અને હવે પસ્તાવાનો દરવાજો ઠોકું છું.

બે બીચારેગી બર દરત્ આમદમ,
બે ઓમ્મીદે અફ્વત, મરાન્ અઝ દરમ.

૫૧. હું લાચારીથી તારી માફીની ઉમેદ રાખીને તારે દરવાજે આવ્યો છું મને તારા દરવાજા આગળથી હાંકી કહાડતો ના!

સરે અજ્ઝો ઝારી ઓ ખાકે દરત,
અબા ઓઝ્ર શર્મન્દેએ દાવરત.

૫૨. ઓ ઇનસાફી હાકેમ! હું તારી અદાલતમાં ઓઝરખાહી, નાચારી સાથે અરજ કરતો મારૂં માથું તારા દરવાજાની ખાક ઉપર મુકું છું

ઝે બારાને રેહ્મત ગોનાહમ બેશૂય,
ઘોબારે ઝલાલત ઝે રાહમ બેરૂય.

૫૩. તારી રહેમત અને દયાના વરસાદથી મારા ગુનાહ ધોઇ કહાડ, મારા માર્ગમાંથી અપજશની ધુળ વાળી નાખ.

તેહી દસ્ત બાશમ જે અફૂઆલે ખીશ,
ફેરૂ માન્દેઅમ સખ્ત જેહુવાલે ખીશ.

૫૪. હું મારા પોતાનાં કામોથી ખાલી હાથનો છું, (મેં કંઇ પણ સવાબનો હંબેરો કીધો નથી), મારી પોતાની હાલતથી હું બેહદ આજીઝ થયો છું.

બઝાઅત નદારમ જે કેર્દારે ખુદ,
અગર બી બઝાઅત રવમ સખ્ત બદ.

૫૫. મારાં પોતાનાં (નેક) કામોનો હું કોઇબી અસબાબ અને માલ ધરાવતો નથી; હું કંઈબી અસબાબ અને માલ વગર (પેલી દુન્યામાં) જાઉં તે ખરેખર ઘણુંજ ખરાબ છે.

મતાઅમ હમા અજ્ઝો બીચારેગીસ્ત,
ગોનાહે ફરાવાનો દસ્તે તેહીસ્ત.

૫૬. મારી બધી માયાપુંજી નાતવાની અને લાચારી છે; મારા ગુનાહ પુષ્કળ છે, અને મારા હાથ (સારાં કામોની થાપણ)થી ખાલી છે.

બેજોઝ રેહ્મતત્ કૂ ખરીદારે આન?
બેજોઝ બખ્શેશત કૂ સઝાવારે આન?

૫૭. તારી રહેમત સિવાય એવા પુંજી વગરનાને ખરીદનાર કોણ છે? તારી બક્ષેશ સિવાય તેને લાયકનું બીજું શું છે?

તુરા નામ અઝાન બાશદ આમોર્ઝેગાર,
કે જોઝ બદ નયાયદ જે મા ખાકસાર.

૫૮. તારૂં નામ ગુનાહ માફ કરનાર આ સબબને લીધે છે કે હમારા જેવા ઝલીલ બંદાઓ તરફથી બદી સિવાય બીજું કાંઈ આવતું નથી.

ચુ તકસીરો સહ્વમ જે હર રફ્ત બીશ,
બરાન બર કલમ કશ બે એકામે ખીશ.

૫૯. જ્યારે મારા તકસીર અને ગુનાહ હદબહાર પહોંચ્યા છે, ત્યારે તું તારી બખશેશથી અને મહેરબાનીથી તેને ભુસી નાંખ.

બરૂ એઅમાલો કારે નેઝારમ મબીન,
બેફઝ્લો અતાયત બેસાઝમ કરીન.

૬૦. મારા નબળાં (બુરાં) કામ અને કરણી તરફ ના જો; તારી મહેરબાનીથી અને બખશેશથી તું મને પોતાની નજદીક તેડ.

કે તુ દારમ ઓમ્મીદ ફઝ્લો કરમ,
અગર ખાનીઓ રાનીઅમ અઝ તુઅમ.

૬૧. હું તારી તરફથી માયા અને મહેરબાનીની ઉમેદ રાખું છું, અગરજે તું મને તારી આગળ બોલાવે યા મને હાંકી કહાડે, તોપણ તારોજ બંદો છું.

કે મન બસ ખતા રફ્ત ઝેન્દાએહ બીશ,
ન હક્કે તુ દાનેસ્તમો કદ્રે ખીશ.

૬૨. મારાથી હદથી જ્યાદા તકસીર થયલી છે, ખોદા તરીકના તારા હકો મેં પિછાણ્યા નથી, તેમજ તારી કદર જાણી નથી.

નદર અમ્રો નહ્યે પયમ્બર હમી,
બેહુર નીકો બદ રાહુરા જોસ્તમી.

૬૩. પેગમબરનાં ફરમાનો અને મનાઇઓને તેમજ હરેક નેક કે બદ રાહ રવેશના મેં જુસ્તજુ કીધી નથી.

ન ઓસ્તાદ રા ને પેદર માદરમ,
ચેનાન ચુન સેઝદ દાશતમ મોહ્તરમ.

૬૪. મારા ઉસતાદ, પોતા અને માતાને જેવી રીતે ઘટે તેવી રીતે માન આપ્યું નથી.

કે જહ્લો કે ઘફ્લત ગોનાહે અઝીમ,
કે મન હાસેલ આમદ, બેબખ્શા અયે કરીમ.

૬૫. અજ્ઞાનપણાં અને ગફલતને લીધે મારાથી જે અઝીમ ગુનાહ થયા છે. તે ઓ દયાળુ ખોદા તું માફ કર.

ચે આયદ અઝીન બન્દે જોઝ હીચ કાર?
બે બીહાસેલી માન્દેઅમ શર્મસાર.

૬૬. આ બંદાથી નકામાં કામ સિવાય બીજું શું થઇ શકે છે? મારી નાહાસેલી અને નકામાંપણાં માટે હું શરમીંદો થઇ રહયો છું.

નિયાઝમ દરીન આસ્તાનસ્તો બસ.
કે જોઝ તુ નબાશદ કસી હીચ કસ.

૬૭. મારી આજીજી બસ તારા ઉંબર ઉપરજ છે, કારણકે તારા સિવાય કોઇ બીજો આજીજી સાંભળનાર નથી.

બે જોઝ દર્ગેહત રૂ તવાન બર કે બોર્દ,
કે મોહ્તાજે ઇન દર બોઝોર્ગસ્તો ખોર્દ.

૬૮. તારી દરગાહ સિવાય હું કોણ તરફ મારો ચેહરો ઉંચો કરી શકું? કારણકે નાના અને મોટાં સર્વ એ દરગાહનાજ ગરજવંત છે.

બે બખ્શાય બર ઇન પશીમાનિયમ,
બરીન હાલે ઝારો પરીશાનિયમ.

૬૯. આ મારા પસતાવા ઉપર અને મારી દુઃખી અને પરેશાન હાલત ઉપર રહેમ કરી માફી બખશ.

એલાહી રવાને પેદર માદરમ,
બેયામોર્ઝી ખુશ કુન બે ખોલ્કો કરમ.

૭૦. અય ખોદા! મારાં પેદર અને માદરના આત્માને દરગુજર કર, અને તારી ભલાઇ અને કરમથી તેઓને રાજી કર.

રવાને નેયાગાને પીશીને મા,
બે બખ્શાય અયે દાદગર દાવરા.

૭૧. અએ ઇનસાફી દાદાગર, હમારાં નીયાગાનોનાં રવાનનાં ગુનાહ માફ કરજે.

બે નીકાનો પાકાને દર્ગાહે તુ,
બે શબ-ઝેન્દેહ્દારાને દર રાહે તુ,

૭૨. તારી દરગાહના નેક અને પાક આદમીઓને ખાતર, તેમજ તારી રાહ ઉપર ચાલનારા આખી રાત બંદગી કરનારાઓને ખાતર.

બે પાકીએ જાને બોઝોર્ગાને પીશ,
બે બખ્શમ નેજાતી ઝે કેર્દારે ખીશ.

૭૩. તેમજ આગલા બુઝર્ગોનાં જાનની પવિત્રાઇને ખાતર મારાં બુરાં કામોથી મને મુકિત બખશ.

વગરને નબાશદ ચુ મન હીચ કસ,
સિયેહ નામેહદારે બઝેહ કાર બસ.

૭૪. નહિ તો મારા જેવો કોઈ બીજો શખસ નહિ હશે કે જે કાળાં, દુષ્ટ કામોનો પોથો ધરાવનારો હોય, અને બેહદ ગુનેહગાર હોય.

મનમ બન્દેએ મોજરેમો શર્મસાર,
તુ સત્તારે એબીઓ આમોર્ઝગાર.

૭૫. હું ગુનેહગાર શરમીંદો બંદો છું, જ્યારે તું ગુનાહ ઉપર ઢાંક પીછોડો કરનાર, અને પાપ માફ કરનાર છે.

બે ઓકબા મરા સર ફરાઝી દેહી,
બે ગીતી હમી બીનેયાઝી દેહી.

૭૬. બીનોઈ દુન્યામાં મને સરફરાઝી આપજે, આ દુન્યામાં મને મોહતાજી વગર રાખજે.

બે દોન્યા દરે ફૈઝ બરમન કોશાય,
બે શોક્રો સેતાયેશ મરા રેહનેમાય.

૭૭. આ દુન્યામાં મારી ઉપર તારી મહેરબાની અને ન્યામતનો દરવાજો ખોલ, તારા શુકરાના અને સેતાયશ કરવાની મને રહેનુમાઇ કર.

તરીકત નવર્ઝમ બેજોઝ બન્દગી,
ગોઝારમ બે રાહત હમા ઝેન્દગી.

૭૮. (કે જેથી કરીને) તારા રસ્તાપર બંદગી અને ફરમાનબરદારી સિવાય હું ચાલું નહિ, અને મારી તમામ જીંદગી, રાહત અને શાંતિમાં ગુજારૂં.

દરે મઅરેફત બર દેલમ બાઝ કુન,
બે સેદ્કો એરાદત મરા સાઝ કુન.

૭૯. તારાં જ્ઞાનનો દરવાજો મારાં હ્રદયમાં ખુલ્લો કર, સચાઇ અને ઇશ્વરભાવથી મને સજેલો કર.

ઝે અક્લો ફેરાસત બર અફરૂઝ જાન,
અતા કુન બેમન સોહબતે આકેલાન.

૮૦. અક્કલ અને ડહાપણથી મારા જાનને ઝળકતો કર, અકકલમંદ માણસોની સોહોબત મને બક્ષ.

દરૂનમ જે આલુદગી પાક દાર,
જે ખૂયે તબેહ દર દેલમ બાક દાર.

૮૧. મારાં અંતઃકરણને અપવિત્રાઇથી પાક રાખ, અને ખરાબ આદતો અને ખાસીયતોનો ડર મારાં હૃદયમાં ઉત્પન્ન કર.

સફાઇ બેદેહ ખાતેરમ રા જે એબ,
જે હેકદો હસદ હમ જે કેબ્રો ફરીબ.

૮૨. મારાં અંતઃકરણને સઘળી એબો, કપટ, ધિક્કાર, અદેખાઈ, મગરૂરી અને ફરેબથી સાફ રાખ.

જે અફઆલો અફકારો ગોફતારે બદ,
નેગેહદાર મારા જે એકામે ખદ.

૮૩. ભુંડાં કામ, ભુંડાં વિચાર અને ભુંડું બોલવાથી, તું રહેમ કરીને હમારો બચાવ કર.

જે હર ગુને ચીજી કે નબ્વદ પસન્દ,
જે મન મી નયાયદ બે મર્દોમ ગઝન્દ.

૮૪. હરેક જાતની નાપસંદ કરવા જેવી ચીજે કરીને મારી તરફથી આદમીઓને નુકસાન અને હાની પહોંચે નહિ, (એવું કર.)

તુ દસ્તો દેલમરાઓ ચશ્મો ઝબાન,
નેગેહ દાર ઝાસીબો એબો ઝિયાન.

૮૫. તું મારા હાથ, દીલ, આંખ, અને ઝબાનને હાણી અયબ, અને નુકસાનથી બચાવજે.

ચે આબો ચે આતશ ચે ખાકો ચે બાદ,
બે પર્હીઝમ ઇનસાન કે દાદી તો દાદ.

૮૬. શું પાણી, શું આતશ, શું ખાક કે શું હવા એ ચારે તત્વને તેં જે રીતે ઇનસાફની રાહે ફરમાવ્યું છે તેમ અપવિત્ર કરતાં સંભાળ રાખું.

બે આઝોર્દને બી ઝબાન જાનવર,
મરા દૂર દારી અયા દાદગર.

૮૭. અએ દાદગર! વાચા વિનાના જાનવરોને દુઃખ દેવાથી મને દૂર રાખજે.

બે નઝદ કેહોમેહ્ તુ અયે બીનિયાઝ,
મરા ખાર-માયેહ્ મદાર અઝ નિયાઝ.

૮૮. અએ તવંગર ખોદા ! નાના અને મોટાઓની આગળ હાજત અને તંગીને લીધે મને તુચ્છ કરતો ના.

હમી આઝરા અઝ દેલમ દૂર દાર,
બે ખોર્સન્દી આઝાદો મસરૂર દાર.

૮૯. મારાં હૃદયમાંથી લોભ દુર રાખ, સંતોષથી મને આપઅખત્યાર અને આનંદી રાખ.

ઝે તન દૂર દારીઅમ આઝારો રન્જ,
કે ઇન નીઝ બસ રાયેગાનીસ્ત ગન્જ.

૯૦. મારાં તનને દુઃખ અને રંજથી દુર રાખ, કે એ (તંદરોસ્ત) શરીર પણ એક ઘેર બેઠાં મળતો ખજાનો છે.

મર્ આન બહ્રે કુશેશ બે રેઝ્કે હલાલ,
બે બખ્શીદી અયે દાવરે બી-હમાલ,

૯૧. અએ બીન હરીફ દાવર, તેં (તંદરોસ્ત શરીર) હલાલ રોજી મેળવવાને માટે, મહેનત અને કોશેશ કરવા માટે બક્ષેલું છે.

કે તા દસ્તરન્જી ફ્રાઝ આયદમ,
ચુ અઝ ખોર્દો પૂશેશ નિયાઝ આયદમ.

૯૨. કે જેથી જ્યારે ખાવાનું અને પહેરવાનું મેળવવાને જરૂર પડે ત્યારે હલાલ મહેનતથી હું પૈસો મેળવું.

તનો જાન બેદારમ બે અમ્નો અમાન,
હમીશે અબા હમસરો બચ્ચેગાન.

૯૩ મારાં તન અને જાનને, મારી ધણીયાણી અને બચ્ચાંઓ સાથે સહી-સલામત રાખજે.

અબા ઐશો રામેશ બેરેઝ્કે હલાલ,
હમી પર્વરાની તુ દર માહો સાલ.

૯૪. મહિનાઓ અને વરસો સુધી તું ખુશી ખુરમીમાં હલાલ રોટીથી મારાં કુટુંબની પરવરેશ કર.

બુવદ એહત્યાજમ જે ફૈઝે તુ બસ,
મબાદા કે હાજત બરમ પીશે કસ,

૯૫. તારીજ બખશેશ અને ન્યામતનો હું મોહતાજ રહું, અને એવું નહિ થાય કે હું કોઇબીની આગળ મારી હાજત લઇ જાઉં.

બે યક કેબ્લેઅમ બસ કે બાશદ નિયાઝ,
દરે દીગરાન કેબ્લેએ મન મસાઝ.

૯૬. મને એકજ કેબલાની (તારીજ) ગરજ પડે (એમ કર.) બીજાઓના દરવાજાને મારો કેબલો કરતો ના. (બીજાઓનો મને મોહતાજ કરતો ના.)

હમી ચશ્મ દારમ બે લોત્ફે તુ બાઝ,
કે બાશમ બે નઝ્દે કસાન બીનિયાઝ.

૯૭. હું તારી મહેરબાની તરફ મારી નજર ઉઘાડી રાખું છું, કે જેથી આદમીઓની નજદીક હું હાજત વગરનો થાઉં.

ન બાશમ બે એહસાને કસ શમસાર
બે એહસાનત, અયે પાક પરવરદેગાર.

૯૮. અએ પાક પરવરદેગાર! તારા એહસાનને બદલે હું બીજા કોઇનાં પણ અહેસાનમાં જઇ શરમીંદો નહિ થાઉં.

હવા ઓ હવસ ખાબો ઘફ્લત જે મન,
મદેહ રાહો બદ ખુઇઓ મક્રો ફન.

૯૯. લોભ, હવસ, ગફલતીની ઉંઘ, બદ ખવાસ, મકર અને દાવપેચને મારાં દિલમાં રાહ આપતો ના.

જે સબ્રો કેનાઅત સબાતી બેજાન,
બે બખશાય અયે ખાલેકે મેહરબાન.

૧૦૦. અએ મહેરબાન, સર્વે પેદા કરનાર ખોદાવદ! ધીરજ અને સંતોષમાં મારા જાનને મજબુતી અને ખંતીલાપણું બક્ષ.

અબા ખુયે નીકુ ઓ બા બોર્દબાર,
બે બીદારીઓ હુશયારી બેદાર.

૧૦૧. નેક ખવાસ અને સહનશિલતા સાથે મને જાગૃતિ અને હુશિયારીમાં રાખ.

બેહર કાર હારમ બેરાહે સવાબ,
તવાઝો તઅન્ની ઓ બા જાહો આબ.

૧૦૨. હરેક કામમાં સવાબને રસ્તે, નમનતાઇ, સબુરી અને ખમવાની શક્તિ, સોભા અને આબરૂ સાથ મને રાખ.

હમીશે બે ઇમાનો અમ્નો અમાન,
બેદારીઅમ્ અઝ ગરદેશે આસમાન.

૧૦૩. હંમેશાં આસમાનની ગીરદેશથી, મારાં ઇમાન સાથે મને સહીસલામત રાખ.

ઝે કજરૂ નેમાયમ રેહે રાસ્તી,
કે તા દૂર બાશમ ઝે હર કાસ્તી.

૧૦૪. આડે રસ્તેથી મને દુર કરી રાસ્ત માર્ગ દેખાડ, કે જેથી હું દરેક નુકસાનથી દુર રહું.

અઝીન વર્તએ વહમો આઝો નિયાઝ,
રેહાઇ દેહ અયે ઇઝદે કારસાઝ.

૧૦૫. અએ સર્વે સરંજામ પહોંચાડનાર ખોદા! શક, લોભ અને મોહતાજપણાનાં તોફાની વંટોળિયામાંથી મને મુક્તિ બખશ.

ઝે ગેર્દાબે એસ્યાન બેરૂન આવરમ,
તેહી કુન ઝે સઉદાએ બાતેલ સરમ.

૧૦૬. ગુનાહના વંટોળિયામાંથી મને બહાર કહાડ, અને મારાં મગજને ખોટા ખયાલોથી ખાલી કર.

ખોદાયા બે પીરી મરા શાદ દાર,
ઝે ગરદેશને અઇયામે નાસાઝગાર.

૧૦૭. અએ ખોદા! મને ઘડપણમાં કોઈ સાથે હળીમળીને નહિ ચાલતા જમાનાની ગેરદેશથી બચાવીને સુખી રાખ.

તને મન દોરોસ્તો દેલમ હુશીયાર,
કે બી ઝઅફો સોસ્તી ઝિયમ ઓસ્તવાર.

૧૦૮. મને તનદરૂસ્તી અને દિલમાં હુશિઆરી બક્ષ કે નબળાઇ અને સુસ્તી વગર હું ઓસ્તવાર જીંદગી ગુજારૂં.

બે નીરૂએ એદ્રાકે હાનન્દેહ કાર,
યકીન રા ઓ ઇમાન તુ હુરજા બેદાર.

૧૦૯. મારાં યકીન અને ઈમાનને કુશળ સમજ શક્તિનાં બળથી કાયમ રાખ.

બે પીરાનેહુ હાજત મદારમ બે કસ,
તુ રૂજી રસાની ઓ ફર્યાદ રસ.

૧૧૦. બુઢાપામાં મને કોઇનો મોહતાજ ના રાખતો, તું મને હરરોજની રોટી પહોંચાડજે, અને મારી દાદ લેજે.

બે હેન્ગામે બસ્તન અઝીન દહ્‌ર રખ્ત,
બર્ આરી બે આસાનિયમ કારે સખ્ત;

૧૧૧. આ દુન્યા છોડી જતી વખતે જાન આપવાનું મારૂં મુશકેલ કામ આસાન કરજે.

કે શાદાન રવમ ઝીન સરાએ દુ દર,
મરા બર ફ્રરાઝી બે મીનૂય સર.

૧૧૨. કે જેથી આ બે દરવાજાવાળી દુન્યામાંથી હું ખુશખુશાલ વિદાય થાઉં, અને મીનોઇ દુન્યામાં મને સરફરાઝી આપજે.

રવાનમ બે નઝ્‌દે નિયાગાન રસાન,
બે મીનૂયે નીકાનો આઝાદેગાન.

૧૧૩. મીનોઇ દુન્યા કે જે નેક અને આઝાદ આદમીઓની જગા છે તેમાં મારાં નેક અને પહરેજગાર નીયાગાનોની નજદીક મારાં રવાનને પહોંચાડજે.

અગરચે ગોનાહાને મન બીમરસ્ત,
વલી બખ્શેશાત ઝીનો આન બરતરસ્ત.

૧૧૪. અગરજો મારા ગુનાહ અસંખ્ય હોય તોપણ તારી મારી અને બક્ષેશ તે કરતાં પણ વધારે છે.

ઝે રેહ્‌મત બે પૂશાન મોકાફાતે મન,
બર્ આવર તુ અઝ લોત્ફ હાજાતે મન.

૧૧૫. મારી કરણીના બદલા ઉપર તારી રહેમનો છાયો ઢાંકજે, તારી માયાથી મારી હાજત બર લાવજે.

દેરખ્તે ઓમીદમ બેરઓમન્દ દાર,
કે ફર્ઝન્દ માનદ ઝે મન યાદગાર.

૧૧૬. મારી ઉમેદનું દરખ્ત આબાદ રાખ, કે જેથી ફરઝંદ મારો પછવાડે મારી યાદગારી રાખવા રહે.

બે તદબીરો દાનેશ ગેરામી બવાદ.
કે નામશ અબા નીકનામી બવાદ.

૧૧૭. તે હુશિયારી અને દાનાઇથી લોકોનો માનીતો થાય, તેનું નામ નેકનામી સાથે જોડાય.

બેરફ્તાર નીકુ બે ગોફ્તાર રાસ્ત,
બેહર કાર બાશદ ચેનાન ચૂન સેઝાસ્ત.

૧૧૮. તે ચાલચલણમાં નેક, તથા બોલવામાં રાસ્ત, અને હરેક કામમાં જેમ જોઇએ તેમ લાયક થાય.

કે ઊ યાદગારી બેમાનદ ઝે મન,
પસન્દીદેહ બાશદ બેહર અન્જોમન.

૧૧૯. તે મારી યાદગારી જાળવે, અને દરેક મજલેસ અને ટોળામાં તે પસંદગી અને ચાહ મેળવે.

હમી હમચેનીન પોશ્ત દર પોશ્તે શાન,
કે રઉશન ચેરાઘમ બુવદ દર જેહાન.

૧૨૦. અને એજ પ્રમાણે પેઢી દર પેઢી ચાલુ રહે, જેથી મારો રોશન ચેરાગ દુન્યામાં જારી રહે.

ચે પયેવન્દો ખીશાનો હમ દૂદમાન,
અબા નીક ખાહાનો હમ દૂસતાન,
એલાહી તુ દર સાયેયે ખીશ દાર,
ઝે આસીબો રન્જે બદે રૂઝગાર.

૧૨૧-૨૨. મારાં સગાંવહાલાંઓ, ખેશીઓ, અને કુટુંબ કબીલા, તેમજ મારૂં ભલું ઇચ્છનાર મિત્રોને, ઓ ખુદા! જમાનાની આફત અને રંજમાંથી તારા છાયામાં રાખ.

બે ઓમ્મીદહા મહ્લૂબે નીકી રસાન,
હમી કદ્દરો એઝ્ઝત બેયફ્ઝાય શાન;

૧૨૩. તેઓની નેક મુરાદ અને ધારણાઓ તેમને પુગાડ, તેઓનો દરજ્જો અને ઇજત વધાર.

કે બા તનદોરોસ્તીઓ ફ્રરખોન્દગી,
ગોઝારન્દ દર રાહે તો ઝેન્દગી.

૧૨૪. કે જેથી તેઓ તંદરોસ્તી અને આબાદી સાથે તારી રાહ ઉપર જીંદગી ગુજારે.

મોરબ્બી કે બર મન બવદ મેહ્રબાન,
ખોદાયા તુ ઊરા બે નીકી રસાન.

૧૨૫. અએ ખોદા! જે મારો મુરબ્બી મારી ઉપર મહેરબાની રાખતો હોય તેને તું નેકી પહોંચાડજે.

બે હર દુ જેહાન સરફ્રરાઝીશ બખ્શ,
હમી રાહતો તનદોરોસ્તીશ બખ્શ,

૧૨૬. બેઉ જેહાનમાં તેને સરફરાજી બક્ષજે, તેમજ તેને રાહત અને તંદરોસ્તી આપજે.

સરન્જામે ઊરા બે નીકી ગુમાર,
બે એક્રામત અયે દાવરે કેર્દેગાર.

૧૨૭. અએ દાદગર દાવર! તારી મહેરબાની અને માયાથી તે મારા મુરબ્બીનું સેવટ નેકી સાથે જોડજે!

મોનાજાત ૬ ઠી (બયતોમાં)

દસ્તુર એરચજી સોહરાબજી મેહરજીરાણાની.

ખોદાયા તુઇ ખાલેકે દો જેહાન,
સેઝાયે સેતાયેશ તુઇ બીગોમાન.

૧. અએ ખુદા! તું બેઉ જેહાનનો પેદા કરનાર છે, ખચીત તું સેતાયશને લાયક છે.

મનમ આસીયે ખાકસારો હકીર,
બે એસ્થાનો તક્સીરહાએ કસીર.

૨. ઘણા ગુનાહ અને તકસીરથી ભરેલો હું ઝલીલ અને કમીનો ગુનેહગાર છું.

બેનાલમ બે દર્ગાહે તુ બા નિયાઝ,
બે માલમ સરો મીકુનમ તુબેહ્ બાઝ.

૩. આજેજીથી તારી દરગાહમાં હું વીલાપ તથા અરજ ગુજારૂં છું. અને મારૂં સર નમાવીને ગુનાહને માટે હું પસ્તાવો કરૂં છું.

અફૂ કુન ગોનાહે મરા અયે ઘફૂર,
બેકુન દરગુઝર હર્ચે બાશદ કોસૂર.

૪. ઓ માફીના બખશનાર સાહેબ! મારો ગુનાહ તું માફ કર; મારી જે કસુર થઇ હોય તે દરગુજર કર!

બેકુન રેહ્મ બર હાલે મન અયે રહીમ,
કરમ કુન બરીન બીનવા અયે કરીમ.

૫. ઓ રહેમ કરનાર સાહેબ! મારી હાલત ઉપર તું દયા કર, ઓ બખશેશ કરનાર સાહેબ! મુજ ગરીબ ઉપર મહેરબાની કર.

બેકુન મેહર બર મન તુ અયે મેહરબાન,
મકુન કહરો અઝ દર્ગેહે ખુદ મરાન.

૬. ઓ મહેરબાન સાહેબ! મારી ઉપર તું રહેમ કર, મારી ઉપર તું ગુસ્સો ના કર, અને મને તારી દરગાહમાંથી હાંકી ના કાઢ.

હમીશે બેફ્યાદે મન ઝૂદ રસ,
કે ઘૈર્ અઝ તો ફ્યાદ-રસ નીસ્ત કસ.

૭. હંમેશાં જલદીથી તું મારી ફર્યાદ સાંભળીને મદદે પહોંચ, કારણકે તું શિવાય મારી દાદ લેનાર કોઈ નથી.

બેજોઝ તુ ગેહી દેલ નબન્દમ બેકસ,
મદદગારો યારમ તુ બાશીઓ બસ.

૮. તારા સિવાય કોઇની ઉપર હું કદી મારૂં દીલ લગાડીશ નહિ; તુંજ મારો મદદગાર અને યાર છે.

તુ રન્જો બલારા ઝે મન દૂર દાર,
ઘમો સખ્તીઓ આફતે રૂઝગાર.

૯. તું રંજ, બલા, ગમ, સખતી, અને જમાનાની આફત મારાથી દૂર રાખ.

ઝે મન દૂર કુન તન્ગીઓ મોફલેસી,
ફરાખી ઝે ગન્જો ઝરમ દેહ બસી.

૧૦. તંગી તથા મુફલેસી મારાથી દૂર કર; પુષ્કળ ગંજ અને દોલત મને આપ.

મરા બીનિયાઝી દેહ અઝ દીગરાન,
બે એહસાને તો દાર દર હર ઝમાન.

૧૧. બીજાઓથી તું મને હાજત વગરનો કર, હંમેશાં મને તારા ઉપકારમાં રાખ.

મગર્દાન બે દરવાઝેએ નાકસાન,
ઝે એહસાને હર મરદોમાનમ રેહાન.

૧૨. નીચ માણસના દરવાજા તરફ મને ના ફેરવ, માણસોના અહેસાનમાં આવતો મને ઉગાર.

ઝે દર્ગાહે તુ હાજતમરા બરઆર,
હમીશે બેકુન દર જેહાન કામગાર.

૧૩. તારી દરગાહમાંથી મારી હાજત બર લાવ; દુન્યામાં હંમેશાં મને આબાદ રાખ.

તુ આસાન બેકુન મોશ્કેલમ હર ઝમાન,
મરા દાર હરદમ બે અમ્નો અમાન.

૧૪ હર વખતે મારી મુશકેલી તું આસાન કર; તું મને હર પળે સહી-સલામત રાખ.

હમીશે બેદાર આબરૂયો હયા,
બે હર દો જેહાન અઝ કરમ અયે ખોદા.

૧૫. ઓ ખોદા! બેઉ જહાનમાં મહેર કરીને મારી લાજ આબરૂ તું સાચવજે.

બે અઇયામે પીરી મરા શાદ દાર,
અબા સેહહતો હર મોરાદમ બરૂઆર.

૧૬. બુઢાપાના વખતમાં મને તંદરોસ્તી સાથે ખુશાલ રાખજે, અને મારી દરેક મુરાદ પાર પાડજે.

કે લોત્ફો કરમ ખાનેઅમ બા અયાલ,
કે હર ચીઝ આબાદ દારો કે માલ.

૧૭. તારી મહેરબાની અને બખશેશથી મારાં કુટુંબ કબીલાને, માલ મીલકતને બીજી દરેક ચીજો સાથે આબાદ રાખજે.

મરા બા ઝનો બચ્ચેઓ દુદમાન,
કે હર ગૂનેહ નીકીઓ રાહત રસાન.

૧૮. મને તેમજ મારાં બઈરી છોકરાં તથા કુટુંબને બધી રીતે તું નેકી તથા રાહત આપજે.

તુ હરૂગેઝ બેસૂયે ગોનાહમ મબીન,
મરા જાઇ દેહ દર બેહેશ્તે બરીન.

૧૯. તું હરગેઝ મારા ગુનાહ તરફ ના જોતો, મને બુલંદ બહેશતમાં જગા આપજે.

હરાન્ચે કુની બહરે મન અયે ખોદા,
દરાનમ હમીશેહ બેબાદા રેઝા.

૨૦. અએ ખોદા! મારે માટે જેબી તું કરે, તે મને હંમેશાં સંતોષથી કબુલ હોજો.

બે હર હાલ શોક્રત કુનમ બારબાર,
તવક્કોલ હમીશે કુનમ એખ્તેયાર.

૨૧. દરેક હાલતમાં હું ફરી ફરી તારા શુકરાના કરૂં, અને હંમેશાં મારી ઉપર જેબી કાંઇ વીતે તેમાં તારી ઉપરનો ઇતબાર પસંદ કરૂં.

ખોદાયા મોનાજાતો ઓઝ્રમ પેઝીર,
બે હર દુ જેહાન શવ મરા દસ્તગીર.

૨૨. અએ ખોદા! આ બંદગી અને આજીજી ભરી અરજ તું કબુલ રાખ. બેઉ જેહાનમાં તું મારો મદદગાર થા.

મોનાજાત ૭ મી (બયતોમાં)

દસ્તુર શેહેમર્દ મલેકશાહની જોડેલી.

એલાહી દેલમરા સફાઇ બેદેહ,
મને બીનવારા નવાઇ બેદેહ.

૧. અએ ખુદા! મારાં દીલને પાકીજગી આપ, મને ગુજરાન વગરનાને ગુજરાન આપ.

બે પયેખુલેએ ઝોલમત ઓફતાદેઅમ,
ઝે શયેતાન બેસદ શોબ્હત ઓફતાદેઅમ.

૨. હું ગફલતના અંધકારના ખુણાંમાં પડેલો છું, શયતાનથી હું એકસો વહેમ અને વસવસામાં પડેલો છું.

ઝે શયેતાન દેલમરા રેહાઇ બેદેહ,
બે રાહે ખુદમ રેહ્નેમાઇ બેદેહ.

૩. શયતાનથી મારાં હૃદયને છુટકો આપ, અને મારા પોતાના માર્ગની રહેનુમાઇ કર.

દરૂજરા ઝે રગહાએ મન દૂર કુન,
દેલો દીદેઅમરા પોરઝ નૂર કુન,

૪. દરૂજને મારી રગોમાંથી દુર કર! મારાં હૃદય અને આંખો નુર ભરેલી કર.

મકુન દીવરા બર તનમ કામગાર,
મરા દસ્તગીરી કુન્ અયે કેરૂદેગાર.

૫. દેવને મારી ઉપર ફતેહમંદ ના કર, અને સર્વે શકિતવાન ખુદા! તું મને મદદ કર.

દેલમરા મદેહ્ રેહ્ સુયે હેર્સો આઝ,
બે લોત્ફો કરમ કારહાયમ બેસાઝ.

૬. મારાં દીલને અદેખાઇ અને લોભ તરફ રાહ ના આપ, તારી માયા અને બખશેશથી મારાં કામ પાર ઉતાર.

તુ જાને મરા મહરમે રાઝ કુન,
દરે ફૈઝ બર્ રૂએ મન બાઝ કુન.

૭. તું મારા જાનને તારા ભેદથી માહેતગાર કર, તારી બેહદ બખશેશનો દરવાજો મારા ચહેરા ઉપર ઉઘાડ.

એલાહી તુ દાની કે બીચારે અમ,
બે દામે દરૂજે સેતમકારે અમ.

૮. અએ ખુદા! તું જાણે છે કે હું લાચાર છું અને જુલમગાર દરૂજના ફાંદામાં છું.

ઝે દામે દદો દીવ બીરૂનમ આર,
કે પરૂવરૂદેગારીઓ આમોર્ઝેગાર.

૯. શીકારી જાનવર અને દેવના ફાંદામાંથી મને બહાર લાવ, કારણકે તું પરવરશી કરનાર અને માફ કરનાર છે.

એલાહી તો આગાહી અઝ કારે મન,
હમા દાની અહ્વાલો એસારે મન.

૧૦. અએ ખોદા! તુને મારાં બધાં કામોની ખબર છે, અને મારા બધા ભેદો અને અહેવાલથી તું વાકેફ છે.

કે દર રાહે દીનત કમર બસ્તેઅમ,
ઓમીદઝ હમા ખલ્ક બોગસસ્તેઅમ.

૧૧. તારી દીનની રાહ ઉપર મેં કમર બાંધી છે, દુન્યાના લોકો તરફની ઉમેદ મેં તજી દીધી છે.

બે તુ દારમ ઓમ્મીદ અયે દાદગર,
કે ઓમ્મીદ મારા રસાની બેસર.

૧૨. અએ દાદગર! હું તારી ઉપર ઉમેદ રાખું છું કે હમારી ઉમેદ તુંજ બર લાવશે.

મોનાજાત ૮ મી (બયતોમાં)

દસ્તુર જામાસ્પજી આશાજીની જોડેલી.

એલાહી સીનેઅમરા પોર સફા કુન;
બેરૂયે દેલ દરે તસ્દીક વા કુન.

૧. અય ખોદા! મારાં અંતઃકરણને સફાઇ ભરેલું કર, સચાઇનો દરવાજો મારા તરફ ઉઘાડો કર.

એલાહી મન્તેકમરા, નૂશ-ઝાઇ,
બે બખ્શીઓ કુની મતલબ રવાઇ.

૨. અયે ખોદા! મારી ઝબાન અને બોલવાની છટાને મીઠાશ બખશ, અને મારી મતલબ પાર ઉતાર.

એલાહી દીદએ નૂરે યકીની,
કરામત કુન બે ઈન જૂયાએ દીની;

૩. અયે ખુદા! આ દીનની જુસ્તેજો કરનારને યકીનનાં નુરથી ભરપુર આંખો બક્ષ.

કે તા દીને બેહીરા ઊ શેનાસદ,
ઝે ગોમરાહીઓ દોરવન્દી હેરાસદ.

૪. કે જેથી તે ભલી દીન પીછાણે, તથા ગુમરાહી અને દરવંદીથી બીહે:

એલાહી બન્દએ મેસ્કીના રીશમ,
હમીશે મોન્ફએલ અઝ કારે ખીશમ.

૫. અયે ખુદા! હું મિસ્કિન દુઃખી બંદો છું, હું મારાં પોતાનાં કામથી હંમેશાં શરમીંદો છું.

હમા કારે મરા પોર કેરૂફે સાઝી,
કે દર દારઇન બેયાબમ સરૂફરાઝી.

૬. મારાં સર્વ કામોને સવાબવાળાં કર, કે જેથી આ અને પેલી બન્ને દુનિયામાં હું સરફરાઝી મેળવું.

એ નૂરે ખુદ બેકુન રઉશન ઝમીરમ,
બેરદ રા સાઝ હરજા દસ્તગીરમ.

૭. તારાં પોતાના નુરથી મારાં મનને રોશન કર, દરેક ઠેકાણે ડહાપણને મારો મદદગાર કર.

એ ખાનો માને મન અઝ પાક-બાઝી,
રેહે દીવો દરૂજ બેરહૂદ સાઝી.

૮. મારાં ઘર અને કુટુંબ કબીલા આગળથી મનની પવિત્રાઇના પ્રતાપથી દેવ દરૂજની રાહ બંધ રાખજે.

ચેનાન દર ચશમે શેહુવત ખાક રીઝી,
કે હરગેઝ નન્ગરદ સૂયમ બે તીઝી.

૯. હવસની ચશમમાં તું એવી રીતે ધુળ છાંટ કે તે હરગેજ મારી તરફ શિતાબીથી આવેજ નહિ.

હવસ અઝ સીનેઅમ પદૃરૂદ ગર્દાન,
મતાએ ખાતેરમ પોર સૂદ ગર્દાન.

૧૦. મારાં હૈયામાંથી હવસને નાબુદ કર, મારાં મગજના ભંડારને ફાયદા ભરેલું કર.

ગેરીબાનમ ઝે દસ્તે દીવે વારૂન,
રેહાનીઆ કુની બખ્તમ હોમાયુન.

૧૧. મારી ગર્દનને ઉંધી ખસલતના દેવોના હાથમાંથી છોડવ, અને મારૂં નસીબ મુબારક કર.

કુની દામાને મન પોર નૂશો નેઅ્મત,
નબાશદ અઝ કસીયમ બારે મેન્નત.

૧૨. મારા ખોળાને સારી સારી ન્યામતોથી ભરેલો કર, કે જેથી કોઇના ઉપકારનો બોજો મારા ઉપર પડે નહિ.

નદામતરા ઝે ઝૈલે મન બેશૂઇ,
બે આબે રેહમતે અબ્રે નેકૂઇ.

૧૩. મારી દામનમાંથી પસ્તાવાને, નેકીના વાદળાંના રહેમના પાણીથી ધોઇ નાખ.

બે મગ્જે મન રસાન બૂયે મહુબ્બત,
કે નબ્વદ હીચ ગેહ ખાલી ઝે રાહત.

૧૪. મારાં મગજમાં (તારી) મોહબતની ખુશબો પહોંચાડ, કે તે (મગજ) કોઇબી વખતે શાંતી અને રાહતથી ખાલી રહે નહિ.

ચેનાન ચશ્મે મરા પોર નૂર સાઝી,
કે હર સૂ નન્ગરદ અઝ રૂયે બાઝી.

૧૬. મારી ચશમને એવી તો નુર ભરેલી કર, કે તે કોઇબી તરફ ઠેકડી અને ચેષ્ટામાં જોય નહિ.

બે ગૂશમ એસ્તેમાએ વસ્ફે ખુદ દેહ,
સમાએ બાતેલ અઝ સમ્અમ બેરૂન નેહ.

૧૬. મારા કાનને તારી સેતાયશ સાંભળનારા કર, મારા કાનમાંથી જુઠું અને બેહુદું સાંભળવું બહાર મુક.

ચેનાન પોર ઝીકે ઝેક્રત કુન ઝબાનરા,
કે નારદ જોઝ સનાએ તુ બયાનરા.

૧૭. મારી ઝબાનને તારી સિફ્ત ગાવામાં એવો શોખ લગાડ, કે તારી સિફ્ત સિવાય તે કશાંનું બ્યાન કરે નહિ.

બે દસ્તમ કારો કેરદારે અશૂઇ,
બેદેહ તા બખ્શદમ બસ સોર્ખરૂઇ.

૧૮. મારા હાથોમાં નેકીનાં કામ આપ, કે જેથી તે મને આબરૂ અને ઇજત બક્ષે

હમીશે પાયે મન બર રાહે ખુદ દાર,
કે નન્માયદ મરા અઝ કજ-રવી ખાર.

૧૯. હંમેશા મારા પગને તારી રાહ ઉપરજ રાખ, કે આડે રસ્તે ચાલવાથી મને કાંટો નહિ વાગે.

એલાહી અઝ હમા અમ્શાસફંદાંન,
તુ બેહ્મનરા બેમન કુન બસ નેગેહબાન;

૨૦. અએ ખોદા! બધા અમશાસ્પંદોમાંથી બેહમન અમશાસ્પંદને મારો નીઘેહબાન કર.

કે દાદમ દર યદશ સર રેશ્તેએ કાર,
કે તા દારદ મરા હમવારે બીદાર.

૨૧. કારણ કે મેં મારાં કામની દોરી તેના (બહમનના) હાથમાં મુકી છે, કે જેથી તે મને હંમેશા બીદાર રાખે.

દરીન ગીતી બેનાઓ નેઅ્મતો કામ,
દેહદ ઓમ્રે મરા નીકૂ સરન્જામ.

૨૨. આ દુનિયામાં તે (બહમન) મને બખશેશ અને ન્યાય આપે તથા મારી ઇચ્છા પાર પાડે અને મારી જીંદગીનું સેવટ સારૂં આપે.

ચુ ઝીન જા જામે ઓમ્રે મન શવદ પોર,
મરા અઝ કેફેં બખ્શદ કીસે પોર દોર.

૨૩. જ્યારે આ દુન્યામાં મારી જીંદગીની જામ ભરાઈ જાય, ત્યારે તે (બહમન) મને સવાબના બદલામાં મોતીથી ભરેલી ઠેલી બખશે.

રવાનમરા ઘની સાઝદ અઝાન ગન્જ,
રેહાનદ અઝ એઝાબો મેહનતો રન્જ.

૨૪. મારાં રવાનને (સવાબના બદલાના) ગંજથી તવંગર કરે, તે મને દુઃખ, મહેનત અને રંજથી છોડવે.

દમે આખેર બે બાલીને મન આયદ,
રવાનમરા રેહે જેન્નત નેમાયદ.

૨૫. મારી જીંદગીની છેલ્લી પળે તે (બહમન) મારા તકીયા આગળ આવે, અને મારાં રવાનને બહેશતનો દરવાજો દેખાડે.

બે બખ્શદ સેહહતે ઇમાન રવાન્રા,
બરદ અઝ કાલેબમ ખુશનૂદ જાન્રા.

૨૬. તે (બહમન) મારાં રવાનને ઇમાનની મજબુતાઇ બખશે, તથા મારાં કાલબુદમાંથી મારા જાનને ખુશનુદ થયલો લઇ જાય.

બરૂ આયદ ચુન ઝે કાલેબ રૂહો જાનમ,
પતેત રૂઝી નેમાયદ બર ઝબાનમ.

૨૭. જ્યારે કાલબુદમાંથી મારૂં રૂહ તથા જાન બહાર આવે ત્યારે મારે ઝબાન ઉપર પતેતનો હિસ્સો તે મને એનાયત કરે.

બેયારદ ફૂશો દાનેશરા બેસૂયમ,
અષેમ સાઝદ રવાન અઝ મૂ બેમૂયમ.

૨૮. તે વખતે તે હોંશ અને અકકલને મારી તરફ લાવે અને બાલે બાલમાંથી "અષેમ" ના કલામ જારી કરે.

બે યોમ્ને આન અષેમ સાઝદ હેલમ શાદ,
રવાનમરા કુનદ્ અઝ કેર્ફે આબાદ.

૨૯. તથા "અષેમ" ના કલામના પ્રતાપથી મારૂં હૃદય ખુશાલ કરે.

સોરૂશે પાકરા હુમરાહ આરદ,
રવાનમરા બે દસ્તે ઊ સેપારદ.

૩૦. પાક સરોષ યઝદને પોતાની સાથે લાવે અને મારાં રવાનને તેના હાથમાં સોંપે.

કે તા સે રૂઝો શબ બાશદ નેગેહુદાર,
નયારદ દીવ બર મન હીચ આઝાર.

૩૧. કે જેથી ત્રણ દિવસ અને રાત તે મારાં રવાનનું રક્ષણ કરે તથા દેવ (બુરી શક્તિઓ) મારી ઉપર કંઇ દુઃખ લાવે નહિ.

બે બામે ચારોમીન તા ચેન્વદે પોલ,
બરદ આસાન બે સાને દસ્તેએ ગોલ.

૩૨. ચોઠા દહાડાની બામદાદે તે ચીનવદ પુલ ઉપરથી ફુલના તોરા માફક મારા આત્માને આસાનીથી લઇ જાય.

બે પીશે મેહુરે દાવર હાલે મારા,
કુનદ રૌશન હુમાન અફ્આલે મારા.

૩૩. મહેર દાવર (ઇનસાફ કરનાર)ની સનમુખ મારી હાલત તથા મારાં સર્વે કામો ખુલ્લાં કરે.

કે ગરચે આજેઝો મેસ્કીનો રીશસ્ત,
પરસ્તારે હુમાન મઅ્બૂદે ખીશસ્ત.

૩૪. (એવું કહીને) કે "જો કે આ ઇનસાન આજેઝ, મિસ્કિન અને જખમી દિલનો છે, તોપણ તે પોતાના ખોદાની પરસ્તેશ કરનારો છે."

બે જોર્મંશ મી રસાન તુ અઝૂવે યઝદાન,
સવાબી દર હેસાબશ દેહ બેદીન્સાન.

૩૫. તેથી તેના ગુનાહોને ખોદાતાલા તરફથી માફી બખશાવ અને આ રીતે (ખોદાતાલાની માફી બખશાવીને) તેની કરણીના હિસાબમાં બદલો બખશ.

કે તા દર બારૂગાહે લાયઝાલી,
ન શર્મન્દે રવદ બા દસ્તે ખાલી.

૩૬. કે જેથી અનંત ખોદાની દરગાહમાં શરમીંદો થઇને ખાલી હાથે તે જાય નહિ.

વઝાન્ જા તા ગેરોસ્માનમ રસાનદ,
બે જન્નત રૈઘને મીનૂ ચશાનદ.

૩૭. અને ત્યાંથી ગરોથમાન બહેશ્ત સુધી તે મને પહોંચાડે અને બહેશ્તમાં મીનોઇ ઘી મને ચખાડે.

રવાનમરા બે દસ્તે હુક સેપારદ,
વઝાન્ પસ દસ્તે ખદ અઝ્ મન બેદારદ.

૩૮. મારાં રવાનને ખોદાના હાથમાં સોંપે અને ત્યાર પછી મારી ઉપરથી પોતાનો હાથ ઉઠાવે.

ખોદાવન્દા બે હક્કે દીને ઝરૂતોશ્ત,
નસાઝી હર્ફે મારા જાયે અન્ગોશ્ત.

૩૯. અએ ખોદા! જરતોસ્તની બરહક દીનને ખાતર મારા હરફ અને કલામો ઉપર કોઇબી નુકતેચીની અને ખામી શોધવાની આંગળી દેખાડે નહિ.

દેલમરા રાસ્તી-અન્દીશેહ ગર્દાન,
દોઆયમરા એજાબત-પીશે ગર્દાન.

૪૦. મારાં હૃદયને રાસ્ત વિચાર કરતું કર, મારી બંદગીને તારાથી માન્ય રાખવા લાયક કર.

ઝે આઘાઝે વોજૂદમ તા બે અન્જામ,
હમા અહવાલે મા કુન ખૂબ-ફર્જામ.

૪૧. મારી હૈયાતીની શરૂઆતથી તે સેવટ સુધીનો મારો તમામ અહેવાલ સારાં સેવટનો બનાવ.

નેગેહુબાનમ બેકુન અમ્શાસપન્દાન,
કે બાશમ રૂઓ શબ શાદાનો ખન્દાન.

૪૨. અમશાસ્પંદોને મારા નેઘેહબાન કર, કે જેથી રાત દિવસ હું ખુશાલ તથા હસતા ચહેરાનો રહું.

ખોદાયા દુસતાનમ શાદ દારી,
હમે ઘમહાયે શાન બરબાદ દારી.

૪૩. ઓ ખોદા ! મારા દોસ્તોને ખુશાલ રાખ, તેઓના સર્વે ગમનો નાશ કર.

નેકૂ-રેહ દોશમનાનમરા નેમાઇ,
કે શાન દારંદ બામા દેલ-સફાઇ.

૪૪. મારા દુશ્મનોને પણ નેક રાહ દેખાડ કે જેથી તેઓ મારા તરફ સાફ દીલ રાખે.

મરા દેહ દાયેમન આન અર્જમન્દી,
કે ગરદદ મોશ્કેકમ બખ્તે બલન્દી.

૪૫. મને હમેશ સુધી તે દરજ્જો અને લાયકાત આપ, કે જેથી બુલંદ નસીબો મારો મહેરબાન મિત્ર થાય.

બે જૂયમ દર જેહાન ખુશનૂદીયે તુ,
બે ગૂયમ દાયેમન મઅ્બૂદીયે તુ.

૪૬. હું આ દુન્યામાં તારી ખુશનુદી શોધું, (તથા) હમેશાં તારી ખોદાઇની ભકિત કરૂં.

ચેનાન કુંકે તોઅમ મુનેસ નેમાઇ,
કે હર જા સાઝદમ મોશ્કેલ-ગોશાઇ.

૪૬. તારાં વખાણ અને યાદને તું એવી રીતે મારા મિત્ર કર કે દરેક જગાએ તે મારી મુશકેલી દૂર કરે.

મોનાજાત ૯ મી (બયતોમાં)

દસ્તુર દારાબ પાહાલનની બનાવેલી, હર વેળાએ યઝદાંતાલાના શોકાના ગુજારવા બાબતની.

સેપાસત સદ હઝારાન અયે ખોદાયા,
બેદીને મઝદિયસ્નની રેહુનેમાયા.

૧. અએ માઝદયસ્ની દીન તરફ રહેનુમાઇ કરનારા ખોદા! હું તારા હજારો હજાર શુકાના કરૂં છું.

નમૂદી દીન ફેરેસ્તાદી તુ ઝરતોશત,
સલામે મન બરૂ બર આલશો પોશત.

૨. તેં દીન દેખાડી અને જરથોશતને તેંજ મોકલ્યો, જરથોશત ઉપર તેમજ તેની આલ ઓલાદ ઉપર દુવા સલામ હોજો!

બેદીને બેહ તુ ખુદ કર્દી સેરેશતમ,
હુમાન દાદી તુ ઓમ્મીદ બેહેશતમ.

૩. તેજ ભલી દીનમાં તેં મને જન્મ આપ્યો, તેમજ તેં મને બહેશતની ઉમેદ આપી.

સેપાસે તુ કે હર મુઇ ફેઝુનસ્ત,
ઝબાન ગર સદ બુવદ ઝાન હમ બોરૂનસ્ત;

૪. તારી સેપાસ ગુજારી દરેક બાલ કરતાં પણ વધારે છે, અગર જો હું એકસો ઝબાન ધરાવતે તોપણ તારી સેપાસગુજારી થઈ શકતે નહિ.

કે જાન દાદીઓ રૂઝી હમ નેહીદી,
બે સદ લેઝઝત તો નેઅ્મત આફરીદી.

૫. કે તેં મને જાન બખશાયો, અને વળી દરરોજની રોજી પણ આપી, તેં સો લહેજત સાથની ન્યામતો પેદા કીધી.

બે હર યક દાને સદ શોકત ગુઝારમ,
કે ફૈઝે તુ હમી ઓમ્મીદવારમ,

૬. તેં આપેલા અનાજના દરેક દાણા માટે હું તારા સો શુકાના કરૂં છું, હું તારી બખશેશ માટે ઉમેદવાર છું.

સેપાસ્ અઝ જાન સેપાસ્ અઝ જાન સેપાસત,
હુઝારાંન હમ્દ અઝ હદ બીરુયાસત.

૭. હું દીલોજાનથી તારા શુકરાના કરૂં છું, હજારો હજાર બેશુમાર તારી સેપાસ ગુજારી કરૂં છું.

હમી ખાહમ કે તુ અયે પાક યઝદાન,
કે અઝ મોઝદે સેપાસે તુ બે ગેહાન,
મરા અઝ કૂદકી તા હમ જવાની,
અઝીન હમ તા બે પીરી ઝેન્દગાની,
બે ફરૂખ નેઅમતે ખુદ બોગઝરાની,
બે ઓમ્રા દૌલતો હમ કામરાની.

૮-૯-૧૦. અએ પાક યઝદાન! હું તારાથી એ ખાહેશ રાખું છું કે તારી સેપાસ ગુજારીના બદલામાં તું મને બચપણથી તે જુવાની સુધી, અને જુવાનીથી તે બુઢાપા સુધી મારી જીંદગી તારી મુબારક ન્યામતો સાથે તેમજ લાંબી ઉમર તથા દોલત અને આબાદી સાથે પસાર કરાવે.

બોસુસ દમન ગેહે પીરી તુ દારી,
બે ફર્ઝન્દો ઝનમ બખ્શી તુ યારી.

૧૧. ખાસ કરીને બુઢાપાના વખતમાં તું મને સલામત રાખે, તથા મારાં બૈરી છોકરાંને યારી બક્ષે.

અઝાન ગૂયમ સેપાસે તુ મન્ અઝ જાન,
બે ઓમ્મીદી કે બખ્શીઅમ ગોરોસ્માન.

૧૨. દીલોજાનથી હું તારી સેપાસ ગુજારી કરૂં છું, એવી ઉમેદથી કે તું મને ગરોથમાન બહેસ્ત આપે.

મોનાજાત ૧૦ મી (બયતોમાં)

દસ્તુર શાપુરજી માણેકજી સનજાણાની.

ખોદાવન્દા ઓમીદમરા રવા કુન.
મરા બર દીને ઝરતોશત આશના કુન.

૧. અએ ખોદા! મારી ઉમેદ પાર પાડ, અને જરથોશ્તી દીનથી મને પુરેપુરો માહીતગાર કર.

ખોદાવન્દા ઘરીબો નાતવાનમ,
બે કુન રેહમત અબર રૂહો રવાનમ.

૨. અએ ખોદા! હું ગરીબ અને નાતવાન છું, મારાં રૂહ તથા રવાન ઉપર રહેમ કર.

ખોદાવન્દા ચુ હસ્તમ બસ ગોનેહકાર,
મરા અઝ દસ્તે અહરીમન નેગેહદાર.

૩. અએ ખોદા! હું તો પુર ગુનેહગાર છું, તેથી એહેરેમનના હાથથી મારૂં રક્ષણ કર.

ખોદાયા બીનવાયમ રૂઝીહા બખ્શ,
ઝે હેકમતહાએ ખુદ તનરા સફા બખ્શ.

૪. અએ ખોદા! હું ગુજરાનનાં સાધણ વગરનો છું, માટે મને દરરોજની રોજી આપ, તારાં ડહાપણથી મારાં તનને પાકીજગી બખ્શ.

ખોદાયા, કેરૂદેગારા, પાક-દીના,
હમીશે રૂહો જાનમરા નગીના,

૫. અએ પાક દીનના પેદા કરનાર ખોદા! અને અએ હંમેશાં મારાં રૂહ તથા જાનને એક અમુલ્ય નંગ જેવા!

મનમ મેસ્કીન તુઇ પરૂવરદેગારા,
નેકૂ દીનરા તુ કર્દી આશકારા.

૬. હું મિસ્કિન છું, તું પરવરશી કરનાર છે, ભલી દીનને તેંજ આશકારા કીધી.

બે હર હાલત તુરા ખાનમ હમીશેહ,
મરા હર જા બેદારી રાસ્ત પીશેહ.

૭. દરેક સ્થિતિમાં હંમેશાં હું તુંનેજ યાદ કરીશ અને બોલાવીશ, મને દરેક જગાએ સાચો અને એકમાર્ગી રાખ.

દરીન દોન્યા શુદમ નાચારો પોર ગમ,
કે ફઝ્લે ખુદ મરા કુન શાદો ખોર્રમ.

૮. આ દુન્યામાં હું લાચાર તથા ગમથી ભરપુર છું, તારી મહેરબાનીથી મને ખુશાલ તથા ખુશી રાખ.

બે દર્ગાહત બેનાલમ મન શબો રૂઝ,
મોરાદે મન રસાન અયે પાકો પીરૂઝ.

૯. રાત દિવસ હું તારીજ દરગાહમાં આજીજીથી વિલાપ કરૂં છું, માટે અએ પાક ફતેહમંદ દાદાર! મારી મુરાદ પાર પાડ!

કે વારૂનીએ દીવાન દૂર દારી,
કે મન અહરીમના રન્જુર દારી.

૧૦ દેવોનું ઉંધાપણું તથા આડે રસ્તે દોરવવું મારાથી દુર રાખ, મારાથી અહેરેમનને દુઃખી અને કંટાળેલો રાખ.

કે અઝ બાદે સમૂમો અઝ ખેઝાની,
નરીઝાની ઝે મન બર્ગે જવાની.

૧૧. હાણીકારક ગરમ પવન તેમજ પાનખર રૂતુના પવનથી મારી જીંદગીનાં પાંદડાંને ખેરવી નાખતો ના.

કુની મઅ્મૂર અઝ બાદે અશૂધ,
કઝાન ખોર્રમ શવમ બા સોર્ખરૂધ.

૧૨. અશોઇના પવનથી મને ભરપુર કરજે, કે જેથી હું સુર્ખરૂ ચહેરા (આબરૂ) સાથે ખુશાલ થાઉં.

કે નઝ્દમ દૂર સાઝી હાસેદાનરા,
રસાની પીશે પાકાન અયે ખોદાયા.

૧૩. અએ ખોદા! અદેખાઓને મારી નજદીકથી દુર રાખ, તથા અશો લોકની નજદીક મને પહોંચાડ!

દરીન ગીતી મરા મશ્હૂર સાઝી,
બે જેન્નત બર રવાનમ કુન નવાઝી.

૧૪. આ દુન્યામાં મને નામાંકિત કર, તથા મારાં રવાંન ઉપર બહેશતની નવાજેશ કર.

બે દર્ગાહત કુનમ્ અયે હક મોનાજાત,
કોબૂલશ કુન તુ અયે કાઝીએ હાજાત.

૧૫ અએ ખોદા! હું તારી દરગાહમાં બંદગી ગુજારૂં તે, અય લોકોની સઘળી હાજત પુરી પાડનાર સાહેબ! તું કબુલ રાખ.

મોનાજાત ૧૧ મી (બયતોમાં)

દસ્તુર જરતોશ્ત બેહેરામની બનાવેલી.

અયા દાદારે ગેહાન, પાકો બીદાર,
તુઈ દાનાઓ બીના, રાદો બેસ્યાર.

૧. અએ દુન્યાના પેદા કરનાર પાક અને બીદાર સાહેબ! તું દાનાવ, દીર્ઘ દ્રષ્ટિવાળો, તથા ઘણોજ ઉદાર છે.

તુઇ શાહી કે મોલ્કત બીઝવાલસ્ત,
તુઇ દાના કે એલ્મત બર કમાલસ્ત.

૨. તુંજ એવો પાદશાહ છે, કે તારી પાદશાહી નહિ નાશ પામે એવી છે, તુંજ એવો દાનાવ છે, કે તારૂં જ્ઞાન તદન સંપુર્ણ છે.

તુઇ કાદેર કે બી તુ કોદ્રતી નીસ્ત,
તુઇ હાકેમ બરીન બર શોબ્હતી નીસ્ત.

૩. તુંજ સર્વ શકિતવાન છે, કારણકે તારા વગર શકિત જેવું બીજું કશું નથી; તું બુલંદ રાજ કરનાર છે, તે વિષે કાંઈ શક જેવું નથી.

યગાને પાકો કાદેર પાદેશાહી,
દેહુમ બર કોદ્રતો એલ્મત ગવાહી.

૪. તુંજ એકલો પાક, સર્વ શકિતવાન પાદશાહ છે, તારી સર્વ શકિત તથા એલમની હું ગવાહી આપું છું.

મનમ મેસ્કીન તુઇ દાદારે યઝદાન,
તુઇ દાના મનમ દેલ-કૂરે નાદાન.

૫. હું મિસ્કિન છું, તું ઇનસાફ કરનાર યજદતાલા છે; તું દાનાવ છે, હું નાદાન આંધળાં દીલનો છું.

કુનમ ખોસ્તૂ બે પાકીઓ ખુદાઇત,
નદારમ કાર બા ચૂનો ચેરાઇત.

૬. તારી પાકીજગી તથા ખોદાઈ દાવો હું કબુલ રાખું છું, તારા ગુણ અને ખાસીયતના ભેદ સમજવાની બેઅદબી સાથે મને કાંઈ કામ નથી.

બે બખ્શાયમ કે હસ્તમ બસ ગોનેહકાર.
ઝે મન પૂઝેશ પેઝીર અયે પાક દાદાર.

૭. અએ પાક પેદા કરનાર! મારા ગુનાહ માફ કર, કારણકે હું તદન ગુનેહગાર છુ, અને મારી માફી તું કબુલ રાખ.

મુનાજાત ૧૨ મી (બયતોમાં.)

દસ્તુર જરતોશ્ત બેહેરામની બનાવેલી.

મન એમરૂઝ ખાહમ મદદ ઝાન ખોદા,
કે ઊ હસ્તો બૂદો બુવદ દાયેમા.

૧. હું આજે તે ખોદા તરફથી મદદ ચાહું છું, કે જે હંમેશાં છે, હતો અને રહેશે.

ખોદાવન્દે દાનાઓ પરૂવરૂદેગાર,
તવાનાઓ દારન્દઓ કેરૂદેગાર.

૨. તે દાનાવ, પરવરશી કરનાર, સર્વ શકિતવાન, સાંભળનાર ખોદા છે.

ખોદાવન્દે હફ્ત આસમાનો ઝમીન,
બરારનદેએ અર્શો ચર્ખે બરીન.

૩. તે સાત આસમાન તથા જમીનનો માલીક છે, તે સૌથી બુલંદ બહેશ્ત, તથા બુલંદ આકાશને હસ્તીમાં લાવનાર છે.

ખોદાવન્દે અક્લો ખોદાવન્દે જાન,
ફારૂઝન્દેએ ગૂને ગૂન અખ્તરાન.

૪. તે અકકલનો અને જાનનો માલીક છે, તે તરેહવાર સેતારાઓને રોશન કરનાર છે.

ખોદાવન્દે બખ્શન્દેઓ દાદગર,
જે બખ્શાયશે ઊ બેમા બર અસર.

૫. તે ગુનાહ માફ કરનાર ઇનસાફી ખુદા છે, જેની મહેરબાની અને બખશેશની અસર આપણા ઉપર છે.

કે ઊ દાદ માન અક્લો હૂશો ખેરદ,
કે તા બાઝ દાનીમ અઝાન નીકો બદ.

૬. કારણકે તેણે આપણને અકકલ, હોશ, તથા ડહાપણ આપ્યાં કે જેથી આપણે નેકી અને બદીને બરાબર પીછાણીએ.

અઝાન પાક યઝુદાન બેખાહુમ મોરાદ,
બરાવર ખોદાયા, દેલમ કુન તુ શાદ.

૭. તે પાક યઝદાં પાસેથી હું મુરાદ માગું છું તે અય ખુદા! તું બર લાવ તથા મારાં દીલને ખુશી કર!

બરત આશકારાસ્ત રાઝે દેલમ,
રસાન આન સરન્જામો હર મોશ્કેલમ.

૮. મારાં દીલનો ભેદ તુંને જાહેર છે, તેને તેમજ મારી દરેક મુશકેલીને સરંજામ ઉતા .

મોનાજાત ૧૩ મી (બયતોમાં).

દસ્તુર જરતોશ્ત બેહેરાંમની જોડેલી.

બે હસ્તીઅત ખોદાયા બીગોમાનમ,
બે દીને ઝરતોશ્તે એસ્ફન્તમાનમ.

૧. અએ ખુદા! તારી હસ્તીને માટે હું બીગુમાન છું, અને સ્પીતમાન જરથોશ્તની દીન પ્રમાણે ચાલનારો છું.

મરા બાદા બેહેશત્ અઝ શૌકે નામશ,
ખોદાયા રૂઝીએ મા કુન મોકામશ.

૨. તેનાં નામની મારી ફીદાગીરીથી મને બહેશ્ત હોજો! અએ ખુદા! તેનું મુકામ હમારૂં નસીબ અને રોજી કર.

ખોદાવન્દા ચેનીન જાયો ચેનીન કામ,
કુની તુ રૂઝીએ ઇન બન્દે માદામ.

૩. ઓ ખુદાતાલા, આવો દરજ્જો (જરથોસ્ત સાહેબ આગળ મુકામ) અને આવી મારી ઈચ્છાને હંમેશાં આ બંદાનું નસીબ કર.

ખોનોક્ આન કસ કે દર દીન અર્જમન્દસ્ત,
કઝીન સાન જાયેગાહે ઉ બલન્દસ્ત.

૪. સુખી તે શખ્સ છે, જે દીનમાં ચઢીયાતા દરજાજાનો છે, કે આ રીતે તેનું મુકામ અને દરજ્જો બુલંદ હોય છે.

સેપાસ્ ઇઝદ કે દારમ દીને યઝદાન,
મનમ બેહ્દીન, નયમ દોરવન્દે નાદાન.

૫. ખોદાના શુક્રાના! કે હું યઝદાનની દીન ધરાઉં છું, હું ભલી દીન પાળનાર છું, હું અભણ દરવંદ નથી.

સેપાસ્ ઇઝદ કે રાહે રાસ્ત બેન્મૂદ,
ઝે જાને મા કજીઓ કાસ્ત ફેર્સૂદ.

૬. ખોદાના શુક્રાનાં કે તેણે સીધો માર્ગ દેખાડયો, અને આપણા જાનમાંથી લુચ્ચાઇ અને જુઠાંપણું દુર કીધું.

સેપાસ્ અઝ તુ ખોદાયા બીશોમારાન,
ફ્રોઝૂન્ અઝ રીગો બર્ગો કત્રે બારાન;

૭. ઓ ખોદા! હું તારા શુક્રાના રેતી, પાંદડાં અને વરસાદના કત્રાથી પણ જ્યાદા અને બેશુમાર કરૂં છું.

કે બેન્મૂદી બેમા રાહે બેહીન દીન,
ફેરેસ્તાદી અશો ઝર્તોશ્તે બેહ્દીન.

૮. કે સૌથી ભલી દીનની રાહ તેં હમને દેખડાવી તથા ભલી દીનવાળા અશો જરતોસ્તને મોકલ્યો.

કે રન્જે દુઝખો સખ્તીએ નાકામ,
નેગેહદારી ખોદાયમ તા બે અન્જામ.

૯ અએ ખુદા ! દોજખથી તથા નહિ ઇચ્છવા જોગ સખ્તીના રંજથી, મને સેવટ સુધી સંભાળજે.

કે રાહે દીવો એહરીમન કુનમ દૂર,
બરફૂરૂઝ અઝ રહે દીન દર દેલમ નૂર.

૧૦. દેવ તથા એહરેમનના રાહથી તું મને દુર કર, ભલી દીનથી મારાં હૃદયમાં નુર રોશન કર.

ગનામીનો શેકસ્તો ઝદ કે મન બાદ,
શેકસ્તે દીવો ફોજે અહરેમન બાદ.

૧૧. મારી આગળથી ગનામીનો શેકસ્ત પામેલો તથા મારેલો થજો, દેવ તથા અહેરેમનનું લશ્કર હારેલું થજો.

કે મન દર દીનો દોન્યા બાદ મકસૂદ,
ખુદા અમ્શાસ્ફંદાંન જોમ્લે ખુશનૂદ.

૧૨. દીન તથા દુન્યામાં મારી ધારેલી મકસદ પાર પરો, તું ખોદા પોતે અને બધા અમશાસ્પંદો મારાથી ખુશનુદ હોજો.

હમા કેરદારે મન યશ્તો યઝેશ બાદ,
હમા નીકીઓ રાદી હમ કુનેશ બાદ.

૧૩. મારી તમામ રીતભાત યશ્ત પઢવાની અને ઇજશનેનીજ હોજો ! મારાં તમામ કામો નેકી અને સખાવતનાંજ હોજો !

મબાદા કારે મન જોઝ કેર્ફે હમવાર,
કે કેરદારમ શવદ ખુશનૂદ દાદાર.

૧૪. એવું નહિ થાય કે હમેશાં મારાં કામ સવાબ શિવાય બીજાં કોઇ હોય, કે જેથી દાદાર અહુરમજદ મારી રીતભાતથી ખુશનુદ થાય.

બે ગીતી દર નેકૂઇ દાર રાહમ,
બે મીનૂ બાશ હમ પોશતો પનાહમ.

૧૫. આ દુન્યામાં મને નેકીના રાહ ઉપર રાખ અને મીનોઇ દુન્યામાં પણ તુ મારો મદદગાર થા અને પનાહ આપ.

બવમ તા દર જેહાન અયે પાક યઝદાન,
દેલો દીનો રવાનમ પાક ગર્દાન.

૧૬. અએ પાક ખોદા! જ્યાં સુધી હું આ દુન્યામાં હોઉં ત્યાં સુધી મારૂં અંતઃકરણ, દીન તથા રવાન પાક રાખજે.

હમીશે દૂર દાર અઝ હર ગોનાહમ,
સુયે નીકીઓ દીન બેન્માય રાહમ.

૧૭. હમેશાં મને દરેક ગુનાહથી દુર રાખજે, નેકી તથા દીન તરફ મને રસ્તો બતાવજે.

હમા કારમ નેકૂ બાદો 'અશોઇ,'
હમા દૂર અઝ બદીઓ 'આશમોઇ'.

૧૮. મારાં દરેક કામ ભલાં અને અશો હોજો, મારાં દરેક કામ બદીથી તથા આશમોગી (ઠગાઇ, નાપાકી)થી દૂર હોજો.

બે ગીતી ખૂબ ગર્દાન ફેહમો વીરમ,
બે મીનૂ બાશ યારો દસ્તગીરમ.

૧૯. આ દુન્યામાં મારી સમજશકિત તથા યાદદાસ્ત શકિત ઉત્તમ કરજે, મિનોઇ દુન્યામાં મારો મિત્ર તથા મદદગાર થજે.

ઝે દીન બાદા રવાનમ શાદો ખન્દાન,
ઝે મન ખુશ્નૂદ બાદ અમ્શાસ્ફંદાન.

૨૦. (જરતોસ્તી) દીનથી મારૂં રવાન ખુશાલ તથા આનંદી હોજો! અમશાસ્પંદો મારાથી ખુશનુદ થજો!

ખોદાયા ઝેન્દે તા મન દર જેહાનમ,
ઝે બદહા દૂર કુન દેલ બા ઝબાનમ.

૨૧. અએ ખુદા! જ્યાં સુધી આ દુન્યામાં હું જીવતો રહું ત્યાં સુધી બદીઓથી મારાં અંતઃકરણ તથા ઝબાનને દુર કરજે.

હમીશ કેર્દેઓ નીકીઓ રાદી,
ઝે મન બાદો, બેકામમ બાદ શાદી.

૨૨. હમેશાં મારાથી સવાબનાં કામો, નેકી તથા સખાવત હોજો, મારી ઇચ્છા મુજબ મને સુખ મળજો.

બે ગાહે દર્ ગુઝશ્તન ઝીન જેહાનમ,
અશેમ વોહૂ રવાન કુન બર ઝબાનમ.

૨૩. આ દુન્યામાંથી કુચ કરવાને વખતે મારી ઝબાન ઉપર "અષેમ વોહુ"ના કલામો જારી રાખજે.

ચુ બાહુમ રફ્તન બીરુન મન ઝે ગીતી,
રવાન કુન બર ઝબાને મન પતેતી.

૨૪. આ દુન્યામાંથી હું બહાર જાઉં (છોડી જાઉં) ત્યારે મારી ઝબાન ઉપર પતેત જારી કરજે.

રવાન્ અઝ તન ચુ બરદારી ઓ મીરમ,
સોરૂશે પાક ગરદાન દસ્તગીરમ.

૨૫. જ્યારે મારાં તનમાંથી જીવ તું ઉપર લઇ લે, અને હું ગુજરી જાઉં ત્યારે પાક સરોશને મારો મદદગાર કરજે.

ફરૂહર જોમ્લે બા અમ્શાસપન્દાન,
પનાહુમ સાઝો બેરૂહાન અઝ દમન્દાન.

૨૬. તમામ ફરોહરોને અમશાસ્પંદો સાથે મારૂં રક્ષણ કરનારા કરજે અને દોઝખથી મારો છુટકારો કરજે.

સોરૂશે પાકરા ફરમાય દાદાર,
કે તા બાશદ રવાનમરા નેગેહદાર.

૨૭. અએ દાદાર! પાક સરોશને ફરમાવજે કે તે મારાં રવાનનો નેગેહદાર થાય.

ચુ દાયેહ્ બર મન ઊરા મેહરબાન કુન,
રવાનમરા હમીશે પાસબાન કુન.

૨૮. એક (બચ્ચાંને ધવાડનાર) દાયાની માફક તેને મારા ઉપર માયા રાખનાર અને મારાં રવાનની હમેશાં પાસબાની કરનાર કરજે.

મોનાજાત ૧૪ મી (બયતોમાં)

દસ્તુર જરતોશ્ત બેહેરામની જોડેલી.

મોરાદ દેલ બેખાહમ ઝાન 'ગરેગર,'
કે ઊ હસ્તઝ હમા આઅ્‌લાઓ બરૂતર.

૧. તે અહુરમઝદ તરફથી હું દીલની મુરાદ ચાહું છું કે જે સઘળાઓ કરતાં બુલંદ અને વધારે ચઢિયાતો છે.

ખોદાવન્દી કે બીચૂનો-ચેગૂનસ્ત,
ખોદાવન્દી કે બીમેસ્લો નમૂનસ્ત.

૨. તે ખુદા છે કે જેની બરોબર કોઇ નથી, તે ખુદા કે જે બે-મીસાલ અને બે-નમુનાનો છે.

ખોદાવન્દી કે પાકો વીઝેહ્‌ નૂરસ્ત,
ખોદાવન્દી કે અઝ હર ઝોલ્મ દૂરસ્ત.

૩. તે ખુદા છે કે જે પાક અને સ્વચ્છ નુર ધરાવે છે, તે ખુદા કે જે દરેક જુલમથી દુર છે.

ખોદાવન્દી કે દોન્યા આફરીદસ્ત,
ખોદાવન્દી કે આલમ પરૂવરીદસ્ત.

૪. તે ખુદા છે કે જેણે દુન્યા પેદા કીધી છે, તે ખુદા છે કે જે દુન્યાની સંભાળ કરનારો છે.

ખોદાવન્દી કે મારા રૂહો દીન દાદ,
ખોદાવન્દી કે અક્‌લે દૂર-બીન દાદ.

૫. તે ખુદા કે જેણે આપણને આતમા તથા દીન આપ્યાં, તે ખુદા છે કે જેણે દિર્ઘદ્રષ્ટિવાળી અકકલ આપી.

ખોદાવન્દી કે ગરૂદૂન કર્દ ગર્દાન,
ખોદાવન્દી કે ફર્દસ્ત ઊ ઝે ફર્દાન.

૬. તે ખુદા છે કે જેણે આકાશને ફરતું કીધું, તે ખુદા છે કે જે બીન-હરીફ એકજ છે.

ખોદાવન્દી કે ગરદૂનરા રવેશ દાદ,
ખોદાવન્દી કે મારા પરૂવરેશ દાદ.

૭. તે ખુદા! કે જેણે આકાશને ગતી આપી, તે ખુદા છે કે જેણે આપણને પોષણ આપ્યું.

ખોદાવન્દી કે કામશ રાસ્તી અસ્ત,
ખોદાવન્દી કે દૂર અઝ કાસ્તી અસ્ત.

૮. તે ખુદા! છે કે જેની ઈચ્છા સચાઇ છે, ખુદા તે છે કે જે જુઠાઈથી દુર છે.

ખોદાવન્દી કે વસ્ફશ નાપદીદસ્ત,
ખોદાવન્દી કે મુશકેલરા કેલીદસ્ત.

૯. તે ખુદા! છે કે જેની તારીફ અણદીઠ છે, તે ખુદા છે કે જે મુશ્કેલીની ચાવી છે.

ખોદાવન્દી કે એન્આમશ ઝે હદ બીશ,
ખોદાવન્દી કે અન્જામશ ન દર પીશ.

૧૦. તે ખુદા! છે કે જે હદથી વધારે બદલો આપનાર છે, તે ખુદા છે કે જેનું સેવટજ નથી.

ખોદાવન્દી કે ઝાતશ બીકોસ્તૂફસ્ત,
ખોદાવન્દી કે નૂરશ બીખોસ્તૂફસ્ત.

૧૧. તે ખુદા! છે કે જેની ખાસીયત અને અંશ કમી થાય તેવું નથી, તે ખુદા છે કે જેનું નુર ચાંદની માફક કમી થતું નથી.

ખોદાવન્દી કે નોહ એવાન બરૂઆવર્દ,
ખોદાવન્દી કે ફર્શે ખાક ગોસ્તર્દ.

૧૨. તે ખુદા! છે કે જેણે નવ આસમાન બનાવ્યાં, તે ખુદા છે કે જેણે જમીનનો ગાલીચો બીછાવ્યો.

બર એવાન્હા મોનવ્વર કર્દ અન્જોમ,
ચુ બર્ મર્ઝશ મોસવ્વર કર્દ મરૂદોમ.

૧૩. જ્યારે જમીન ઉપર માણસોનો ચિતાર બનાવ્યો, ત્યારે તેણે આસમાનમાં તારાઓ પ્રકાશતા કીધા!

ખોદાવન્દી કે રાદ્દો કારસાઝસ્ત,
ખોદાવન્દી કે પાકો બીનિયાઝસ્ત.

૧૪. તે ખુદા છે કે જે સખી તથા કુનેહથી કામ પાર ઉતારનાર છે, તે ખુદા છે કે જે પાક છે અને જેને કોઇની મદદ જોઇતી નથી.

ખોદાવન્દી કે હર ચીઝશ બેફરૂમાન,
ખોદાવન્દી કે બર હર દર્દ દરૂમાન.

૧૫. તે ખુદા છે કે જેની દરેક ચીજ તેનાં ફરમાન પ્રમાણે ચાલે છે, તે ખુદા છે કે જે દરેક દરદ ઉપર દવા અને ઇલાજ સમાન છે.

ખોદાવન્દી કે મારા કર્દ મૌજૂદ,
ખોદાવન્દી કે સાઝદ જોમ્લે મક્સુદ.

૧૬. તે ખુદા છે કે જેણે આપણને પેદા કીધા, તે ખુદા છે કે જે તમામ ધારેલું પાર પાડે છે.

ખોદાવન્દી કે અખ્તરહા બેયફરૂખ્ત,
જે સેદ્દકે ખુદ બેએન્સાન હક દરામુખ્ત.

૧૭. તે ખુદા છે કે જેણે તારાઓ રોશન કીધા, જેણે પોતાની રાસ્તીથી ઇનસાનને સચાઇ શિખવી.

ખોદાવન્દી કે જાનરા કર્દ બીદાર,
ખોદાવન્દી કે દેલરા કર્દ હુશ્યાર.

૧૮. તે ખુદા છે કે જેણે જાનને બીદાર કીધાં, તે ખુદા છે કે જેણે હૃદયને સાવધ અને હુશિયાર કીધું.

ખોદાવન્દી કે ગર્દૂન દર સોજૂદશ,
ખોદાવન્દી કે નતવાની સોતૂદશ.

૧૯. તે ખુદા છે કે જેણે આસમાનને તેનો સેજદો કરતું કીધું, તે ખુદા છે કે જેની તારીફ થઇ શકતી નથી.

ખોદાવન્દી કે જોઝ નીકી નખાહદ,
ખોદાવન્દી કે હર બદરા બેકાહદ.

૨૦. તે ખુદા છે કે જે નેકી સિવાય કંઇ પસંદ કરતો નથી, તે ખુદા છે કે જે દરેક બદીને નાબુદ કરે છે.

ખોદાવન્દી કે આરાયદ બહારાન,
બ ફર્માનશ બેબારદ ઝબ્ર બારાન.

૨૧. તે ખુદા છે કે જે વસંત રૂતુને શણગારે છે, અને જેનાં ફરમાનથી વરસાદ વાદળાંમાંથી વરસે છે.

ખોદાવન્દી કે સાઝદ હરૂચે બેહતર,
રસાનદ આદમીરા આનચે દરૂખર.

૨૨. તે ખુદા છે કે જે વધારે સારૂં હોય છે તે કરે છે, અને આદમીને માટે જે લાયક હોય તે પહોંચાડે છે.

ખોદાવન્દી કે મેસ્લે ખીશ ફકત ઊસ્ત,
નયાબી નીઝ દીગર મેસ્લશ અયે દૂસ્ત.

૨૩. તે ખુદા છે કે જેની મીસાલનો તે પોતેજ છે; અએ દોસ્ત, તેની મીસાલનો વળી બીજો કોઇ તને મળનાર નથી.

હમા રાઝે દેલમ યઝૂદાન બેદાની,
બેમન રૈઝે ખુદા રૂઝી રસાની.

૨૪. અએ ખુદા! મારાં દીલનો તમામ ભેદ તું જાણે છે, મારી ઉપર તારી બક્ષેશ કર, અને મને દરરોજની રોજી પહોંચાડ.

મોનાજાત ૧૫ મી (બયતોમાં)

દસ્તુર દારાબ હોરમજદિયારની.

બેનામે ખોદા ઇઝદે રેહનમૂન,
કે ગેતી બે પા કર્દ અઝ કાફો નૂન.

૧. રહેનુમાઇ કરનાર સાહેબ ખોદાતાલાનાં નામથી આ બંદગી હું શરૂ કરૂં છું કે જેણે 'કાફ' અને 'નુન' (યાને "કુન" એ એકજ શબ્દ)થી આ દુન્યાને પેદા કીધી.

ખોદાવન્દે અકલો ખોદાવન્દે રાય,
ખોદાવન્દે ગન્જો ખોદાવન્દે જાય.

૨. અકકલનો, વિચાર શક્તિનો, ગંજનો, દરજ્જાનો અને બહોળી જગ્યાનો માલેક છે.

ખોદાવન્દે અદ્‌લો ખોદાવન્દે દાદ,
ખોદાવન્દે નીરૂ ખોદાવન્દે રાદ.

૩. જે ઇનસાફ અને અદલનો, કૌવતનો અને સખાવતનો માલેક છે.

ખોદાવન્દે અર્શો ખોદાવન્દે ગાહ,
ખોદાવન્દે મેહ્‌રો ખોદાવન્દે માહ.

૪. સૌથી બુલંદ બહેશ્તનો, પાદશાહી તખ્તનો, આફતાબ અને માહતાબનો માલેક છે.

ખોદાવન્દે નાહીદો બેહ્‌રામો તીર,
ખોદાવન્દે જૌઝાઓ કૈવાને પીર.

૫. જે શુક્ર, મંગળ, અને બુધ સેતારાનો, તેમજ મિથુન રાશી અને પુરાણા શનીશ્ચર સેતારાનો માલેક છે.

ખોદાવન્દે ફર્શો ખોદાવન્દે જાન,
ખોદાવન્દે હફ્ત આસમાનો જેહાન.

૬. જે બહોળી દુન્યાની સપાટીનો તેમજ આપણા જાનનો અને સાતે આસ્માનનો તથા જહાનનો માલેક છે.

ખોદાવન્દે અર્ઝો હુમા અખ્તરાન,
ખોદાવન્દે બખ્શન્દેઓ મેહ્‌રબાન.

૭. જે પૃથ્વીનો તથા તમામ સેતારાનો માલેક છે, અને જે માફી બક્ષનારો દયાળુ ખોદા છે.

ખોદાવન્દે ફીરૂઝીઓ દાદગર,
ખોદાવન્દે પાકીઓ ફૂરો હોનર.

૮. જે ફત્તેહનો માલેક અને ઇનસાફ કરનાર સાહેબ છે; વળી પાકીજગી કૌવત તથા હુન્નરનો તે માલેક છે.

ખોદાવન્દે કોરૂસીઓ લૌહો કલમ,
કે હમદર્દે ખલ્કરત દર રન્જો ઘમ.

૯. તે (નવમાં બહેશ્તનાં) તખ્તનો, કલમ અને તખ્તીનો (જેની ઉપર તમામ સૃષ્ટિની સરજત લખાયલી છે તેનો) માલેક છે, જે લોકોનાં દુઃખ અને ગમમાં ભાગ લે છે, અને દીલસોજી ધરાવે છે.

ખોદાવન્દે અમ્શાસ્પન્દો બેહેશ્ત,
ખોદાઇ કે દૂર અઝ બદો કારે ઝેશ્ત.

૧૦. જે અમશાસ્પંદ તથા બહેશ્તનો માલેક છે, તે ખોદા કે જે ભુંડા અને ખરાબ કામોથી દુર છે.

ખોદાઇ કે પાકસ્તો બા દાદો રાય,
રહીમો ખતા બખ્શો મોશ્કેલ ગોશાય.

૧૧. જે ખોદા પવિત્ર છે, તેમજ ઇનસાફ અને ડહાપણ સાથનો છે, વળી તે દયાળુ તથા ગુનાહ માફ કરનાર તથા મુશકેલી હટાડનાર છે.

ખોદાઇ કે ઊ પાકો વીઝસ્તો નૂર,
ખોદાઇ કે અઝ હર બદો ઝોલ્મ દૂર.

૧૨. જે ખોદા પાક ચોખ્ખું નુર ધરાવે છે, જે ખોદા દરેક બદી તથા ઝુલમથી દુર છે.

ખોદાઇ કે બા રાયે ખુદ કાર-સાઝ,
ખુરદ ઘમ જેહાનરાઓ ખુદ બીનિયાઝ.

૧૩. જે ખોદા પોતાનાં ડહાપણથી કામ ફતેહમંદ પાર ઉતારનાર છે, જે સઘળી દુન્યાનો ગમ ખાય છે, પણ તે સાહેબ પોતે તો હાજત વગરનો છે.

ખોદાઇ કે વસ્ફશ બુવદ નાપદીદ,
ખોદાઇ કે હર મોશ્કેલીરા કેલીદ.

૧૪. તે ખોદા કે જેની વખાણ અણદીઠ છે (યાને તેની વખાણ આપણાથી થઇ શકિત નથી), તે ખોદા કે જે દરેક મુશકેલીની ચાવી છે.

ખોદાઇ કે બર હર કસી મેહેરબાન,
અઝીમો શરીફસ્તો રૂઝી રસાન.

૧૫. તે ખોદા છે કે જે દરેક શખ્સ ઉપર મહેરબાન છે, અને જે મહાન બુલંદ અને દરરોજની રોજી પહોંચાડનાર છે.

ખોદાઇ કે ગરદૂનુશ અન્દર સોજૂદ,
ખોદાઇ કે નત્વાની ઊરા સોતૂદ.

૧૬. તે ખોદા કે જેને આસ્માન સેજદો કરે છે, તે ખોદા કે જેની તારીફ થઇ શકતી નથી.

ખોદાઇ કે ઊ ખાલેકે કાયેનાત,
ચુ એન્સો દદો મઅ્દનીઓ નબાત.

૧૭. તે ખોદા કે જે (પેદાયશનો) પેદા કરનાર છે, જેવાં કે માણુસ, પશુ, ખણીજ પદાર્થો અને ઝાડપાનો.

ખોદાઇ કે મોલ્કશ અબદ બીઝવાલ,
નબાશદ બે જોઝ નીકુઇઅશ ખયાલ.

૧૮. તે ખોદા કે જેની પાદશાહી નહીં નાશ પામે એવી છે, અને જેને નેકી સિવાય કશાંનો ખ્યાલ આવતો નથી.

ખોદાઇ કે કામશ અબદ રાસ્તી,
ખોદાઇ કે દૂરસ્ત અઝ કાસ્તી.

૧૯. તે ખોદા કે જેની ઇચ્છા સચ્ચાઇ છે, તે ખોદા કે જે જુઠાઇથી દુર છે.

ખોદાઇ કે બર ખલ્ક ફ્ર્યાદ રસ.
નમાનદ બેદૂ કસ ન ઊ ખુદ બેકસ.

૨૦ તે ખોદા કે જે લોકોની દાદ લેનાર છે, જેને મળતો કોઈ પણ માનવી હોતો નથી, અને જે પોતે કોઇ પણ માનવી જેવો નથી.

ખોદાઇ કે હસ્ત ઊ બસીરો હકીમ,
કદીમો કરીમો રહીમો અલીમ.

૨૧. તે ખોદા કે જે દિર્ઘદ્રષ્ટિવાળો તથા ડહાપણવાળો છે, તે શરૂઆત કે છેડા વગરનો, સખી, દયાળુ તથા સઘળું જાણનાર છે.

ખોદાઇ કે ઊ રાઝેકે કાયેનાત,
ઝે સન્ગ આફ્રીદસ્ત આબે હયાત.

૨૨. તે ખોદા કે જે દુન્યાને રોજી પહોંચાડનારો છે, અને જેણે પત્થરમાંથી અમર્ગી બખશનારો ઝરો પેદા કીધો છે.

ખોદાઇ કે અફ્રુખ્તે અસ્ત અખ્તરાન,
કે બેહ્રેહ્ બે મર્દોમ રસાનન્દ શાન.

૨૩. તે ખોદા કે જેણે સેતારાઓને પ્રકાશતા કીધા છે, કે તેઓ પોતાનો હિસ્સો (રોશની) માણસોને પહોંચાડે.

ખોદાઇ કે અઝ આતેશો આબો સન્ગ,
ફેરેશ્તેહ્ હમા ઉરવશાન રન્ગ રન્ગ.

૨૪. તે ખોદા કે જેણે આતશ (સુરજની રોશની), પાણી, તથા પત્થરમાંથી તમામ જાતના રંગબેરંગી ઝાડપાનો પેદા કીધાં.

ખોદાઇ કે ઊરા બે હન્ગામે કાર,
કસી દર્ખુરશ નીસ્ત અમ્બાઝો યાર.

૨૫. તે ખોદા કે જેને કામની વખતે કોઈ સાથી કે મદદગારની જરૂર પડતી નથી.

ખોદાઇ કે હર મોશ્કેલીરા કેલીદ,
ઝે કાફો ઝે નૂન કર્દ ગીતી પદીદ.

૨૬. તે ખોદા કે જે દરેક મુશકેલીની ચાવી છે, અને જેણે "કાફ" અને "નુન" (યાને "કુન" શબ્દથી) આ દુન્યા પેદા કીધી.

ખોદાઇ કે બીમેસ્લો સાનો નઝીર,
નેકૂઇસ્ત હમ્વારેઅશ દર ખમીર.

૨૭. તે ખોદા કે જેની મીસાલ કે બરોબરીઓ કે હરીફ કોઇ નથી, અને જેની ખાસીયતમાં હંમેશાં નેકી છે.

ખોદાઇ કે દીન દાદો હમ રોઝ્કો જાન,
ફેરેશ્તેહ્ બેયક લહ્ઝે હર દુ જેહાન.

૨૮. તે ખોદા કે જેણે દીન, રજકરોઝ, અને જાન બક્ષ્યાં, અને જેણે એક પળમાં બન્ને જહાંન પેદા કીધી.

ખોદાઇ કે દર નૂરે ખુદ હસ્ત ઘર્ક,
કઝ અમ્રશ જેહદ બીપરોપાય બર્ક.

૨૯. તે ખોદા કે જે પોતાના નુરમાં ગરકાવ છે, અને તેનાં ફરમાનથી વિજળી પાંખ કે પગ વગર ચમકે છે.

નબીનદ કસશ સૂરતો રન્ગો ફામ,
ન નીઝ્ ઇન ફેરેશ્તેહ્ સીઓસે તમામ.

૩૦. કોઇ માણસ તો નહિ, પણ પુરેપુરા તેત્રીસ ફરેશ્તાઓમાંથી પણ કોઇ પણ તેની સુરત, આકાર કે રંગને જોઇ શકતા નથી.

ખોદાઇ કે નામશ હુઝારો યકસ્ત.
ચુ હર નામ ખાની શવી ચીરેહ્-દસ્ત.

૩૧. તે ખોદા જેનાં એક હજારને એક નામ છે, અને જો તું (ભણનાર) દરેક નામ ભણશે તો દરેક કામમાં ફત્તેહમંદ થશે.

શબો રૂઝ કુન ઝેકે નામે ખોદાય,
કે હાસેલ કુની ઝાન તુ હર દુ સરાય.

૩૨. રાત દિવસ ખોદાનાં નામને યાદ કર, કે જેથી તું બન્ને દુન્યા હાંસલ કરે.

અઝીન ઝેકે નામે ખોદાવન્દેગાર,
શવદ હલ હમા મોશ્કેલો સખ્ત કાર.

૩૩. ખોદાનાં નામની યાદ કરવાથી તમામ મુશ્કેલીઓ તથા અઘડું કામ પાર પડશે.

હકા રાઝેકા કાદેરા દાદગર,
તુઇ ખાલેકે જોમ્લેગાન સરબેસર.

૩૪. અએ સૃષ્ટિને નિભાવનાર, સર્વ શક્તિમાન, ઇનસાફી ખોદા! તું તમામ એક છેડાથી તે બીજા છેડા સુધી દરેક ચીજનો પેદા કરનાર છે.

મોનાજાત ૧૭ મી (બયતોમાં)

બેહેદીન મુલ્લા રૂસ્તમ બિન એસફંદીઆરની બનાવેલી.

યા એલાહી રૂઝીઅમ અફ્ઝાયો તોફીકમ બેદેહ,
અઝ મકાસેદ આન્ચે બાશદ લાયેકમ આનમ બેદેહ.

૧. અએ મારા ખોદા! મારી દરરોજની રોઝીમાં વધારો કર, મારા ઉપર (તારી) મહેરબાની ઉતાર, મારી ધારણાઓમાં જે લાયક હોય તે મને બક્ષ.

ઊ બવદ યક્તાઓ બીહમ્તા ખોદાએ કેર્ફેગર,
રાદો ફીરૂઝી દેહન્દઓ કરીમો રાહબર.

૨. તે સવાબકાર ખોદા એકજ છે, તેની મીસાલ કોઈ નથી, તે ઉદાર, ફત્તેહમંદી બક્ષનારો, અને સખી રાહબર છે.

કેરૂદેગારે અર્શો કુર્શો કોરસીઓ લૌહો કલમ.
કેરૂદેગારે ઇન્સો જેન્સ અઝ રૂએ અવ્વલ તા અદમ.

૩. સૌથી બુલંદ આસ્માન, દુનિયાની સપાટી, (નવમાં બહેશ્તનું) તખ્ત, તખ્તી અને કલમનો પેદા કરનાર છેઃ તે સૃષ્ટિની શરૂઆતથી આખર સુધીના સઘળાં આદમી અને સર્વે ચીજોનો પેદા કરનાર છે.

કેરૂદેગારે બીઝવાલો કેરૂદેગારે ઝુલ્‌જલાલ,
કેરૂદેગારી કાફ્રીદેહ્ રૂઝો શબ બા માહો સાલ.

૪. તે નાશ તથા ફના નહિં પામે એવો તેમજ કીર્તિવંત પેદા કરનાર છે, તે પેદા કરનાર કે જેણુ દહાડો રાત, તે સાથે મહિના અને વરસ પેદા કીધાં.

કેરૂદેગારે અવ્વલીનો કેરૂદેગારે આખેરીન,
કેરૂદેગારે જોમ્લે મખ્લૂકાતે પહ્‌નાવર ઝમીન.

૫. તે શરૂઆતનો પેદા કરનાર અને આખર અંજામનો પેદા કરનાર છે, વળી બહોળી જમીનવાળી દુનિયાની તમામ ચીજોનો પેદા કરનાર પણ છે.

કેરૂદેગારે મીનુઆનો કેરૂદેગારે આન સરાય,
કેરૂદેગારે બીનઝીરો કેરૂદેગારે પાક રાય.

૬. તે મિનોઈ શક્તિઓનો અને મિનોઇ દુન્યાનો પેદા કરનાર છે; તે બીન-હરીફ સરજનાર અને પાક ડહાપણવાળો પેદા કરનાર છે.

કેરૂદેગારે જોમ્લેએ અમશાસ્પન્દાનો બેહેશ્ત,
કેરૂદેગારી કૂ બવદ દૂર અઝ બદીઓ કારે ઝેશ્ત.

૭. તે સઘળા અમશાસ્પંદો તથા બહેસ્તનો પેદા કરનાર છે, તે સરજનાર જે બદી તથા ભુડાં કામથી દુર છે.

કેરૂદારે ચર્ખે ગર્દાન કેરૂદેગારે આસમાન,
કેરૂદેગારે માહો ખોરશીદો દારોખ્શાન અખ્તરાન.

૮. તે ફરતાં આકાશનો અને આસ્માનનો પેદા કરનાર છે, તે માહબોખ્તાર, અને ખોરશેદ, તથા પ્રકાશિત તારાઓનો પેદા કરનાર છે.

કેરૂદેગારે કમ-પેઝીરો અઝ કરમ બેસ્યાર-બખ્શ,
કેરૂદેગારે અર્શો સકફે સેદ્દરેએ બેસ્યાર નકશ.

૯. તે થોડામાંજ આજીજી અને વિનંતિ કબુલ રાખનાર અને પોતાની ઉદારતાથી બેહદ માફી બક્ષનાર છે; તે ઉંચામાં ઉંચા અને સરોષ ચઝદના મિનોઇ રહેઠાણના તરેહ તરેહથી શણગારેલાં છાપરાંને પેદા કરનાર છે.

કેરૂદેગારે બન્દેગાનો કેરૂદેગારે મીનુઆન,
કેરૂદેગારે જોમ્લે હયવાનાતો મોર્ઘાન દર જેહાન.

૧૦. તે બંદાઓને અને મિનોઇ શકિતનો પેદા કરનાર છે, તે દુન્યામાં તમામ પશુ પક્ષીઓનો પેદા કરનાર છે.

કેરૂદેગારે આતશો આબો ઝમીનો કૂહો સન્ગ,
કેરૂદેગારે ઉરૂવરાને ગૂનેગૂને રન્ગ રન્ગ.

૧૧. આતશ, પાણી, જમીન, પહાડ, અને પત્થરનો પેદા કરનાર છે, તે તહરેવાર રંગના ઝાડપાનનો પેદા કરનાર છે.

કેરૂદેગારી કીન હમે અઝ કોદ્દરતે ખુદ્દ આફરીદ,
કેરૂદેગારી કૂ બુવદ હર બન્દે મોશ્કેલરા કેલીદ.

૧૨. તે પેદા કરનાર છે કે જેણે આ સર્વે પોતાની શકિતથી પેદા કીધું; તે પેદા કરનાર, કે જે દરેક ગુચવણ ભરેલી મુશ્કેલીની ચાવી છે.

કેરૂદેગારે વીઝેહનૂરો કેરૂદેગારે કારસાઝ,
કેરૂદેગારે બન્દે-પરૂવર કેરૂદેગારે બીનિયાઝ.

૧૩. તે પાક નુરનો, અને કુનેહથી કામ પાર ઉતારનાર પેદા કરનારો છે, તે બંદાઓની પરવરશી કરનાર, સરજનાર છે, જેને કોઇની ગરજ યા મદદની જરૂર નથી.

કેરૂદેગારે કારદાનો કેરૂદેગારે પીશબીન,
કેરૂદેગારે કેર્ફેકારો કેરૂદેગારે પાક દીન.

૧૪. તે પોતાનું કામ જાણનાર અને ડહાપણવાળો, અગમચેતીની બક્ષેશ પામેલો પેદા કરનારો છે; તે સવાબકાર કામ કરનાર અને પાક દીનનો પેદા કરનારો છે.

કેરૂદેગારી કશ નબાશદ મેસ્લો માનન્દો નઝીર,
કેરૂદેગારી કશ બવદ નીકીઓ પાકી દર ઝમીર.

૧૫. તે પેદા કરનાર કે જેની મીસાલનો કે બરોબરિયો કોઇ નથી; તે પેદા કરનાર કે જેના અંશ અને ખાસિયતમાં નેકી તથા પાકીજગી છે.

કેરૂદેગારે દાનેશો ફહમો વકૂફો અક્લો હૂશ,
કેરૂદેગારે રેઝ્ક-બખ્શો કેરૂદેગારે સત્રપૂશ.

૧૬. તે ડહાપણ, સમજશકિત, જ્ઞાન, અક્કલ અને હોંશનો પેદા કરનાર છે, તે રોજીરઝક બક્ષનારો અને દરેક ગુનાહ અને ચયબ ઢાંકનારો છે.

કેરૂદેગારી કઝ વય્ આમદ ઇન હુમા ચીઝે નેક,
કેરૂદેગારે નીકખાહો કેરૂદેગારે રાસ્તગુ.

૧૭. તે પેદા કરનાર કે જેનાથી આ સર્વે ભલી ચીજો હસ્તીમાં આવી, તે ભલું ચાહનારો અને રાસ્ત બોલનારો સાહેબ છે.

કેરૂદેગારે હર નિહાનો કેરૂદેગારે આશકાર,
કેરૂદેગારે દસ્તગીરે મર્દોમે નાચારો ખાર.

૧૮. તે દરેક ચીજો જે ગુપ્ત અને જાહેર છે, તેનો પેદા કરનારો છે, તે લાચાર કંગાળ માણસોને મદદ કરનારો સાહેબ છે.

કેરૂદેગારી કૂ નમીખાહદ બદી અઝ હીચ તૌર,
કેરૂદેગારી આન્કે દૂરસ્ત અઝ બદીઓ ઝોલ્મો જૌર.

૧૯. તે પેદા કરનાર કે જે કોઇબી રવેશે બદી પસંદ કરતો નથી, તે પેદા કરનાર કે જે બદી તથા જોર જુલમથી દુર છે.

કેરૂદેગારી આન્કે કામશ રાસતી બાશદ મોદામ,
કેરૂદેગારી કૂ દેહદ બદ્કારરા દૂઝખ મોકામ.

૨૦. તે પેદા કરનાર કે જેની ઇચ્છા હંમેશાં સચાઇ હોય છે, તે પેદા કરનાર કે જે બદકાર લોકોને દોજખનું મુકામ આપે છે.

કેરૂદેગારી આન્કે જોઝ નીકી નખાહદ હીચ ચીઝ,
કેરૂદેગારી આન્કે નીકાનરા હમી દારદ અઝીઝ.

૨૧. તે પેદા કરનાર કે જે નેકી સિવાય કશું પસંદ કરતો નથી, તે પેદા કરનાર કે જે નેક માણસોની ઉપર વહાલ રાખે છે.

કેરૂદેગારી આન્કે પયેદા કર્દ મારા દર જેહાંન,
કેરૂદેગારી આન્કે અક્લો દીનો રૂઝી દાદો જાન.

૨૨. તે પેદા કરનાર કે જેણે આપણને આ દુન્યામાં પેદા કીધા, તે પેદા કરનાર કે જેણે અકકલ, દીન, દરરોજની રોજી તથા જાન આપણને બક્ષ્યાં.

કેરૂદેગારી આન્કે બાશદ લોત્ફો એક્રામશ બસી,
કેરૂદેગારી આન્કે નેત્વાનદ સેતાઇદશ કસી.

૨૩. તે પેદા કરનાર કે જેની માયા મહેરબાની પુષ્કળ છે, તે પેદા કરનાર કે જેની (પુરેપુરી) તારીફ કોઇ કરી શકતું નથી.

કેરૂદેગારી આન્કે નામે ઊ યકીઓ યક હઝાર,
બા હરાન નામશ કે ખાની આન હમી આયદ બેકાર.

૨૪. તે પેદા કરનાર કે જેનાં એક હજાર ને એક નામો છે, દરેક નામ તું ભાંણું તે તને ઉપયોગી થઇ પડે છે.

યા ખોદા ગર્દાન રવા હર હાજતો મુશ્કેલ ગોશા,
સુદ બખ્શ અન્દર હમા કારો નેકૂઇ બસ નમા.

૨૫. અએ ખોદા! મારી હરેક હાજત ટાળ, તથા મુશકેલી દુર કર, દરેક કામમાં મને ફાયદો બક્ષ, તથા મને નેકીનો રસ્તો દેખાડ.

મોનાજાત ૧૭ મી (બયતોમાં)

દસ્તુર જમશેદજી જામાસપજીની બનાવેલી.

નામે ઇઝદ હર્કે દર કારી બેરાનદ બર ઝબાન,
એન્સેરામે આન બેનીકૂઇ રસાનદ ઘેબદાન.

૧. જે કોઇ દરેક કામમાં ખોદાનું નામ ઝબાન ઉપર લે છે, તે સઘળી ગેબી ચીજ જાણનાર ખોદા નેકીથી સરંજામ ઉતારે છે.

નામે પાકશ હરકે શાઅદ વેર્દ ઊ યાબદ નેજાત,
નામશ અઝ મકબૂલે હક મૌસૂફ બાશદ દર જેહાત.

૨. જે કોઇને તેનું પાક નામ લેવાની દરરોજની આદત પડે છે, તેને દોજખથી મુકિત મળે છે, તથા તેનું નામ દરેક દીશામાં 'ખોદાની પસંદગીવાળા બંદા' તરીકે જાણીતું થાય છે.

નામે શીરીનશ બરારદ કામે નાકામાન બ દહેર,
હમચુ હલ્વા નૂશ સાઅદ ગર્ચે બાશદ સેર્ફ ઝહેર.

૩. તેનું મધુરૂં નામ દુન્યામાં નાઉમેદ થયલાઓની ઇચ્છા બર લાવે છે, નિર્મળ ઝેર પણ હોય તો તેનું નામ તેને મીઠાઇ માફક મીઠું બનાવે છે.

પાક હસ્તો પાક બાશદ, પાક આમદ અઝ અઝલ,
હરકે પાકશ ખાન્દ પાક આમદ ઝે પાકીએ અમલ.

૪. તે પાક છે તથા તે પાક રહેશે, તથા શરૂઆત વગરની હંમેશગીથી તે પાક હતો, જે કોઇએ તેને પાક કહયો અને જાણ્યો, તે આદમી એમ કહેવાનાં પવિત્ર કામથી પોતે પાક બન્યો.

દર સેતૂદન મી નગોન્જદ ઝાતે પાકે આન ખોદા,
અઝ અદાલત હસ્ત યકસાન નઝ્દે ઊ શાહો ગદા.

૫. તે ખોદાનો પાક અંશ સ્તુતી અને વખાણમાં સમાતો નથી, તેના અદલ ઇનસાફ આગળ શાહ તથા ફકીર એક સરખા છે.

નીકિયશ મન્ઝુર બાશદ વઝ બદી બાશદ નફૂર,
નીક બુદો, નીક હસ્તો, નીક બાશદ આન ઘયૂર.

૬. નેકી તેને માનિતી અને વહાલી છે, અને બદીથી તેને ધિક્કાર અને કંટાળો છે, નેકી બદીની બાબતમાં કાળજી રાખનારો ખુદા નેક છે, નેક હતો અને નેક રહેશે.

ઝાતે પાકે આન ખોદાવન્દસ્ત નૂરે બરતરીન,
ફાશ ગશતેહ નામે નામીઅશ 'અલાહુલ આલમીન.'

૭. તે પાક ખુદાવંદનો અંશ બુલંદમાં બુલંદ નુર છે, તેનું નામીચું નામ "બેઉ દુન્યાનો સાહેબ" કરીને મશહુર થયલું છે.

પાકરા બાશદ મોઆવેન, પાકરા બાશદ કરીન,
પાકીઅશ બર જાય દારદ બી સોતુન ચર્ખે બરીન.

૮. પવિત્ર માણસોનો તે મદદગાર છે, પવિત્ર માણસોનો તે સાથી છે; તેની પાકીજગીથી બુલંદ આકાશ વગર થાંભલાએ તેની જગ્યાએ રહે છે.

હરદુ આલમ આફરીદ અઝ કોદરતો મૌજૂદ કર્દ,
વઝ એબાદતહાએ ખુદ અઝ બન્દેગાન મકસૂદ કર્દ.

૯. પોતાની શકિતથી બેઉ દુન્યા પેદા કીધી, અને તેને હૈયાતી ભોગવતી કીધી, અને બંદાઓ તેની ભકિત કરે એવી ઇચ્છા દેખાડી.

દાવરાન દાવર કે ઊ અઝ મેહરબાની યાવરસ્ત,
નામે પાકશ ઝીન જેહત દર પેહલવાની ખાવરસ્ત.

૧૦. તે ઇનસારીઓમાં ઇનસાફી છે કે જે મહેરબાનીથી મદદ કરે છે, તે કારણને લીધે તેનું પવિત્ર નામ પહેલવી ભાષામાં "ખાવર" યાને બરદાસ્ત કરનાર સાહેબ છે.

દસ્તગીરે આજેઝાન, સર-કૂબે મઘરૂરાન બે અદૂલ,
અઝ ગોનેહ હર કસ કે તુબેહ કર્દ બખ્શાયદ બે ફૂઝૂલ.

૧૧. તે નાચાર લોકોનો મદદગાર છે, અને મગરૂર લોકોને પોતાના ઇનસાફથી તોડનાર અને જેર કરનાર છે; જે કોઈ પોતાના ગુનાહની તોબા કરે છે, તેના ગુનાહ ઉદારપણે માફ કરે છે.

બન્દગી ખાહદ ઝે બન્દે સરબેસર અફગન્દગી,
ગર નબાશદ સરબેસર અફગન્દગી, શરમન્દગી.

૧૨. તે બંદાઓ તરફથી બંદગી અને પુરેપુરી નમનતાઇ ચાહે છે, જો તેઓ સઘળા નમનતાઇ નહિ કરે, તો તેમને શરમીન્દગીજ પહોંચે છે.

બીન્ જનીન્ દર્ બત્ને માદર પર્વરદ બી રેઝ્ક દહેર,
શુદ તવલ્લોદ બચ્ચે અઝ માદર ઝે શીરશ દાદ બ્હેર.

૧૩. તું (ભણનાર) જો, કે (તે દાદાર) માયનાં પેટમાં હમેલની પોષણ વગર પરવરશી કરે છે, જ્યારે બાળક માયનાં પેટમાથી જન્મ પામે છે, ત્યારે તેને માયનું દુધ આપે છે.

ઝાહેરો બાતેન શેનાસદ ઘૈબદાનીઅશ બેબીન,
બીશ બખ્શદ કમ પઝીરદ, મેહરબાનીઅશ બેબીન.

૧૪. તું (ભણનાર) જો કે તેનું ગેબી જ્ઞાન જાહેર તથા બાતેનની વાત જાણે છે, તે પુષ્કળ માફી બક્ષનાર અને થોડામાં આજીજી અને વિનંતી કબુલ રાખનાર છે, એ તેની મહેરબાની જો.

નૂરે ઊ નૂરોન-અલા-નૂર આમદ અઝ નૂરે મલક,
ઝર્રેઇ તાબીદ અઝ નૂરશ બે ખુરશીદે ફલક.

૧૫. તેનું નુર, ફરેસ્તાનાં નુર કરતાં પણ શ્રેષ્ટ નુર છે, આકાશમાંનો સુર્ય તેનાં નુરની એક રજકણમાંથી પ્રકાશે છે.

દર રેહે પાકશ બે પાકી નેહ શોમોર્દેહ તુ કદમ,
વર બેનાપાકી નેહી ફીલફૌર ગર્દી કબ્લ અદમ.

૧૬. તેના પવિત્રાઇના રસ્તા ઉપર પાકીજગીથી તું ગણત્રી કરીને (સંભાળીને) કદમ મુક; અગરજો તું નાપાકીમાં કદમ મેળશે તો તું તરતજ એક હસ્તી વગરનો જેવો થઈ પડશે (યાને નાશ પામશે.)

બારગાહશ લાયઝાલો દાનેશે ઊ બા કમાલ,
યાબદ ઊ ખુદ રા બેખુદ અઝ કેબ્રિયાએ ઝુલ્જલાલ.

૧૭. તેની દરબાર હંમેશની અને પડતી વગરની છે, તથા તેનું જ્ઞાન સંપુર્ણ છે, દબદબા ભરેલી મોટાઇમાં તે પોતાને એકલોજ જોય છે.

કર્દ અવ્વલ બેહમનો અર્દીબેહેશ્તો શેહરીવર,
હાફેઝાને ગૂસપન્દો આતેશો નૂરીઓ ઝર.

૧૮. પહેલાં તેણે બહમન, અરદીબહેશત, અને શેહરેવરને પેદા કીધા, કે જેઓ ગોસ્પંદ, નુરી આતશ, અને ધાતુના રક્ષક છે.

ઝાન પસ અસ્પન્દારમદ ખોર્દાદો મોર્દાદ આમદેહ,
બર ઝમીનો આબો ઉર્વર પાસ-દારાન ઇન હમેહ.

૧૯. ત્યાર પછી અસપંદારમદ, ખોરદાદ અને અમરદાદ આવ્યા, જે બધા જમીન અને પાણી તથા ઝાડપાનના પાસબાન છે.

ઇઝદાન દીગર હુમા બા નૂરોબા ફર આફરીદ,
આલમે નીકૂ હુમે ખાલેસ્તરઝ ઝર આફરીદ.

૨૦. ખુદાએ બીજા ઇજદોને નુર તથા દબદબા સાથે પેદા કીધા; આ બધી દુન્યા સરાસર સોનાં કરતાં વધારે નિર્મળ પેદા કીધી.

કર્દ એન્સાન રા ચુ સરદારો બેદાદશ એખ્તિયાર,
તા ઝે નીકો બદ બેપોરસદ દાવરશ રૂઝે શોમાર.

૨૧ તેણે ઇનસાનને સરદાર જેવો કીધો અને તેને અખત્યાર આપ્યા જેથી તે ઇનસાફ કરનાર તેની (ઈનસાનની) કરણીના હિસાબને દિવસે તેની નેકી તથા બદ્દી વિષે તેને પુછી શકે.

ગર ઝે નીકી કર્દઇ એઅ્માલ હક રા બન્દેઈ,
મોઝૂદ આનરા દર બેહેશ્તે જાવેદાન યાબન્દેઈ.

૨૨. અગરજો તેં નેકીનાં કામો કીધાં હશે, અને ખોદાના બંદા તરીકે ચાલ્યો હશે, તો તેનો બદલો અમર્ગ બહેશ્તમાં મળશે.

લોત્ફ હરૂચે બા મલાયેક કર્દ બા તો આન કુનદ,
ઝેન્દએ જાવીદ માની ફઝલે ખુદ યઝ્દાન કુનદ.

૨૩. જેવી મહેરબાની તેણે (ખુદાએ) ફરેશ્તાઓ ઉપર કીધી તેવી તે તારી ઉપર કરશે, અને યઝદાતાલાની મહેરબાનીથી તું હંમેશની અમર્ગ જીંદગી ભોગવશે.

વર બદી કર્દી બે ફર્માને લઇન શૈતાન શુદી,
દર જેહન્નમ રફ્તીઓ અઝ દોશ્મને યઝ્દાન શુદી.

૨૪. અગરજો ધિક્કાર ભરેલાં સેતાનનાં ફરમાન પ્રમાણે ચાલીને તેં બદી કીધી હશે, તો તું દોઝખમાં જશે તથા યઝદાંનનો દુશ્મન થશે.

વઝ ઓકૂબતહા બવદ આન્જા ફેરાવાન ખારીઈ,
હીચ નારદ મન્ફેઅત જોઝ આહો લાબે ઝારીઇ.

૨૫. અને દોઝખની સજાથી તું ત્યાં ઘણુંજ દુઃખ પામશે, તથા હાય અફસોસ, કકલાટ અને વિલાપ સિવાય બીજું કાંઇ હાંસલ કરશે નહિ.

પસ બવદ બેહતર કે અઝ ફર્માને દીવાન સર કશી,
બન્દએ હક શવ્ કે નૂશ અઝ ચશ્મેએ હૈવાન ચશી.

૨૬. ત્યારે બહેતર છે કે દેવોનાં ફરમાનથી તું માથું ફેરવે, અને ખોદાનો બંદો થાય, કે જેથી તું જીંદગીના ઝરાનું અમૃત ચાખે.

ગરૂ તુ ખીશે ઇઝદી, બીગાને બાશ અઝ અહ્‌રેમન,
હમ બદીઓ ઐબરા ઘાલેબ મકુન બર ખીશતન.

૨૭. જો તું ખુદાનોજ ખેશી છે તો અહરેમનથી અળગ થા, તે સાથે બદી તથા એબને તારી ઉપર ગાલેબ ના થવા દે.

બન્દેએ ઇઝદ પરસ્ત્ આરદ બે અહ્‌રીમન શેકસ્ત,
વાન્કે અહ્‌રીમન પરસ્તદ મીહેલદ હકરા ઝે દસ્ત.

૨૮. યઝદાંપરસ્ત બંદો એહરેમનને શિકસ્ત આપે છે, દેવપરસ્ત બંદો ખુદા-તાલાને પોતાના હાથથી છોડી દે છે.

ઇન ગુઝીદન બેહ્‌તરત યા આન ગુઝીદન ખુશત્તરત?
મોન્સેફે ખુદ અક્લ ગર્દાન કાન બવદ બેહ્ રેહ્‌બરત.

૨૯. ત્યારે પહેલું પસંદ કરવું તારે માટે બહેતર છે કે બીજું પસંદ કરવું તારે માટે ખુશનુમા છે; તારી અકકલને તારો મુનસેફ કર, કારણકે તે તારો બહેતર રાહબર છે.

ઝાનકે દર દીને બેહી ફર્મૂદેહ્ કદ્યઘન દાદગર,
હક્કો બાતેલ કુન જોદા, કુન મુન્શએબ અઝ ખૈર શર.

૩૦. કારણકે ભલી દીનમાં દાદારે ભાર મુકીને ફરમાવ્યું છે કેઃ– "સચાઇને જુઠાંથી જુદી કર, ભલાઇને બુરાઈથી છુટી કર."

યા એલાહી કુન નઝર બા રેહ્‌મ બર એહ્‌વાલે મન,
બોગઝરાન દર ખોર્‌રમી કોલ રૂઝો માહો સાલે મન.

૩૧. ઓ મારા ખુદા! મારી હાલત ઉપર રહેમ નજર કર, મારા તમામ દિવસ, મહિના અને વરસ ખુશીમાં પસાર કરાવ.

દાર અવ્લાદે મરા મહ્‌ફૂઝ અઝ આફાતે દહ્ર,
હમ બરીશાંન મીરસાંનઝ મેહ્‌રે ખાસે ખીશ બહ્ર.

૩૨. દુન્યાની આફતમાંથી મારી ઓલાદનું રક્ષણ કર, તેઓ ઉપર તારી ખાસ મહેરબાનીનો હિસ્સો પહોંચાડ.

મોનાજાત ૧૮ મી (બયતોમાં)

દસ્તુર દારાબ પાહાલનની બનાવેલી. તેતરીશે યઝદ અને અમશાસપંદોનાં નામો સાથની.

ખોદાયા કુન દોઆયમ રા કોબૂલી,
કે પીશો તો રવા નબ્વદ ફોઝુલી.

૧. અએ ખોદા! મારી દુવા કબુલ રાખ, કારણકે તારી સનમુખ નકામી વાતો રવા નથી.

વલી અઝ રાહે અજ્ઝો મોસ્તમન્દી,
હમી ખાહમ બેપીશત સર બલન્દી.

૨. તોપણ હું લાચારી તથા હાજતમંદીની રાહે તારી પાસેથી શ્રેષ્ટાઇ અને આબરૂ માંગું છું.

તુઇ કાદેર કે ઝાતત બી હમાલસ્ત,
તુઇ આદેલ કે મોલ્કત બી ઝવાલસ્ત.

૩. તું સર્વશકિતવાન છે, કે જેની ખાસિયત જોડી વગરની છે, તું ઈનસાફી છે, કે જેનો મુલક નહિ નાશ પામે એવો છે.

તુઇ સાઝન્દેએ મૌજૂદો હસ્તી,
તુઇ દારન્દેએ બાલાઓ પસ્તી.

૪. તું સઘળી ચીજોનો તેમજ કુલ દુન્યાની હસ્તીનો પેદા કરનાર છે, તું આસ્માન અને જમીનને ટકાવનારો છે.

તુઇ રઝ્ઝાક જોમ્લે જાનવરાનરા,
તુઇ ખલ્લાકે મોત્લક કોલ જેહાનરા.

૫. તું તમામ જાનવરોને પોષણ આપનારો છે, તું કુલ જહાનનો આપ-અખત્યાર પેદા કરનાર છે.

તુ બન્દે પરવરો આજેઝ નવાઝી,
બે મેસ્કીન બહરે-અખ્શે બર્ગોસાઝી.

૬. તું બંદાઓની પરવરશી કરનાર અને નબળાઓને નવાજનાર છે. તું મીસ્કીનોને તેઓની રોજીનો હિસ્સો પહોંચાડનાર છે.

તુઈ બીમેસ્લો બીહમતાઓ માનન્દ,
ખોદાઇ બર ખોદાવન્દાન ખોદાવન્દ.

૭. તું મિસાલ વગરનો, જોડી વગરનો, અને બરોબરિયા વગરનો સાહેબ છે, શ્રીમંતોના શ્રીમંત ઉપર તું સાહેબ છે.

તુઇ ખુદ નૂર-બખ્શી માહો ઓ ખુરશીદ,
હમા અઝ લોત્ફે તો દારન્દ ઉમ્મીદ.

૮. તું ચંદ્ર અને સુરજને રોશની બક્ષનાર છે, બધાઓ તારી મહેરબાનીની ઉમેદ રાખે છે.

તુઇ દાનાએ હર અસ્રારે આલમ,
તુઇ પએદા-કુને હવ્વાઓ આદમ;

૯. તું દુન્યાના દરેક ભેદ જાણનારો છે, તું આદમ અને ઇવનો પેદા કરનારો છે.

કે ઇશાન દર કેતાબે ઝન્દે મારા,
મશી-મશયાને હસ્તન્દ આશકારા.

૧૦. કારણકે તેઓ આપણી જંદઅવસ્તાની કેતાબમાં "મશી મશીયાનો" તરીકે જાણીતાં છે.

તુઇ અવ્વલ કે અઝ વયે અવ્વલી નીસ્ત,
તુઇ આખેર કે ઝાન પસ આખેરી નીસ્ત.

૧૧. તું સર્વથી પહેલો છે, જેનાથી પહેલો કોઇ નથી, તુંજ સેવટ સુધીનો છે, જેની પછી સેવટનો કોઇ નથી.

તુઇ યઝદાંન કે બીચૂનો ચેગૂની,
ઝે મોજૂદાન બીમેસ્લો નમૂની.

૧૨. તું ખોદા કે જેની બરોબર કોઇ નથી, હસ્તી ભોગવનારાઓમાંથી કોઈ તારી મીસાલ નથી.

બરીન બન્દે મોરાદો કામ-રાની,
ખુશીઓ ખોર્રમી દર ઝેન્દગાની;
બે બખ્શા અયે પાક દાદારે જેહાનદાર,
ઝે દોશમન જાને મન અન્દર અમાન દાર.

૧૩.-૧૪. અયે જહાનના પેદા કરનાર તથા રક્ષણ કરનાર પાક ખોદા! આ તારા બંદા ઉપર તેની જીંદગી દરમ્યાન મુરાદ તથા સુખ, ખુશી ખુરમી બખશ, અને દુશ્મનથી મારો જાન સલામત રાખ.

દેલમ દારી હમીશે શાદો ખન્દાન,
કે મન ખુશ્નુદ દાર અમ્શાસપન્દાન.

૧૫. મારૂં દીલ સદા ખુશાલ અને હસ્તું રાખ, અમશાસ્પંદોને મારાથી ખુશ રાખ.

બે કારે કેર્ફેઓ હમ રાસતી દાર,
તુ દૂરમ અઝ કજ્જીઓ કાસતી દાર.

૧૬. સવાબનાં કામ તથા રાસ્તીમાંજ મને રાખ, છળકપટ અને જુઠાઈથી મને દુર રાખ.

કુની બેહ્‌રામ ઈઝદમ યારો યાવર,
બે મન બર મેહ્‌રે આરદ મેહ્‌રે દાવર,

૧૭. બેહેરામ યઝદને મારો મિત્ર તથા મદદગાર કર, મહેર દાવર મારી ઉપર મહેરબાની લાવે તેવું કર.

કે હરજા મોશ્કેલમ આસાન નેમાયદ,
દેહદ શાદી ઓ ઘમ અઝ દેલ ઝેદાયદ;

૧૮. દરેક ઠેકાણે તે યઝદ મારી મુશકેલી આસાન કરે, મને ખુશાલી આપે, તથા દીલમાંથી ગમ દફે કરે.

અદૂરા ઝીર સાઝદ, દૂસ્ત ખુશ્નૂદ,
દેહદ અઝ ઐશો અશરત માયેયે સૂદ.

૧૯. મારા દુશમનને તે નીચો નાખે, અને દોસ્તને ખુશનુદ કરે, અને ખુશી ખુશાલીની ફાયદાકારક થાપણ મને બક્ષે.

હમી ખાહમ કે તુ અયે પાક યઝ્દાન,
કે બેહ્‌રામ ઇઝદમ બાશદ નેગેહ્‌બાન.

૨૦. અએ પાક ખોદા! હું તારાથી એ માગું છું કે બેહેરામ યઝદ મારો નેગેહબાન થાય.

બે ફીરૂઝીઓ નોસ્રત રેહ નેમાયદ,
દરે દીને બેહીન બર મન કોશાયદ.

૨૧. મને ફત્તેહ ફીરોઝી સાથનો રસ્તો દેખાડે, અને સૌથી શ્રેષ્ટ દીનના દરવાજા મારી ઉપર ખુલ્લા કરે.

ઝે નેઅ્મતહા ખોદાયા દેહ તુ ગન્જી,
કે દર ઓમ્રમ નયાબમ હીચ રન્જી.

૨૨. અએ ખુદા! તારી ન્યામતોનો લગાર ખજાનો મને આપ, કે જેથી મારી આખી ઉમર સુધી કંઈ પણ રંજ હું જોઉં નહિ.

ઝે નાને કસ મકુન મમ્નૂન મારા,
બે ફૈઝે ખુદ બેકુન મર્હૂન મારા.

૨૩. કોઇ (બીજા) ની રોટીના ઉપકારમાં તું મને ના રાખતો, તારી મહેરબાનીમાંજ મને દબાયલો અને ગીરવી રાખેલો રાખજે.

નેકૂ શોધ્લમ દેહો હમ કુન કરીબમ,
કે લઝ્ઝાતે જેહાન બાશદ નસીબમ.

૨૪. મને નેક ધંધો રોજગાર આપ તથા મને તારો નજદીકનો (માનિતો) કર, કે જેથી મારે ફાલે દુન્યાની લહેઝત ચાખવાનું આવે.

બે પીશે ખલ્ક ગર્દાની અઝીઝમ,
ઝબાનરા કુન બેશીરીની લઝીઝમ.

૨૫. દુન્યાનાં લોકોની સનમુખ તું મને મહાન અને વહાલો કર, અને મારી જબાન ઉપર મીઠાશ રેડ.

હમા કેર્દારો કારમ દર યઝેશ કુન,
બે દેલ નીકી ઓ રાદી દર કુનેશ કુન.

૨૬. મારાં તમામ કામ તથા કરણી વખાણવા લાયક કર, મારૂં અંતઃકરણ નેકી તથા સખાવત કરનારૂં બનાવ.

તનમ અઝ રાહે અહરીમન બેકુન દૂર,
દેલમ દર રાહે તુ દારી પોરઝ નૂર.

૨૭. અહેરેમનના રાહથી મારાં શરીરને દુર કર, મારાં હૃદયને તારી રાહ ઉપર નુર ભરેલું કર.

ઘનામીનો ઝે મન બાદા શેકસ્તેહ,
હમા દીવો દરૂજાન દસ્ત બસ્તેહ.

૨૮. ઘનામીનો મારાથી શીકસ્ત પામેલો થાય, તમામ દેવ દરૂજોનાં હાથ બાંધેલા થાય.

ચુ બન્દમ રખ્તે ખુદરા મન ઝે ગીતી,
રવાની બર ઝબાને મન પતેતી.

૨૯. જ્યારે હું દુન્યામાંથી ગાંસડો પોટલો બાંધું ત્યારે મારી ઝબાન ઉપર પતેત ચાલુ કરજે.

હરીન ગીતી ચુ બાશદ નઝ્એ જાનમ,
રવાન સાઝી અષેમરા બર ઝબાનમ.

૩૦. આ દુન્યામાં જ્યારે મારો જાન ઘડીપળ હોય ત્યારે મારી ઝબાન ઉપર "અષેમ વોહુ"ના કલામ જારી કરાવજે.

અષેમરા ઓ પતેત્રા ચુન્ બેખાનમ,
બે પાદાશશ બે જેન્નત દર રસાનમ.

૩૧. જ્યારે હું "અષેમ વોહૂ" તથા 'પતેત' ભણું ત્યારે તેનાં બદલામાં તું મને બહેશ્તમાં પહોંચાડજે.

ચુ બર મન રાહે દમ બન્દન્દ દીવાન,
દરાન વક્તમ સલામત દાર ઇમાન.

૩૨. જ્યારે દેવો મારો દમ લેવાનો માર્ગ બંધ કરી નાખે ત્યારે મારું દીનનું યકીન સલામત રાખજે.

મકુન બર મન શયાતીન રા ઘાલેબ,
કે આસાન્તર રવદ જાનમ ઝે કાલેબ.

૩૩. શયતાનને મારા ઉપર ગાલેબ ના કરતો, કે જેથી મારો જાન તનમાંથી વધારે આસાનીથી બહાર જાય.

સોરૂશે યાવર આન્જા કુન પદીદાર,
બે બાશદ ઊ રવાનમરા નેગેહ્દાર.

૩૪. ત્યાં (મોતને બીછાણે) મદદ કરનાર સરોશ યઝદને જાહેર કર, કે જેથી તે મારાં રવાનનો નેઘેહદાર થાય.

સે રૂઝો શબ હમૂ દારદ નેગાહમ,
બે ચેન્વદ પોલ નેમાયદ જાયો રાહમ.

૩૫. ત્રણ દિવસ અને રાત તે (સરોશ) મારી ઉપર નીઘાહ રાખે, અને ચીનવદ પુલ ઉપરથી મને જગા તથા રસ્તો બતાવે.

ખોદાયા ઝેવ્વલીન રૂજી કે ઝાદમ,
હમચ કુન તા બે મર્ગમ દેહ મોરાદમ.

૩૬. અએ ખુદા! જે દિવસથી મેં જન્મ લીધો ત્યારથી તે મારાં મરણ સુધી મારી મુરાદ પાર પાડજે.

ખોદાવન્દા બેહેશ્તો જાયે રોશન,
ઝે લોત્ફે બીકેરાન કુન રૂજીએ મન.

૩૭. અએ ખુદા! તારી બેહદ મહેરબાનીથી બહેસ્ત અને રોશન જગ્યા મારૂં નસીબ કરજે!

બે ગીતી દર બેદારમ આબરૂઈ,
બે મીનૂ દર ગોરોસ્માને નેકૂઈ.

૩૮. આ દુન્યામાં મને આબરૂથી રાખજે, અને મિનોઇ દુન્યામાં સારાં બહેશતમાં રાખજે!

બે યોમ્ને સીઓ સે અમ્શાસપન્દાન,
દેલમ દારી હમીશે શાદો ખન્દાન.

૩૯. તેત્રીશે ફરેસ્તાઓની બરકતથી મારાં હૃદયને હંમેશાં ખુશાલ તથા હસ્તું રાખજે.

તુ અયે ઓરમઝ્દે પાકો બેહતરીન રૂઝ,
મોરાદો ખાહેશમ હાસેલ કુન એમરૂઝ.

૪૦. ઓ ભલામાં ભલા પવિત્ર હોરમજદ રોજ, આજ દીને મારી મુરાદ તથા ખાહેશ બર લાવ.

હુશો અક્લો ખેરદ યાબમ ઝે બેહમન,
દેલે સાફો નિયત પાકો નેકૂ તન.

૪૧. બહમન અમશાસ્પંદ તરફથી હું હોંશ, અકકલ, તથા ડહાપણ, સાફ દીલ, પાક નેયત, તથા ભલું તન મેળવું.

હમઝ અર્દીબેહેશ્તમ કેર્ફેહ બેસ્યાર,
શવદ હાસેલ, એલાવેહ રાસ્ત ગોફતાર.

૪૨. અએ નેક ખુદા! અરદીબહેસ્ત અમશાસ્પંદ તરફથી મને ઘણુંજ સવાબ, તથા તે ઉપરાંત રાસ્ત બોલવું હાંસેલ થાય.

ઝે શેહરીવર બેયાબમ માલો નેઅ્મત,
ઝે શાહાન દૂર સાઝી ઝોલ્મો ઝેહમત.

૪૩. શહરેવર અમશાસ્પંદ તરફથી મને માલ તથા ન્યામત મળે, પાદશાહો આગળથી જુલમ તથા ઝેહમત દુર કરે.

ઝે એસ્ફન્દારમદ 'બુન્દેહ મનશ્ની'
સેપાસો શોકે યઝ્દાંન, ઇન 'કુનશ્ની.'

૪૪. અસ્પંદારમદ અમશાસ્પંદ તરફથી સંપૂર્ણ મનશની અને ખોદાતાલાની સેપાસગુજારી, શુક્રાના, એવાં એવાં સારાં કામ હાંસલ કરે.

મેહો સાલમ ખોજસ્તેહ કુન ઝે ખોર્દાદ,
કે શીરીનીઓ ચર્બી યાબમ અઝ દાદ.

૪૫. ખોરદાદ અમશાસ્પંદ તરફથી મારા મહિના તથા સાલો મુબારક કર, કે ઇનસાફથી મિઠી અને સ્વાદિષ્ટ ન્યામતો મેળવું.

'અમર્ગીઓ' બેરૈમન્દી ઝે મોર્દાદ,
ખુરેશહાએ નીકૂ બૂયે ખુશમ બાદ.

૪૬. અમરદાદ અમશાસ્પંદ તરફથી મને અમર્ગી તથા ફળદ્રુપતા હોજો, સારાં મિષ્ટાનો તથા ખુશનુમા સુગંધ મારે માટે હોજો

ઝે દયેબાદર યકીન દર દીને બેહ દેહ,
કે દર દીન્ અઝ હમા કેર્દે યકીન બેહ.

૪૭. દેપાદર તરફથી ભલી દીન ઉપર આસ્થા આપ, કારણકે દીનની આસ્થા બીજા બધા સવાબો કરતાં બહેતર છે.

ઝે આદર્ ઇઝદમ અક્લો ખેરદ બખ્શ,
કે ઊ રન્જો બલાયમરા કુનદ પખ્શ.

૪૮. આદર ઇજદ તરફથી મને અક્કલ તથા ડહાપણ બક્ષ, કારણકે તે રંજ તથા બળા કચડી નાખે છે.

ઝે આબાન ઇઝદમ હાજત રવા કુન,
મોરાદે મન બે ઝૂદી તુ અદા કુન.

૪૯. આવાં યઝદ તરફથી મારી હાજતો બર લાવ, મારી મુરાદ જલદીથી તું પાર પાડ.

મોનવ્વર કુન દુ ચશ્મે મન ઝે ખુર્શીદ,
હમીન તા રૂઝે પીરી દારમ ઓમ્મીદ.

૫૦. ખોરશેદ યઝદથી મારી બંને ચશમ રોશન કર, રોશન આંખ સાથે ઘડપણ સુધી રહું એવી ઉમેદ હું રાખું છું.

તુ હલ કુન મોશ્કેલમ અઝ માહ્ બોખ્તાર,
રસાનદ બર મોરાદમ દર હમા કાર.

૫૧. માહ યઝદ તરફથી મારી મુશકેલી ટાળ, કે તે દરેક કામ મારી મુરાદ મુજબ પાર પાડે.

બે તીર ઇઝદ બે ફર્માઈ તુ અયે પાક,
કે સાઝદ તાલેઅમ શાદો ખોરેહ્નાક.

૫૨. અયે પાક ખોદા! તીર યઝદને તું ફરમાવ કે તે મારાં નસીબને ખુશી ભરેલું, તથા ખોરેહવાળું કરે.

અઝ્ રેઝ્કો નેશાતે જાન દેહાની,
ઝે રન્જો મેહ્નતો ઘમ વા રેહાની.

૫૩. તેની તરફથી મને રોજી રઝક તથા જીવનું સુખ અપાવ, અને રંજ, મહેનત તથા ગમમાંથી છુટકારો બક્ષાવ.

ઝે ગૂશ ઇઝદ બેકુન હેમ્મત બલન્દમ,
હમયદુન ઊ બેદારદ અર્જમન્દમ.

૫૪. ગોશ યઝદથી મને મોટાં મનનો કર, હંમેશાં તે મને આબરૂદાર રાખે.

ઝે દેપ્ મ્હેર્ ઇઝદમ ઘમ રા કુની દૂર,
બે દેલ દર રાહ યાબદ પાકી ઓ નૂર.

૫૫. દેપમહેર યઝદથી મારો ગમ દુર કર, જેથી મારાં દીલમાં પાકીજગી અને નુર માર્ગ મેળવે.

ઝે મ્હેર્ ઇઝદ દેલમ પોર મ્હેર્ ગર્દાન,
સરે પોલ પીશ ઊ ખુશ-ચ્હેર ગર્દાન,

૫૬. મહેર યઝદથી મારૂં દીલ માયા ભરેલું કર; ચીનવદ પુલ આગળ તેની સનમુખ મને ખુશાલ ચહેરાનો કર.

કે ખાસો આમ દર દેલ દૂસ્ત દારન્દ,
મરા દર દૂસતી નીકૂ શોમારન્દ.

૫૭. કે અદના તથા આલા પોતાનાં દીલમાં મારી તરફ મહોબત રાખે, અને મને તેઓની દોસ્તીને લાયકનો ગણે.

સોરૂશ ઇઝદ રવાનમરા નેગેહ્દાર
શવદ, હમ દૂર દારદ દૂઝખે તાર.

૫૮. સરોશ યઝદ મારાં રવાનનો નેગેહદાર થાય, તેમજ અંધારા દોઝખને મારાથી દુર રાખે.

ઝે રશ્નેઅમ બે દેલ દર રાસતી દાર,
તુ દૂરમ અઝ કજ્જીઓ કાસતી દાર.

૫૯. રશ્નેે યઝદથી મારાં દીલમાં સચાઈ રાખ, અને છળકપટ તથા જુઠાઇને મારાથી દુર રાખ.

ઝે ફરૂવરૂદીન રવાનમ રા ફરેહ્ કુન,
દેલમ રા અઝ ફરૂહર પોર ખોરેહ્ કુન.

૬૦. ફરવરદીન યઝદથી મારાં રવાનને નુરમંદ કર, મારાં દીલને ફરોહરથી ખોરેહમંદ કર.

તુ બેહ્રામ્ ઇઝિદમ રા કુન નેગેહ્દાર,
કે બર દોશમન ઝફર યાબમ બે હર કાર.

૬૧. તું બહેરામ યઝદને મારો નેગેહબાન કર, કે જેથી દુશ્મન ઉપર દરેક બાબતમાં હું ફત્તેહ ફીરોઝી મેળવું.

મોરાદી હર્ચે ખાહમ ઊ દેહદ ઝૂદ,
બરારદ ઊ ઝે દોશમન્હાયે મન દૂદ.

૬૨. જેવી હું મુરાદ ચાહું તે તે જલદીથી બક્ષે, તે મારા દુશ્મનોને પાયમાલ કરે.

ઝે રામ ઇઝદ દેલમ રા શાદિઈ દેહ,
બે શૌકો ખોરૂરમી આબાદિઈ દેહ.

૬૩. રામ યઝદથી મારાં દીલને ખુશાલી આપ, તે સાથે ખુશીખુરમી, અને આબાદી આપ.

દેલે આલમ બે મન બર દૂસ્ત દારી;
દેહમ એમ્રે દેરાઝો કામગારી.

૬૪. લોકોનાં દીલને મારી તરફ મહોબત ધરાવાતાં કર, મને લાંબી ઉમર તથા ફત્તેહમંદી આપ.

ઝે બાદ ઇઝદ દેલમરા તાઝેહ ગર્દાન,
ઝે એલ્મે ખુદ બલન્દ આવાઝેહ ગર્દાન.

૬૫. ગુવાદ યઝદથી મારાં દીલને તાજું રાખ; તારાં જ્ઞાનથી મને પ્રખ્યાત કર.

ઝે દેબ્દીનમ મનશ્ની પાક દારી,
કે તા દર દુ જેહાન યાબમ યસારી.

૬૬. દેપદીન યઝદથી મારી મનશની પાક રાખ, કે જેથી બન્ને જેહાનમાં મને પુષ્કળતા અને આબાદી મળે.

ઝે દીન ઇઝદ બેદીને મઝ્દિયસ્નાન,
બેદારીં બીશકો શોબ્હે હુમાન સાન.

૬૭. દીન યઝદથી માઝદયસ્ની દીન ઉપર તું મને જેમ છે તેમ બીલકુલ શક યા ગુમાન વગર દ્રઢ રાખ.

ઝે એર્દ ઇઝદ બલાયમ દૂર ગર્દાન,
દેલમ રા અઝ ખેરદ પોર નૂર ગર્દાન.

૬૮. અશીશવંઘ યઝદથી મારી બળા દુર કર, મારાં હૃદયને ડહાપણથી નુરમંદ કર.

ઝે લોતફે ખુદ બેફર્માઇ તુ દાદાર,
કે અસ્તાદ ઇઝદમ બાશદ નેગેહદાર;

૬૯. અએ દાદાર! તારી મહેરબાનીથી તું આસ્તાદ યઝદને ફરમાવ કે તે મારો નેગેહદાર થાય.

સરે પોલ બા ફરૂહર યાર બાશદ,
અઝાન યારીયમ આસાન કાર બાશદ.

૭૦. ચીનવદ પુલ આગળ ફરોહર સાથે તે મારો મદદગાર થાય, અને તે મદદથી મારૂં કામ આસાન થાય.

ઝે અસ્માન્ ઈઝદ ઇન ચર્ખે ગર્દાન,
બરે હર કસ સરફ્રાઝમ તુ ગર્દાન.

૭૧. આ ફરતાં ગગનમાં આસમાન યઝદથી તું મને દરેક સનમુખ ચઢતિયાતો અને ઇજ્જતવાળો કર.

તનમ રા કુન નેગેહબાન રૂઝે ઝમ્યાદ,
બેદેલ દર અઝ ખેરદ બેન્હી તુ બુન્યાદ.

૭૨. જમયાદ રોઝે તું મારાં બદનનું રક્ષણ કરજે, મારાં દીલમાં તું ડહાપણનો પાયો નાખજે.

ઝે મારેસ્પન્દ ’વસ્તા રાસ્ત ખાનમ,
બે ખૂબી દીનો આઇન રા બેદાનમ.

૭૩. મારેસ્પંદથી હું અવસ્તાનાં કલામ શુધ્ધ અને સાચી રીતે ભણું, અને દીનનો તરીકો હું બરાબર જાણું.

કલામે ઝન્દ બા ઊ શુદ હવાલેહ,
ઝબાન રા બેહતરઝ શીરીન નવાલેહ.

૭૪. અવસ્તાના કલામ તે યઝદને હવાલે થયલા છે; તે કલામો ઝબાનપર મીઠા નવાળા કરતાં વધારે બેહેતર છે.

બેમન બર મેહરબાન ગર્દાન અનારામ,
ગોરોસ્માનમ દેહદ,—આન જાયે આરામ.

૭૫. અનેરાનને મારી ઉપર મહેરબાન બનાવ, કે તે મને આરામનું સ્થળ, ગરોસ્માન બહેશ્ત આપે.

ઝે બોર્ઝ ઈઝદ તનમ રા આબરૂઈ,
દેહી ચુન આબ સાફો બા નેકૂઈ.

૭૬. બોર્ઝ યઝદ (અપામ નપાત) તરફથી પાણી જેવી સાફ અને નિર્મળ આબરૂ તું મને આપ.

ઝે હોમ ઈઝદ બેબખ્શામ તનદોરોસ્તી,
હવાદારીએ ફ્રૂઝન્દાનો ચોસ્તી.

૭૬. હોમ યઝદથી તું મને તંદરોસ્તી, તેમજ ફરજંદોની મહોબત અને ચાલાકી બક્ષ.

કે દહુમાન કુન રવાનમ શાદો ખન્દાન,
કે બાશદ બર સરે પોલ ઊ નેગેહબાન.

૭૮. દહમ યઝદથી મારાં રવાનને ખુશાલ અને હરતું કર, કે તે ચીનવદ પુલ આગળ મારો નેગેહબાન થાય.

બે આન્જા બેહ્રેહ્ દેહ ચન્દાન નેકૂઈ,
કે બર પોલ મન રવમ બા આબરૂઈ.

૭૯. ત્યાં મને નેકીનો એટલો બધો હિસ્સો આપ, કે ચીનવદ પુલ ઉપરથી હું બાઆબરૂ પસાર થાઉં.

બે આખેર કુન રવા ઇન મોદ્દઆયમ,
કે દર્ હર્ દુ જેહાન શાદી નેમાયમ.

૮૦. સેવટે મારી આ માગણીઓ તું કબુલ કર, કે જેથી બન્ને જેહાનમાં હું ખુશહાલ થાઉં.

બે ઇન બન્દે બે લોત્ફે ખુદ શરફ્ દેહ,
હમા તક્સીરો જોર્મમ યક તરફ્ નેહ.

૮૧. તારી મહેરબાનીથી આ બંદાને કીર્તિ બક્ષ, અને મારી બધી તકસીર તથા ગુનાહ એક બાજુએ મેળ.

ખોદાયા બામન્ ઇન અમ્શાસ્પન્દાન,
પનાહો યારો રેહબર કુન તુ હઝમાન.

૮૨. અએ ખુદા! તું આ અમશાસ્પંદોને હમેશાં મારા પનાહ, સાથી અને રહેબર કર.

કે શૈતાનો હમાન્ અઝ હફ્ત દીવાન,
રેહાઇઅમ્ દેહ તુ અયે પાક યઝ્દાન.

૮૩. અએ પાક ખુદા! શેતાનથી, તેમજ સાત દેવોથી તું મને છુટકારો બક્ષ!

કે જોર્મમ ગરૂચે કારી મોશ્કેલમ હસ્ત,
વલી ઓમ્મીદ અફૂવત દર દેલમ હસ્ત.

૮૪. જો કે મારાં પાપને લીધે મારૂં કામ મુશ્કેલ થયું છે, તોપણ મારાં દીલમાં તારી માફીની ઉમેદ છે.

બે ગીતી પીશ ખલ્કમ પાયેગાહ દેહ,
બે મીનૂ દર બેહેશ્તમ જાયેગાહ દેહ.

૮૫. આ દુનિયામાં લોકો આગળ મને મોભો અને દરજ્જો આપ, મીનોઇ દુનિયામાં મને બહેસ્તની અંદર જગા આપ.

બે બેહ્રામ ઇઝદત ફર્માય દાદાર,
કે બાશદ ઊ બે ગીતીઅમ નેગેહ્દાર.

૮૬. અએ દાદાર! બહેરામ યઝદને ફરમાવ કે આ દુનિયામાં તે મારો નેગેહદાર થાય.

પઝીરેફ્તમ વરા અઝ જાન ફેરેશ્તેહ,
કે બાશદ ખાસ અઝ નૂરત સેરેશ્તેહ.

૮૭. હું તેને દીલોજાનથી ફરેશતા તરીકે કબુલ રાખું છું, કારણકે તે તારાં નુરમાંથી બનેલો છે.

દેહદ યારી બે ફીરૂઝીઓ નોસ્રત,
ઝેદાયદ અઝ દેલમ અન્દુહો ઓસ્રત.

૮૮. ફત્તેહ ફીરૂઝી સાથે તે મને મદદ આપે, મારાં દીલમાંથી ગમ તથા મુશકેલી દફે કરી નાંખે.

ચુ ઊરા મન બે હર કારી બેખાનમ,
ફેરેસ્તી અઝ હોઝૂર આન મેહ્રબાનમ.

૮૯. જ્યારે હું તેને દરેક કામમાં યાદ કરૂં, ત્યારે તે મહેરબાન (બહેરામને) તારી હજુરથી મારી આગળ મોકલજે.

એજાબત કુન દોઆયમ અયે ખોદાયમ,
કે હસ્તી મેહ્રબાન દર દુ સરાયમ.

૯૦. અએ મારા ખુદા! મારી દુવા કબુલ કર, કારણકે બન્ને દુનિયામાં તુંજ મારો મહેરબાન છે.

મને બીચારેહ અન્દર પીચોતાબમ,
બેપીશ મર્દોમાન અફ્ઝાય આબમ.

૯૧. હું લાચાર, ગુંચવાડા અને મુશકેલીમાં છું; લોકોની સનમુખ મારી આબરૂનો વધારો કરજે.

જે તન હરૂ દર્દો આઝારી કે બાશદ,
બેરાનો નીઝ તીમારી કે બાશદ.

૯૨. મારાં શરીરમાં જે હરેક દુઃખ કે બીમારી હોય, તેને હાંકી કહાડ અને વળી જે કાંઇ ગમગીની હોય તે પણ દુર કર.

ખોદાયા મન પતેત દર દેલ બેદારમ,
બે ચેન્વદ પોલ તુઇ આમોરૂઝેગારૂમ.

૯૩. અએ ખુદા! હું મારાં દીલમાં પસ્તાવો રાખું છું, ચીનવદ પુલ ઉપર તુંજ મારા ગુનાહ માફ કરનાર છે.

બેબખ્શાયમ બેબખ્શાયમ બેબખ્શાય,
બરીન બન્દે દરે રેહ્‌મત તુ બોકૂશાય.

૯૪. મારા ગુનાહ માફ કર, મારા ગુનાહ માફ કર, મને માફી બક્ષ અને આ બંદા ઉપર તારી રહેમનો દરવાજો ખુલ્લો કર.

મોનાજાત ૧૯ મી (બયતોમાં)

તેત્રીસ ફરેશતાઓની યાદ સાથની

દસ્તુર જમશેદજી જામાસપજી આસાજીની જોડેલી.

એલાહી ચશ્મએ ઇઝત રવાન કુન,
દેલમ ઝાફાતે દોરાન દર આમન કુન.

૧. અએ ખુદા! તારી બક્ષેશનો ઝરો વહેતો કર, જમાનાની આફતોમાંથી મારાં દીલને સહીસલામત રાખ.

એલાહી બીકસમ સૂયમ નઝર કુન,
જે એસ્રારે નફીસત બા ખબર કુન.

૨. અએ ખુદા! હું નાચાર છું, મારી તરફ નજર કર; તારા કિમતી ભેદોથી મને માહેતગાર કર.

મને બીચારેહ્ રા બેન્માય રાહી,
કે મીદારમ ચુ તુ પોશ્તો પનાહી.

૩. મને નાચારને સારો રાહ દેખાડ, કારણ કે હું તારા જેવાનોજ ટેકો તથા પનાહ ધરાવું છું.

ઝબાનમ બા દુ ચશ્મો ગૂશ હમ્વાર,
ઝે આસારે બદો ઝેશ્તી નેગેહ્દાર.

૪. મારી ઝબાન, બે આંખ તથા કાનને હમેશાં ખરાબ અને ભુંડાં કામોની અસરથી બચાવ.

એલાહી આજેઝમ, બાશદ કે ગાહી,
બરીન મેસ્કીન બેયન્દાઝી નેગાહી!

૫. અએ ખુદા! હું લાચાર છું, એવું બનશે કે કોઇ વખત તું આ મિસ્કીન ઉપર તારી નીગાહ નાખે!

એલાહી આગેહી અઝ હાલે ઝારમ,
બે હસ્બે મોદ્દઆ કુન કારોબારમ.

૬. અએ ખુદા! તું મારી પરેશાન હાલતથી વાકેફ છે, મારી હાલતને મારી ધારણા મુજબ ધીકતી અને આબાદ કર.

બે મેસ્કીનીએ મન્ અઝ લોત્ફ બખ્શાય,
ઝે જાનો દેલ ઘમો અન્દુહ બેઝદાય.

૭. માયાની રાહે મારી નાચાર હાલત ઉપર રહેમ કર, મારા જાન તથા દીલમાંથી ગમ અને દીલગીરી કહાડી નાખ.

દોઆયમ રા એજાબત હમ-એનાન કુન,
તુ તક્વાયમ બરે ખલ્કાન અયાન કુન.

૮. મારી દુવાને તારી કબુલાત સાથે જોડ, મારી પહરેજગારીને દુન્યામાં જાહેર કર.

કે દીન યાબદ ઝે હુશે મન રેવાજી,
નબાશદ અઝ કસાનમ એહતિયાજી.

૯. કે મારી હુશિયારીથી દીનનો ફેલાવો થાય, હું લોકોનો મોહતાજ રહું નહિ.

નેઆઝમ રા શરફ દેહ અયે અઝીઝી,
બીરૂન કુન અઝ દેલે મન બીતમીઝી.

૧૦. અએ મારા કીર્તિવંત ખોદા! મારી બંદગીને મરતબો બક્ષ, મારા દીલમાંથી ઘેરડહાપણ બહાર કહાડ.

રવાનમ રા સરાસર કેર્દ્દે અમ્બાર,
બે મેહ્સુદી મયાવર ઝરૂરે આઝાર.

૧૧. મારા આત્માને સઘળા સવાબોથી ભરી નાખ, અદેખાઇના ભોગ થયલા ઉપર (યાને મારી ઉપર) જરાબી દુ:ખ ના પડવા દે.

દેલે મન મખ્ઝને એસ્રારે ખુદ કુન,
ઝબાનમરા કેલીદે બારે ખુદ કુન.

૧૨. મારાં હૃદયને તારા ભેદનો ભંડાર કર, મારી ઝબાનને તારી દરગાહની ચાવી કર.

એલાહી બખ્તે મન રૌશન બેગર્દાન,
તનમરા અઝ અષેમ જોશન બેગર્દાન.

૧૩. અએ ખોદા! મારૂં નસીબ રોશન કર, મારાં તનને "અષેમ"ના કલામનું બખ્તર પહેરાવ.

સબાતમ બખ્શ દર રાહે અશુઈ,
એનાયત કુન બે ઇન બન્દે નેકુઈ.

૧૪. અશોઇની રાહ ઉપર મને દ્રઢતા બક્ષ, તું આ બંદાને નેકી એનાયત કર.

કે દરૂહાયે કસાન દસ્તમ નેગેહ્દાર,
તુ ગીરી દસ્તે મન અયે પાક દાદાર.

૧૫. લોકોનાં બારણાં ઠોકતાં મારા હાથોને અટકાવ, અએ પાક દાદાર! તુંજ મારો હાથ પકડ.

મરા હર્ગેઝ મકુન અઝ રાહે ખુદ દૂર,
બે મન બખ્શી ખોદાયા જાયે પોર નૂર.

૧૬. મને તારી રાહથી કદી દુર કરતો ના, અએ ખુદા! મને નુરથી ભરેલી જગ્યા બક્ષ.

બેનઝદીકીએ ઝરતોશ્તે સપેતમાન,
દેહી જાયમ ખોદાયા દર ગોરોસ્માન.

૧૭. અય ખોદા! ગરોસ્માન બહેસ્તમાં સ્પીતમાન જરથોસ્તની નજદીક મને જગા બક્ષજે.

ફેરાવાન રેહમ કુન બર બન્દેએ ખાસ,
કે તા અફઝાયદમ હર રૂઝ એખ્લાસ.

૧૮. તારા ખાસ બંદા ઉપર ઘણીજ મહેર કરજે, કે જેથી દરરોજ તારી તરફનો મારો એખલાસ વધતો જાય.

રવાનમરા ઝે પાકી તૂશેઈ દેહ,
ઝે બદ કેરદારહા યક ગૂશેઈ દેહ.

૧૯. મારા આત્માને પાકીજગીનો ખોરાક બક્ષ! અને બદ કામોથી તેને અલગપણું આપ.

બે કોરૂબત બખ્શ તુ જાયે સફાયમ,
રેહાની અઝ એઝાબે પોર જફાયમ.

૨૦. તારી નજદીક મને પાકજગ્યા આપ, જફાથી ભરેલા આઝીબથી મને છુટકારો બક્ષ.

ઝે એસારે ખુદમ કશા હલ્કે દર ગૂશ,
ફેઝાઇ હેફ્ઝે મારા અઝ સરે હૂશ.

૨૧. તારા ભેદથી મને તારી તાબેદારીમાં ખેંચ, હોંશથી મારી યાદદાસ્ત શક્તિમાં વધારો કર.

ઝે વસ્તા કારોબારમ્ રા રવાઇ
બેદેહ ખાલેક કે હસ્તમ બીનવાઈ.

૨૨. ઓ કીરતાર! અવસ્તાના કલામો પઢવાના પ્રતાપથી મારી હાલતને ધીકતી અને આબાદ કર, કારણકે હું ગુજરાનનાં સાધન વગરનો છું.

ઝે તુ દારમ ઓમીદીરા કે દારમ,
મકુન દર 'મીનુઆન' તુ શર્મસારમ.

૨૩. હું જે કાંઈ ઉમેદ ધરાવું છું, તે તારાથી ધરાવું છું, મિનોઇ દુન્યામાં મને શરમીંદો ના કરતો.

બેહરૂ જાઈ કે બાશમ હમ્દમમ બાશ,
બેહરૂ રાહી કે પૂયમ હમરેહમ બાશ.

૨૪. જ્યાંબી હું હોઉં ત્યાં તું મારો મિત્ર થા અને જેબી રસ્તા ઉપર હું દોડું, તે રસ્તા ઉપર મારો સાથી થા.

ખોદાયા દેલ બે દસ્તત દાદેઅમ મન,
બે રાહે બન્દગી ઇસ્તાદેઅમ મન.

૨૫. અએ ખોદા! મેં મારૂં દીલ તને હવાલે કીધું છે. ભકિતના માર્ગ ઉપર હું ઉભેલો છું.

નેશાને કૂયે વસ્લત પીશમ આવર,
હેઝીઝમ રા બે ઔજે ખીશત આવર.

૨૬. તારાં જોરાણની ગલી (રસ્તા)ની ઇધાણી મારી સનમુખ લાવ, હું નીચેમાં નીચે પડેલાને તારી ઉંચાઇએ લાવ.

સેફાલે જેસ્મે મન ગોલ-યાઝે ખુદ કુન;
દેલે મન અન્દલીબે રાઝે ખુદ કુન.

૨૭. મારાં શરીરનાં માટીનાં વાસણને તારા ગોલાબોથી ઉગવું અને ભરેલું કર, મારાં દીલને તારા ભેદનું બુલબુલ બનાવ.

મરા ચુન ઝીન જેહાન આયદ કેનારેહ,
ફેરેસ્તી ઇઝદાનરા બી શોમારેહ.

૨૮. જ્યારે આ દુન્યાથી કીનારે થઇ જઇ ચાલી જવાનો મારો વખત આવે ત્યારે બેશુમાર યઝદોને મોકલજે.

સોરૂશે પાક ગીરદ દસ્તે મારા,
બેજા આરદ હમા અલતાફહારા.

૨૯. પાક સરોષ યઝદ મારો હાથ પકડે, અને મહેરબાનીઓ વરસાવવાનું બજા લાવે.

પતેત પયેવસ્તેહ બા કામો ઝબાન કુન,
અશેમરા હમ ગેહે નઝુઅમ રવાન કુન.

૩૦. હંમેશાં પતેત મારાં તાળવાં તથા જીભમાં મુક, મારી છેલ્લી પળને વખતે 'અષેમ વોહુ'ના કલામો મારી જીભ ઉપર જારી કરજે.

કે તા અહરીમને રીમન શવદ પસ્ત,
બે ગોસ્તાખી નયારદ ઝદ બેમન દસ્ત.

૩૧. કે જેથી નાપાક અહેરેમન નીચો પડે, અને ઢુંડાઇ લાવી તે મને પોતાંનો પંજો મારી શકે નહિ.

બવદ એઅદાએ મન ખન્નાસ પીશે,
બકૂરી મોત્તસેલ બાદા હમીશે.

૩૨. મારા દુશમનો શયતાની પેશાના છે, તેઓ હંમેશાં અંધારાં સાથે જોડાયલા રહેજો.

એલાહી દૂસતાનમ ઘમ મબીનાદ,
વગર દોશમન બુવદ ખુશ-દમ મબીનાદ.

૩૩. અએ ખોદા! મારા દોસ્તો ગમ ના જોતા, અગર કોઈ મારો દુશ્મન હોય તો તે સુખની પળ ના ભોગવતો.

રવમ ઝીન જા ચુ સૂયે મીનુઈયાન,
બે ચેન્યદ પોલ રેહે મન બાદ આસાન.

૩૪. જ્યારે હું આ દુન્યામાંથી મિનોઇ દુન્યામાં જાઉં, ત્યારે ચીનવદ પુલ ઉપર મારો રસ્તો આસાન થજો.

તુ અયે બેહુમન બેયાઈ શાદ બા બખ્ત,
રવાનમરા દેહી અઝ કેર્ફેહા રખ્ત.

૩૫. અએ બહમન અમશાસ્પંદ! તું આનંદ સાથે મારૂં નસીબ લઇને આવ, અને મારાં રવાનને સવાબનો અસબાબ બક્ષ!

સોરૂશો મ્હેરો રશન્ ઈઝદ હેસાબમ.
કુનન્દ હમ વા રેહાનન્દ અઝ એઝાબમ.

૩૬. સરોષ, મહેર અને રશને યઝદો મારાં કામોનો હિસાબ કરે, તથા મને દોઝખની આફતમાંથી છોડાવે.

અઝાન્જા બર સેતર-પાયેહ રસાનન્દ,
ગોલે શાદી બે ફર્કેમન ફેશાનન્દ.

૩૭. ત્યાંથી મને તેઓ સીતારાઓના ભુવનવાળાં બહેશ્ત તરફ પુગાડે, ખુશા- લીનાં ફુલ મારા માથાં ઉપર વધાવે.

બેગીરન્દ દસ્તો બર મેહ-પાયેહ્ આરન્દ,
બે મન અઝ મેહ્રબાની સાયેહ્ દારન્દ.

૩૮. મારો હાથ પકડીને મને માહપાયાનાં બહેસ્ત તરફ લાવે, મારી ઉપર મહેરબાનીનો છાયો બીછાવે.

વઝાન તા પાયેયે ખુર્શીદે તાબાન,
કે હસ્ત્ અઝ દારૂરો યાકુતહા દોરોખ્શાન,

૩૯. અને ત્યાંથી પ્રકાશિત ખોરશેદ પાયાનાં બહેસ્ત તરફ લાવે, કે જે મોતી તથા માણેકથી પ્રકાશે છે.

રસાનન્દ હમ મરા આન્જા નેશાનન્દ,
નેસારે ગૂનેગૂન બર મન ફેશાનન્દ.

૪૦. ત્યાં મને પહોંચાડે અને બેસાડે, અને મારી ઉપર તરેહવાર નીસાર વરસાવે.

બે પીશે દાદગર દારન્દે આરન્દ,
કે મન સેજદાતે ગૂનેગૂન ગુઝારન્દ.

૪૧. પછી પાક દાદાર કે જે દુન્યાનો નેગેહબાન છે, તેની નજદીક મને લાવે, અને મારી તરફથી ઘણી મીન્નત ગુજારી કરે.

ચુ સર બરદારમ આન્જા અયે એલાહી,
કુનમ ફર્યાદો લાબો ઓઝૂરખાહી,

૪૨. પછી અય ખોદા! જ્યારે તે જગ્યાએ હું મારૂં સર ઉચું ઉઠાવું, ત્યારે હું ફરીયાદ તથા આજીજી તથા ઓજરખાહી કરૂં.

કે હીચમ નામદ્ અઝ ગોફ્તારો કેરદાર,
સેતમ કર્દમ બે ખુદ અયે પાક દાદાર.

૪૩. કારણકે મારા બોલવા અને કરવાથી કંઈ હાંસલ થયું નથી. અએ પાક દાદાર! મેં મારી પોતાની ઉપર સિતમ કીધો છે.

પઝીરી ઓઝ્રહા 'તોજેશ' ગુઝારમ,
કે યક તા દહ્ ઝે દેહ્ તા સદ હઝારમ.

૪૪. હું એકથી દસ, દસથી સો હજાર માફી માગું છું અને તોજેશ ગુજારૂં છું, તે કબુલ રાખ.

બે બખ્શાયેશ રસીદ્દ ઇન બન્દે સૂયત,
કે આવરૂદી વગરને સૂયે કૂયત ?

૪૫. તારી મહેરબાનીથી હું તારી (ખોદા) તરફ પહોંચ્યો છું, નહિ તો કોણ મને તારી ગલીમા (યાને તારી સનમુખ) લાવતે ?

ખોદાવન્દા બે દીને બેહ્ કે દાયમ,
એજાબત-પીશે ગર્દાની દોઆયમ.

૪૬. અએ ખોદા! જે ભલી દીન હું પાળું છું, તેને ખાતર મારી દુવાઓ કબુલ રાખ.

ખોદાવન્દા બે જેહતે પાસબાની,
બેસાઝદ રશ્ને ઇઝદ મીહમાની.

૪૭. અએ ખોદા! મારી પાસબાનીને માટે રશને યઝદ મારી પરોણાગત કરે.

હઝારાન નીકૂઇ બા મન બેસાઝદ,
જે દીન્દારીએ મન અઝ મન બેનાઝદ.

૪૮. હજારો ભલાઇ ને મારી સાથે કરે, મારી દીનદારીને ખાતર તે મારાથી મગરૂર અને ખુશી થાય.

બેહુરૂ કારમ નેમાયદ દસ્તગીરી,
જે હેન્ગામે જવાની તા બે પીરી.

૪૯. તે મારાં દરેક કામમાં જુવાનીના વખતથી તે બુઢાપાના વખત સુધી મને સહાય થાય.

બુવદ ઇન બન્દેરા દર હુર મકાન યાર,
શફીએ મન બુવદ દર પીશે દાદાર.

૫૦. દરેક જગ્યાએ તે મારો મદદગાર થાય, અને દાદારની હજુર તે મારી તરફથી ઓજરખાહી તથા ભલામણ કરનાર થાય.

સીઓસેગાન અમર્ગો રૌશનો પાક,
મરા દારન્દ દર કૌનીન બીબાક.

૫૧. રોશન પાક તેત્રીસે ફરેસ્તાઓ બન્ને જહાનમાં મને બીક વગરનો રાખે.

ઝે યઝદાન ખાહમ અઝ બાબે એબાદત,
કે બાશદ બન્દગીઅમ રા ઝેયાદત.

૫૨. ખોદા તરફથી હું એક બંદા તરીકે માગું છું કે મારી બંદગીમાં વધારો થાય.

ગનામીનો ઝે મન દર "શીનમૂઈ,"
નેગુનસાર બેયોફતદ બા ઝર્દ-રૂઈ.

૫૩. ગનામીનો મારાથી "શીનમુઇ" ગુનાહમાં (યાને રડવા કુટવામાં) ફિક્કા ચહેરા સાથે ઉંધે મસ્તકે પડે.

તુ અય બેહમન નેકૂ નીયત બેબખશા,
'અકોમન' દૂર દારો હૂશ વખ્શા.

૫૪. અએ બહમન અમશાસ્પંદ! તું મને નેક નેયત બક્ષ. અકોમન (બહમનના હરીફ)ને દુર રાખ, અને મારાં ડહાપણનો વધારો કર.

ઝે ગાવો ગૂસપન્દાન મોન્ફેઅત બખ્શ,
નશાયદ તા કે આઝારમ, કુનમ પખ્શ.

૫૫. ગાય ગોસ્પંદોથી મને ફાયદો બક્ષ, એવું નહિ થાય કે હું તેઓને દુઃખ દઉં અને ઇજા પહોંચાડું.

તુ અયે અર્દીબેહેશ્તે વીઝેહ મારા,
દેહી અન્દર ગોરોસ્માન પાક જારા.

૫૬. અએ પાક અરદીબહેશ્ત અમશાસ્પંદ! મને પાક ગરોસ્માન બહેશ્તમાં જગ્યા આપ.

ઝે નૂરે ખીશ બખ્શા સોર્ખ-રૂઈ,
બેયાવર બર ઝબાન હરૂજા નેકૂઈ.

૫૭. તારાં નુરથી મને પ્રકાશિત ચહેરો (યાને આબરૂ) બક્ષ, દરેક જગાએ મારી ઝબાન ઉપર (નેકીનાજ) લબ્ઝ લાવજે.

તુ શેહરીવર બેશવ દર શોઘ્લ યારમ,
ઝે એકૂલાસે જેહાન મેહફૂઝ દારમ.

૫૮. અએ શહેરીવર અમશાસ્પંદ! તું મારાં કામકાજમાં મારો મદદગાર થજે, જેહાંનની ગરીબાઇથી મારૂં રક્ષણ કરજે.

કે સીમો ઝર ફેરાવાન ગેન્જમ આવર,
તમત્તોહા અઝુ બીરન્જમ આવર.

૫૯. સોના રૂપાનો મોટો ગંજ મને આપ, મને રંજ વગર તેમાંથી ફાયદો આપ.

ગોનાહી કાન કે મન દર દામત્ આમદ,
મોઆફૂમ કુન કે બન્દેહ રામત આમદ.

૬૦. જે ગુનાહ કરી હું તારા ફંદામાં ગીરફતાર થયો છું તે ગુનાહ માફ કર, કારણકે હું હવે તારો તાબેદાર બંદો થયો છું.

કે અસ્પન્દારમદ દારમ ઓમીદી,
કે ઊ 'બુન્દે મનેશ' બખ્શદ નવીદી.

૬૧. અસ્પંદારમદ અમશાસ્પંદ તરફથી હું એવી ઉમેદ રાખું છું કે તે સંપુર્ણ મનશની અને સારાં કામોની રૂડી ખબર મને આપે.

કે અફૂઆલે જમીલમ બોર્દબારી,
અતા કુન બા મતાએ ખાકસારી.

૬૨. સારાં કામોમાંથી સહનશીલતા અને તે સાથે નમ્રતાનો અસબાબ મને બક્ષ.

તુ અયે ખોરૂદાદ હસ્તી સાહેબે સાલ,
હમા અવકાત દારીઅમ નેકૂ હાલ.

૬૩. અએ ખોરદાદ અમશાસ્પંદ! તું સાલોનો સાહેબ છે, મને દરેક વખતે સારી હાલતમાં રાખ.

કે ઓમ્રે જાવેદાની દેહ ઓમીદી,
હમઝ શીરીન ઝબાનીઅમ નવીદી.

૬૪. મને જાવેદાન જીંદગીની ઉમેદ આપ; મને શીરીન ઝબાન બક્ષવાની રૂડી ખબર આપ.

તુ અયે મોરૂદાદ દાદમ દેહ શબો રૂઝ,
ચેરાગે અકૂલે મન રૌશન બરઅફૂરૂઝ.

૬૫. અએ અમરદાદ અમશાસ્પંદ! રાત દીન તું મારી ફરીયાદે પહોંચ, અને સહાયથી મારી અકકલના ચેરાગને રોશન બળતો કર.

બરે એશરત બેદેહ શાખે તનમરા,
ગોલે શાદી બેયાવર ગોલશનમરા.

૬૬. મારાં બદનની ડાંખળી ઉપર મોજમજાહનાં ફળ આપ, મારા બાગમાં સુખ અને ખુશાલીનાં ફુલ લાવ.

ફરાખી દેહ બે રેઝકે જાવેદાનેહ,
બે રૂઝીએ હલાલમ કુન નેશાનેહ.

૬૭. હંમેશગીની રઝકરોટીથી મને આબાદી આપ, મને હલાલ રોજી મેળવનાર તરીકે જાણીતો કર.

તુ અયે દેબાદરમ ખુશનૂદ દારી,
હમા કારમ બે નફૂઆ સુદ આરી.

૬૮. અએ દેપાદર! તું મને ખુશનુદ રાખ, મારાં સઘળાં કામો નફાકારક તથા ફાયદેમંદ કર.

બેયફૂઝા હૂશો અકલમરા શબોરૂઝ,
બુયદ અઝ અશા હર રૂઝમ ચુ નોરૂઝ.

૬૯. રાતદીન મારી હોશ અક્કલમાં વધારો કર, મારો દરેક દિવસ ખુશી ખુરમીને લીધે નવરોઝના જેવો પમરતો (ખુશહાલ) બને.

તુ આદર ઇઝદમ મકબૂલ ગર્દાન,
બે હમ્દે દાદગર મશઘૂલ ગર્દાન.

૭૦. અએ આદર યઝદ! તું મને પસંદ કરવા લાયક અને માનીતો કર, દાદગરની સેતાયશમાં મને મશગુલ કર.

તુ ફર્કે મન બેનેહ તાજે કયાની,
નેમાયમ ગન્જે મદફૂનો નેહાની.

૭૧. મારાં માથાં ઉપર કયાની તાજ મેળ, દટાયલો અને છુપો ખજાનો મને દેખાડ.

બેયા આબાન બે સૂયમ નીક-આવાન,
દેલમરા શોસ્તોશુઇ દેહ કેરાવાન,

૭૨ અએ આવાં યઝદ! તું શુભ હીંગામે મારી તરફ આવ, મારાં હૃદયને ધોઇને ઘણુંજ સાફ કર.

કેતા મન્ઝેલ કુનદ આન ઝરરેએ પાક,
દરૂને મન શવદ્ અઝ વયે ખોરેહનાક.

૭૩. કે જેથી તે પવિત્ર રજકણ (atom) મારાં હૃદયમાં મુકામ કરે, અને તેનાથીજ ખોરેહમદ થાય.

અયા ખુર્શીદ બખ્શામ સરૂફરાઝી,
કે માનદ દોશ્મનમ દર જાન-ગુદાઝી.

૭૪. અએ ખુરશેદ યઝદ! મને સરફરાઝી બક્ષ, કે જેથી મારા દુશ્મનનો જીવ બળી જાય.

દુ ચશ્માને મરા પોર નૂર દારી,
હમીશે બા ખુશીઓ સૂર દારી.

૭૫. મારી બન્ને આંખોને નુર ભરેલી કરજે, હંમેશાં મને ખુશી ખુરશીમાં રાખજે.

તુ અયે મેહ માહો સાલમ ખુશ ગુઝારી,
સવાબમરા બે ગન્જે હક સેપારી.

૭૬. અએ મહોર યઝદ! મારા મહિના તથા સાલ ખુશ પસાર કરાવજે, મારાં કામોને ખોદાના ખજાનામાં સોપજે.

ફરાહમ આર રેઝકે મન ઝે દાદાર,
બેદીન બીકસ હકીર આન્રા તુ બેસ્પાર.

૭૭. દાદાર તરફથી મારી રઝકરોજીની ગોઠવણ કરજે, અને આ નિરાધાર મુફલેસ બંદાને તે સપુરદ કરજે.

તુ તેશતર અખ્તરાને સઅદ હમ્વાર,
બે જેહતે બખ્તે મન ખાહી ઝે દાદાર.

૭૮. અએ તીશતર યઝદ! ખોદા પાસેથી મારાં નસીબને માટે સારા શુકનવાળા સેતારાની માંગણી કરજે.

કે તા એકૂબાલ એસ્તેકૂબાલમ આયદ,
હમા એદ્બારે મારા દર રોબાયદ.

૭૯. કે જેથી મારૂં નસીબ મને એસ્તેકબાલ લેવા આવે, અને મારાં ખરાબ નસીબને દફે કરે.

રવાનમ બા રવાને ગાવીઓદાદ,
મોસાહેમ કુન તુ 'ગૂશ' અયે પાકે બા દાદ.

૮૦. અએ પાક ઇનસાફી ગોશ યઝદ! મારાં રવાનને ગાવ્યો દાદનાં રવાન સાથે ભાગીયો કર.

તુ અયે દેઅમેહર શદો કામરાન કુન,
સફાએ કલબ દેહ પાકીએ જાન કુન.

૮૧. અએ દએપમહેર યઝદ! તું મને સખી અને ફત્તેહમંદ કર, સાફ અંતઃકરણ આપ, અને મારા આત્માને પાક કર.

મોરાદે મન બરાવર હર ઝમાનેહ,
ઝે વસ્વાસે શયાતીન દેહ અમાનેહ.

૮૨. દર વખતે મારી મુરાદ બર લાવ, શએતાનની લાલચો અને વસવસાથી મને સલામતી આપ.

ઝે મેહરે મેહેર-અફરૂઝસ્ત ઓમ્મીદ,
નબાશદ કસ ઝે મન ઝેન્હાર નૌમીદ.

૮૩. મોહબત ઉશકેરનાર મહેર યઝદ તરફથી એ ઉમેદ રાખું છું કે મારાથી કોઈ શખસ કદી નાઉમેદ થાય નહિ.

રદાનો બેખ્રદાન સૂયમ ગેરાયન્દ,
હમીશે મેહરે મારા દર ફઝાયન્દ.

૮૪. વડા અને ડાહ્યા લોકો મારી તરફ ખેંચાતા રહે, તેઓ હંમેશા મારા ઉપર મહોબત માયાનો વધારો કરે.

બેયા દસ્તૂરે દર્ગાહે ખોદાવન્દ,
સોરૂશે પાક બા 'વઝીં અમાવંદ;'

૮૫. અએ ખોદાતાલાની દરગાહના વજીર વઝીંઅમાવંદ પાક સરોષ યઝદ! ચપળતા તથા હિંમત સાથે તું આવ.

બરાયે નીક-કારીઅમ શરફ દેહ,
હેસાબે બાતેલમરા યક તરફ નેહ.

૮૬. નેક કામ કરવાને માટે મને લાયકાત તથા બુલંદી આપ, મારાં ખોટાં કામોના હિસાબને એક બાજુએ મેલ.

તુ રશ્ને આદેલી, હુમ લોત્ફ ફર્મા,
સવાબમ ચીન, ગોનાહુમરા બેફર્સા.

૮૭. અએ ઈનસાફી રશ્નને યઝદ! મારા ઉપર મહેરબાની કર, મારાં સારાં કામો ચુંટી કહાડ અને મારા ગુનાહને ભુસી નાખ.

બે મીઝાને અદાલત કેર્દે અમ સન્જ,
કે પોલ બોગઝાર મારા શાદા બીરન્જ.

૮૮. (ખોદાતાલાની) અદાલતનાં ત્રાજવામાં મારાં સારાં કામો જોખ, અને ચીનવદ પુલ ઉપરથી મને ખુશાલ તથા રંજ વગર પસાર કર.

તુ ફરવરદીન બે નીરૂ બખ્શ યારી,
મયાવર હીચ ગેહ દર શર્મ સારી.

૮૯. અએ ફરવરદીન યઝદ! મને તારાં કૌવત અને જોરથી મદદ બક્ષ; કોઇબી વખતે મને શરમીંદગીમાં નાખતો ના.

રવાને મન ગુઝારી દર ગોરોસ્માન,
બે પીશે દાદગર બા નકદે ઇમાન.

૯૦. મારાં રવાનને ગરોસ્માન બહેસ્તમાં દાદાર હજુર યકીન અને ઇમાનના સિકકા સાથે લઇ જા.

તુ અયે બેહરામ ફીરૂઝી-ગરી કુન,
સરે એઅદાયે મા બી યાવરી કુન.

૯૧. અએ બહેરામ યઝદ! તું મને ફત્તેહમંદી બક્ષ, મારા દુશમનોને મદદગાર અને મિત્ર વગરના કર.

બે હર ગાહો શબો રૂઝો મેહો સાલ,
બે ફતહે તાઝેઅમ કુન રૌશન એકબાલ.

૯૨. રાત દીન, મહિના અને વરસમાં દરેક વખતે મને નવી ફત્તેહથી રોશન યકબાલનો કર.

તુ રામ ઇઝદ બેયા દેલ-સૂઝિયમ કુન,
કે ઐશો એશરતમ બર-તુઝિયમ કુન,

૯૩. અએ રામ યઝદ આવ અને મારી દીલસોજી કર, અયશ અને ખુશાલીથી મને ભરપુર કર.

બે અન્વાએ તર્બ બઝ્મમ્ બેયારા,
દેલમરા એશ ગર્દાન આશકારા.

૯૪. તરેહવાર આનંદથી મારી ખુશીની મીજલસ શણગાર, અને મારાં હૃદયને ખુશી ખુરમી જાહેર કર.

બેયા બાદ્ ઇઝદા આગાહિઅમ કુન,
મદદ શવ રેહા હુમરાહિઅમ કુન;

૯૫. અએ ગુવાદ યઝદ ! તું આવ અને મને બીદાર અને વાકેફ કર, મારો મદદગાર અને સાથી થા.

રવાનમરા રવાની દેહ બે હરૂજા,
ઝે ગોમરાહી રેહાનો રાહ બેન્મા.

૯૬. મારાં રવાનને દરેક જગ્યાએ વસીલા અને આંટવાળું કર, ગુમરાહીથી તેને છોડવ, અને (નેક) રાહ દેખાડ.

તુ અએ દેબ્દીન અઝીઝી બખ્શ હુમવાર,
બેપીશે પાદેશાહાને નેકૂ કાર,

૯૭. અએ દેપદીન યઝદ ! મને તું હંમેશાં ભલા પાદશાહની નજદીક માનવંતો અને માનિતો રાખ.

કે તા અઝ મન રેહે દીન શેનાસન્દ,
ઝે રાહે તારે અહરીમન હેરાસન્દ.

૯૮. કે જેથી મારાથી ભલી દીનનો માર્ગ તેઓ જાણે, તથા અહેરેમનના અંધારા માર્ગથી બીહે.

ઝે દીનદારી તુ દીન બખ્શા હેદાયત,
કરમ ફર્મા ઓલુમે બી-નેહાયત;

૯૯. અએ દીન યઝદ ! દીનદારીની રાહબરી તું મને કર, બેહદ જ્ઞાન તથા એલમ મને બક્ષ.

મેયાનમરા બેકોસ્તી બસ્તેહ દારી,
ઝે પાદફ્રાહે દૂઝખ રસ્તેહ દારી.

૧૦૦. મારી કમરે હંમેશાં કુસ્તી બાંધેલી રાખ, દોજખની સજાથી મને છુટકારો આપ.

દરીગા દીન કે દર આખેર હઝારેહ,
રસદ આફત બેહૂ અઝ હર કેનારેહ !

૧૦૧. અફસોસ! કે આખરના હજારામાં દરેક ઠેકાણેથી દીન ધર્મને આફત પહોંચશે.

તુ અરૂશેશન્ગ ગન્જે કેર્ફ હારા,
અતા સાઝી બર આરી મોદ્દઆરા.

૧૦૨. અએ અશીશવંધ યઝદ! સવાબના ગંજની બક્ષેશ કર, અને મારી મુરાદ બર લાવ.

બે સીમો ઝર મરા મઅમૂર ગર્દાન,
બે રૂહમ તાબ દેહ પોરનૂર ગર્દાન.

૧૦૩. સોના રૂપાંથી મને ભરપુર કર, મારાં રૂહને પ્રકાશ આપ, અને તેને નુરથી ભરેલું કર.

બેયા અસ્તાદ બર કલ્બમ ગુઝર કુન,
તુ ફેલ્હુલ બાબે હર ગૂને હોનર કુન.

૧૦૪. અએ આસ્તાદ યઝદ! તું આવ, મારાં અંતઃકરણમાં પસાર થા, અને તેને દરેક કીસમના હુન્નરથી દસ્તેહમંદ બનાવ.

ફેરાવાન અઝ હોનરહાએ દરેમ્હેર,
બેયામૂઝી કે બાશદ રૌશનમ ચ્હેર.

૧૦૫. દરેમહેરને લગતા ઘણાક હુન્નરો તું મને શીખવ, કે જેથી મારો ચહેરો રોશન રહે, (યાને હું શરમીંદો થાઉં નહીં).

ઝે તુ અયે આસમાન અયે સાહેબે જાહ,
મોરાદી ઇનચેનીન ખાહમ બેહર ગાહ.

૧૦૬. અએ આસ્માન યઝદ! અએ મરતબાના સાહેબ! હું મુરાદ હર વખતે ચાહું છું કે:—

કે દાયેમ પીશેહાએ નીક દારમ,
શવદ આરાસ્તે ઝાન કારોબારમ.

૧૦૭. હું હંમેશાં નેક ધંધો કરૂં, જેથી મારૂં કામકાજ શણગાર પામેલું અને ધીકતું થાય.

તુ અયે ઝમ્યાદ દેલ બર જાયે દારમ,
એનાયત કુન ખેતાબી બા વકારમ;

૧૦૮. અએ જમયાદ યઝદ! તું મારૂં હૃદય ઠેકાણે રાખ, (દ્રઢ રાખ) અને મને ઠાવકાપણાથી બોલવાની છટા બક્ષ.

બે દીને બેહ સબાતી દેહુ ચેનાનમ,
કે નક્‌શદ જૌરે પાદેફ્રર રવાનમ.

૧૦૯. ભલી દીન ઉપર મને એવી તો કાયમ આસ્થા આપ, કે મારૂં રવાન (દોઝખની) સજાનો સીતમ નહિ ખેંચે.

ચુ મારેસ્ફન્દ ગર્દદ મીઝબાનમ,
અવસ્તા-ખાન બેગર્દાનદ ઝબાનમ;

૧૧૦. જ્યારે મારેસ્પંદ યઝદ મારો મેજબાન અને મુરબ્બી થાય ત્યારે તે મારી ઝબાનને અવસ્તા ભણતી કરે.

હમી ખાહમ કે વસ્તા હીચ ગાહી,
ન ફર્મૂશમ ઝે મન હીચ રાહી.

૧૧૧. હું એવું માગું છું કે કોઇબી વખતે તથા કોઇબી રવેશે અવસ્તાનાં કલામો પઢવાનું હું ભુલું નહિ.

ગરોસ્માન જાયગાહમ કુન અનારામ,
કે યાબદ જાને મન જાવીદ આરામ.

૧૧૨. અએ અનેરાન યઝદ! ગરોસ્માન બહેસ્તમાં મારી જગા કર, કે જેથી મારાં રૂહને કાયમનો આરામ મળે.

રવાનમરા સરાસર પોર ઝિયા કુન,
મેસે બી અર્ઝ્રેબારમ કીમિયા કુન.

૧૧૩. મારા આત્માને પુરેપુરો નુરથી ભરપુર કર, મારાં કીમત વગરના અને નકામા તાંબાને (ખાકી શરીરને) તારા કીમિયાના પ્રતાપથી સોનું બનાવ.

કુની અયે બોર્ઝ યઝદ પાદેશાહમ,
તુ બાશી હર ઝમાન પોશતો પનાહમ.

૧૧૪. અએ બરજો યઝદ! તું મને પાદશાહ (જેવો) બનાવ અને હર વખતે મારા ટેકા તથા પનાહ સમાન થા.

ફેરાવાન અઝ ગોનાહુમ શોસ્તે ગર્દદ,
બે વસ્તા ચુન સનાયત ગોફ્તે ગર્દદ.

૧૧૫. હું જ્યારે અવસ્તા પઢીને તારી સિફ્ત ગાઉં છું ત્યારે મારા પુષ્કળ ગુનાહો ધોવાઇ જાય છે.

જવાન બખ્તી દેહો ફાલે નેકૂઇ,
ગુઝારી ઓમ્રે મન બા સોર્ખરૂઇ.

૧૧૬. તું મને સારૂં ખીલતું નસીબ અને સારા સગન આપ, અને મારી જીંદગી રોશન ચહેરા સાથે (યાને આબરૂ સાથે) પસાર કરાવ.

તુ હોમ ઇઝદ મરા દેલ દેહ બેહરૂકાર,
બે ફર્ઝન્દાને મન શવ યારો ઘમખાર,

૧૧૭. અએ હોમ યઝદ ! તું દરેક કામમાં મને હિંમત આપ અને મારાં ફરઝંદોનો દોસ્ત અને દીલસોજ થા.

કે એશરત જામે શાન હમવારેહ પોરૂદાર,
બેદારી દૂર અઝ હર ગૂનેહ આઝાર.

૧૧૮. હમેશાં તેઓની જામ ખુશાલીથી ભરપુર રાખ, દરેક પ્રકારનાં સંકટથી તેઓને દુર રાખ.

કે એલ્મે દીનો દોન્યા બેહરેવર કુન,
હુમા એખ્દાએ શાન રા દર બેદર કુન.

૧૧૯. તેઓને દીની અને દુન્યાઈ જ્ઞાનથી હિસ્સાવાળાં કર અને તેમના સઘળા દુશ્મનોને દરવાજે દરવાજે રખડતા, ઘરબાર વગરના, ભીખ માગતા કર.

કે તુ ખાહમ મન અયે દહમાન ચેનીની;
કે નારી બર ઝબાન જોઝ આફરીની.

૧૨૦. અએ દહમ યઝદ ! હું તારી પાસથી એ માગું છું કે આફરીન અને સેતાયશ સિવાય મારી ઝબાન ઉપર બીજું કાંઈ તું લાવે નહિ.

મનેશરા તોફ્તુલઐની બેખશાય,
બે એલ્હામે ખોદાઇ રાહ બેન્માય.

૧૨૧. મારાં મનને શ્રેષ્ટ આંખ યાને સમજ શકિતની બક્ષેશ કર અને ખોદાઈ ખ્યાલાત (divine inspiration) તરફ મને દોરવ.

અનુશે રૂહે જર્તોશ્તે સપેત્માન,
શરફ્ બખ્શદ બે ખેદ્મત દર ગરોસ્માન:

૧૨૨. સ્પીતમાન જરતોસ્તનું અમર રવાન ગરોસ્માન બહેસ્તમાં પોતાની હાજ-રીથી મને બુલંદી આપે.

બે દીને બેહુ ચેનાન બખ્શદ સબાતી,
કે ખાનદ આફ્રીન હર ઝીન્હયાતી.

૧૨૩. વલી દીન તરફ મને તે એવી તો કાયમ આસ્થા બક્ષે કે દરેક જીવડો મને આફ્રીન કરે અને શાબાશી આપે.

પરસ્તારમ અગર્ચે શર્મસારમ,
તોરા મઅલૂમ અયે હક આન્ચે દારમ.

૧૨૪. હું તારો બંદો છું, છતાં મારાં કામોથી શરમીંદો છું. અએ ખોદા! મારી પાસે જે છે તે (યા મારામાં શું એબ છે) તે સર્વે તુંને માલમ છે.

અજબ ને કજ તુ લોત્ફી બરમન આયદ,
કે મોન્એમ બર ગદા દેલ્સૂઝ બાયદ.

૧૨૫. જો તારી મહેરબાની મારી ઉપર ઉતારે, તો તેમાં અજબ થવા જેવું કાંઇ નથી, કારણકે તવંગરે ભીખારી તરફ દીલસોજ થવું જોઇએ.

ચે બાશદ ગર ગદાએ બીનવાઇ
બે ખાને આમે તુ યાબદ સલાઇ?

૧૨૬. અગરજો ગુજરાનના સાધન વગરના એક ભીખારીને સઘળાઓને માટે બીછાવેલી ખાણાંની મેજ ઉપર નોતરવામાં આવે તો શું થયું?

મોઅત્તલ કયે ગુઝારી હીચ કસ રા?
બુવદ દસ્તે દોઆ હર ખારો ખસ રા.

૧૨૭. તું ક્યારે કોઇબી શખસને રદ ફીરેલો અને તજેલો પડતો મેળે છે? કારણકે કાંટા અને નકામા ઘાસને પણ દુવા અને આજીજીમાં લંબાવવાને હાથ છે.

ખોદાવન્દા મોનાજાતમ પઝીરી,
હરાન કુ ખાનદ ઊરા દસ્તગીરી.

૧૨૮. અએ ખોદા! મારી મુનાજાત કબુલ કર, જે કોઇ તે પઢે તેને તું સહાય થા.

દેહી દાયેમ મરા ઓમ્મીદવારી,
કે "બાહી યાકૂત દર દેલ હર્ચે દારી."

૧૨૯. તું મને હંમેશાં આવીને ઉમેદ આપ કે "તારાં દીલમાં જે કાંઇ મુરાદ હશે તે બર આવશે"

એલાહી હરકે બાનદ ઇન મોનાજાત,
રવા ગર્દાનિયશ હર ગૂને હાજાત.

૧૩૦. અએ ખોદા! જે કોઇ આ મોનાજાત ભણે, તેની દરેક જાતની હાજત બર લાવ.

મોરાદે દેલ બે આન બન્દે અતા કુન,
બે હસ્બે ખાન્દનશ હાજત રવા કુન.

૧૩૧. તે મોનાજાત પઢનારની દીલની મુરાદ તું બક્ષ, અને તેનાં પઢવાના પ્રમાણમાં તેની હાજત પાર પાડ.

બેદેહ દૂરી ઝે દીવો અઝ ગોનાહમ,
ખોદાયા દેહ બે સૂયે ખુદ પનાહમ.

૧૩૨. દેવ અને ગુનાહથી મને દુર રાખ, અએ ખોદા! તારી પોતાની તરફ મને આશરો આપ.

હમા દોન્યા બે કામે મન ગુઝારી,
બે ઓકબા વસ્લે ખુદ દર પીશ દારી.

૧૩૩. તમામ દુન્યાને મારી ઈચ્છા મુજબ ચલાવ, (યાને મારી તમામ દુન્યાઇ ઇચ્છા પાર પાડ), પેલી દુન્યામાં તારી સાથના મેલાપની આશા મારી આગળ કર.

બે નાઝો નેઅ્મતમ્ આબાદ ગર્દાન,
બે દોન્યાઓ બે ઓકબા શાદ ગર્દાન.

૧૩૪. પૈસા ટકા અને ન્યામતના લાડમાં આબાદ રાખ, આ તથા પેલી દુન્યામાં મને ખુશાલ કર.

મોનાજાત ૨૦ મી (બયતોમાં).

તેત્રીસ ફરેશ્તાઓની યાદ સાથની.

દસ્તુર દારાબ હોરમઝદિયારની.

યઝદ 'હર્વસ્તૂનો ચમગ હૂસેપાસ.'
ખોરેહ્મન્દ હુર્મઝ્દે નીકી-શેનાસ,

૧. અએ તમામ જાણનાર, અમર્ગ, શુક્રાના કરવા લાયક યઝદ; અએ ખોરેહવાળા, નેકીના પીછાણ કરનાર અહુરમજદ!

બેકુન ઝેન્દગાની તુ મારા ફરાખ,
બે યારાનો ખીશાનો પયવન્દો શાખ.

૨. તું મારી, મારા દોસ્તની, ખેશીઓની, સગાંવહાલાંઓની અને કુટુંબ કબીલાની જીંદગી લાંબી કર.

બે ફર્માય બા બેહ્મન્ અમશાસપન્દ,
કે દારદ બે ગીતી મરા અર્જમન્દ.

૩. તું બહમન અમશાસ્પંદને ફરમાવ કે તે મને દુનિયામાં માન પામેલો રાખે.

ઝે દીબાએ ઝરૂબફ્ત પૂશેશ મરા,
બેબખ્શદ દેહદ ખલ્અતે પેર સફા.

૪. તે મને સોનેરી જડાવ સાથનાં કપડાં બક્ષે, તમામ સફાઇદાર પોશાક આપે.

બે મર્દોમ બેસાઝદ મરા આશતી,
હમીશે દેહદ બર ઝબાન રાસતી.

૫. માણસો સાથે મને સલાહસંપમાં રાખે, મારી જબાનને હંમેશાં રાસ્તી આપે.

મનશનીએ મન દારદ ઊ ખૂબતર,
રેહાનદ રવાને મરા અઝ સકર.

૬. તે મારી મનશનીને વધારે સારી રાખે, તથા મારાં રવાનને દોઝખથી છોડવે.

રસાનદ રવાનમ બેકોર્સીએ અર્શ,
અબા જામેઓ સાઝો ઝરૂબફ્તો ફર્શ.

૭. મારાં રવાનને કિમતી ગાલીચા તથા સોનેરી સાજ સાથે નવમાં આસમાનની બેઠકે પહોંચાડ.

નેગેહ્બાને મન કુન તુ અર્દીબેહેશ્ત,
કે બેદૂહદ મરા જાયે રોશન બેહેશ્ત.

૮. અરદીબહેશ્ત અમશાસ્પંદને તું મારો નેઘેહબાન કર, કે તે મને રોશન બહેશ્તની જગ્યા આપે.

બેગીતી મરા શાદ કામી દેહદ,
બે મીનૂ બરમ મેહરબાની નેહદ.

૯. આ ગેતીની દુનિયામાં તે મને ખુશી ખુરમી આપે (અને) મીનોઈ દુનિયામાં મારા ઉપર મહેરબાન થાય.

બેફર્માં બે શેહરીવર્ અયે દાદગર,
કે બખ્શદ બે ગીતી મરા સીમો ઝર.

૧૦. અએ દાદગર! શહેરેવર અમશાસ્પંદને ફરમાવ કે તે મને આ ગેતીની દુનિયામાં સોનું, રૂપું (દોલત) બક્ષે.

બેપીશે બોઝોર્ગાનો નામ આવરાન,
મરા આબરૂઇ નેગેહ્ દારદ આન.

૧૧. બુઝોર્ગ તથા નામાંકિત માણસોની સનમુખ તે મારી આબરૂ જાળવી રાખે.

બેહરજા દેહદ ઇમની મર મરા.
દેહદ્ શાદકામી ફેઝૂન્તર મરા.

૧૨. હર જગ્યાએ તે મને સલામતી બક્ષે, તથા મારી ખુશી ખુરમી જ્યાદા કરે.

બેકુન પાસબાનમ સપેન્દારમદ,
કે બર રૂયે અર્ઝમ ફરાખી દેહદ.

૧૩. સ્પંદારમદ અમશાસ્પંદને તું મારો પાસબાન કર, કે તે આ ધરતીની સપાટી પર મને દરેક ચીજમાં આબાદી બક્ષે.

બેજાયે અશૂઆન મોકામમ દેહદ,
બેમન શેફ્કતો મેહરબાની નેહદ.

૧૪. અશો લોકની જગ્યાએ મને મુકામ આપે, મારી ઉપર દયા તથા મહેરબાની કરે.

બે ખોર્દાદો મોર્દાદ ફર્મા ચેનાન,
કે બાશદ નેગેહબાને મન નાતવાન;

૧૫. ખોરદાદ તથા અમરદાદ અમશાસ્પંદને તું એવું ફરમાવ કે તેઓ હું નાતવાનના નેઘેહબાન થાય.

બે હર મોશ્કેલી કારમ આસાન કુનદ,
બે મન ચાર પાયાન ફેરાવાન કુનદ.

૧૬. દરેક મુશ્કેલીમાં મારૂં કામ આસાન કરે, તથા મને ચોપગાં પશુઓની (ગોસ્પંદોની) બક્ષેશ કરે.

કુનદ જાને મન સબ્ઝો શાદાબ નીઝ,
રસાનદ નેકૂ નેઅ્મતો ખાનો ચીઝ.

૧૭. વળી મારાં જાનને તાજો અને ખીલતો તથા ખુશાલ કરે, તથા મને ભલી ન્યામતો અને ખાવાની ચીજો પહોંચાડે.

તુ આદર યઝદ કુન નેગેહબાને મન,
કે પોર નૂર દારદ મરા જાનો તન.

૧૮. તું આદર યઝદને મારો નેઘેહબાન કર, કે મારા તન અને જાનને નુરથી ભરેલું રાખે.

રસાનદ બે પીરૂઝી ઊ મર મરા,
દેહદ ખોર્રમીઅમ બે હર દુ સરા;

૧૯. તે મને ફત્તેહની ટોચે પહોંચાડે, (અને) બન્ને દુન્યામાં મને ખુશી ખુરમી આપે.

બે આબાન બેફર્માય અયે દાદગર,
કે જાનમ કુનદ રૌશનો તાઝેહતર.

૨૦. અએ દાદગર દાવર! આવાં યઝદને તું ફરમાવ કે મારા જાનને રોશન તથા વધારે તાજગી ભરેલો કર.

તુ ખુર્શીદો મેહ કુન મરા પાસબાન,
કે અઝ નૂર પાકમ બેસાઝન્દ શાન.

૨૧. તું ખોરશેદ તથા મોહર યઝદને મારા પાસબાન કર, કે તેઓ પોતાનાં નુરથી મને પાક કરે.

કોશાયન્દ હુમા કારે મોશ્કેલ મરા,
રેહાનન્દ જે અન્દુહો અઝ બીમહા;

૨૨. તેઓ મારાં સઘળાં મુશ્કેલ કામો પાર ઉતારે તથા ગમગીની અને ફીકર ધાસ્તીથી મને મોકળો કરે.

બેફર્મા બે તેશતર તુ અયે દાદગર,
કે બા મન કુનદ શાદીહા બીશતર.

૨૩. અએ દાદગર! તું તેશતર યઝદને ફરમાવ કે મારી ઉપર જીઆદા બક્ષેશ કરે.

બે હર્ જા કુનદ પાસબાની મરા,
દેહદ હેકૂમતો કારદાની મરા;

૨૪. તે હર જગ્યાએ મારી પાસબાની કરે, મને દાનાઇ તથા કુશળતા બક્ષે.

ઝિયાદત કુનદ ઓશ્ર અન્દર હયાર,
બે પયેવન્દો દેલ્બન્દો ખીશો તબાર.

૨૫. દુન્યામાં તે મારા લાગતા વળગતાઓની, વ્હાલાંઓની, ખેશીઓની તથા કુટુંબીઓની ઉમર લાંબી કરે.

ખોદાયા બેફર્મા તુ બા ગૂશો રામ,
કે શાદીઓ રામેશ રસાનદ મોદામ.

૨૬. અએ ખોદા! તું ગોશ યઝદને તથા મીનો રામને ફરમાવ કે તેઓ મને હમેશાં સુખ તથા ખુશાલી પહોંચાડે.

બેકુન પાસબાન મ્હેરો રશ્નેે મરા,
બે ચેન્વદ પોલશ હુમ નેમાયન્દ અતા.

૨૭. મહેર તથા રશ્ને યઝદોને મારા પાસબાન કર, તથા ચીનવદ પુલ ઉપરથી તેઓ મારા ઉપર મહેરબાની દેખાડે.

દેહન્દ દર દેલમ શાદીઓ રાસતી,
કુનન્દમ દૂર હમ્વારે અઝ કાસતી.

૨૮. તેઓ મારાં દીલને ખુશાલી તથા રાસ્તી આપે અને જુદાઇથી મને હંમેશાં દુર રાખે.

ગોનાહમ બેબખ્શન્દ રૂઝે હેસાબ,
રેહાનન્દ રવાનમ ઝે બીમે એઝાબ.

૨૯. ક્યામતને દિવસે (ચહારમની બામદાદે) મારા ગુનાહ માફ કરે, તથા મારા આત્માને (દોજખની) શિક્ષાની ધાસ્તીથી છુટકારો બક્ષે.

સોરૂશે અશૂરા બેફર્મા ચેનાન,
કે બાશદ ચુ દાયે મરા પાસબાન.

૩૦. અશો સરોષને તું એવું ફરમાવ કે એક બાળકને ધવાડનારી દાયાની માફક મારી પાસબાની કરે

રવાનમ નેગેહ્દારદઝ તર્સો બીમ.
બે શાદી રસાનદ બે ખોલ્દે અઝીમ.

૩૧. મારાં રવાનને ધાસ્તી અને બ્હીકથી સંભાળે, અને તેને ખુશી આનંદમાં બુલંદ બહેસ્તમાં પહોંચાડે.

બેહર શબ કુનદ પાસબાની મરા,
કુનદ ઇમનઝ દેલ-ગેરાની મરા.

૩૨. દર રાતે મારી પાસબાની કરે, અને મને ઉદાસપણામાંથી સલામતી આપે.

અબા નૈરિઓસન્ગો હુમ અર્શસ્વન્ગ,
બેફર્મા કે દેહન્દ મરા મરા હૂશો હુન્ગ.

૩૩. નેરીયોસંગ યઝદને તેમજ વળી અશીશવંઘને તું ફરમાવ કે તેઓ મને દાનાઇ તથા તિક્ષણ બુદ્ધિ બક્ષે.

બે સે દયે ફેઝૂન અકૂલો હૂશમ કુનદ,
હુમ અફ્ઝૂનીએ કૂતો તૂશમ કુનદ.

૩૪. ત્રણ દએ (દએ પ આદર, દએ પ મેહર અને દએ પ દીન), મારી અક્કલ તથા હોંશ જ્યાદા કરે, તેમજ મારી રોઝી અને કૌવતનો વધારો કરે.

ફરૂહર અશો રા તુ ફર્મા ખોદા,
કે સૂયે બેહેશતમ બુવદ રેહ્નેમા.

૩૫. અએ ખોદા! તું અશો ફરોહરોને ફરમાવ કે તેઓ બહેસ્ત તરફ મારા રહેનુમા બને.

બે બેહુરામ ઇઝદ તુ ફ્રર્માં ચેનાન,
કે બાશદ નેગેહુદારમ અન્દર જેહાન.

૩૬. બહેરામ યઝદને તું ફરમાવ કે દુનિયામાં તે મારો નેઘેહબાન થાય.

બેહર્ કાર યારી કુનદ ઊ મરા,
કે ફીરૂઝ બાશમ બે હર્ દુ સરા.

૩૭. હરેક કામમાં તે મને યારી આપે, કે જેથી હું બન્ને જહાંનમાં ફત્તેહમંદ થાઉં.

બે હર્ જા બે નીકી શવદ રેહુનેમા,
બે હર્ જા કુનદ દોશ્મનમ ઝીરે પા.

૩૮. દરેક ઠેકાણે તે નેકીના માર્ગ તરફ મારી રહેનુમાઇ કરે, તથા સઘળી જગ્યાએ મારા દુશ્મનોને જેર કરે.

બે ફર્માં તુ બા બાદ ઇઝદ ચેનાન,
કે બર્ગે ગોનેહ્રા રસાનદ બેઝાન.

૩૯. ગુવાદ યઝદને તું એવું ફરમાવ કે તે મારા ગુનાહનાં પાદડાંને પાનખર રૂતુના પવનથી તમામ ખેરવી નાખે

બેફર્માં બેદીન્ ઇઝદ અયે કેર્દેગાર,
કે દારદ દેલે મન બે દીન ઓસ્તવાર.

૪૦. ઓ ખલકના પેદા કરનાર! દીન યઝદને તું ફરમાવ કે (જરથોશ્તી) દીન ઉપર મારૂં દીલ દ્રઢ અને ઓસ્તવાર રાખે.

બે નીકૂ મનશ્ની નેગેહ્ દારદમ,
બે યશ્તો યઝશ્ની મોદામ્ આરદમ.

૪૧. મને નેક મનશ્નીની રાહ ઉપર સંભાળે, તથા યશ્તો અને યજશ્ને તરફ હંમેશ મને ઢળાવે.

ખોદાયા બેફર્મા બે મારીસપન્દ,
કે સાઝદ હમા કારે મન સુદમન્દ.

૪૨. અએ ખોદા! તું મીનો મારેસ્પંદને ફરમાવ કે તે મારાં સઘળાં કામો ફાયદા ભરેલાંજ કરે!

ચુ અશતાદો જમ્યાદ ઇન હરૂદુગાન,
હમીશે બેકુન બર તનમ પાસબાન.

૪૩. આસતાદ તથા જમીયાદ યઝદ જેવા બંને ફરેસ્તાઓને હંમેશાં મારાં તનની પાસબાની કરનારા મુકરર કર.

રસાન મર અનીરાનો હમ આસમાન,
કે ગર્દન્દ બર કામે મન હર્ ઝમાન.

૪૪ મીનો અનેરાંન, તથા મીનો આસમાન યઝદોને મારી મદદે પહોંચાડ, કે જેથી તેઓ હર વખતે મારી ઇચ્છા મુજબ ચાલે.

બે ફર્મા બે હોમ્ ઇઝદ્ અયે ઘૈબદાન,
કે બાશદ નેગેહબાને મન નાતવાન.

૪૫. અએ ગેબી ભેદો જાણનાર સાહેબ! હોમ યઝદને તું ફરમાવ કે મારા જેવા નાતવાનનો નેઘેહબાન થાય.

યકીનમ બેદારદ બે હર્ જાય ચોસ્ત,
અબા રાસતી દારદો તન્ દોરોસ્ત.

૪૬. હરેક જગ્યાએ મારૂં દીન ઉપરનું યકીન મુસ્તકીમ રાખે તથા મને રાસ્તી અને તંદરોસ્તી સાથે રાખે.

બેફર્માય બા બોર્ઝ ઇઝદ ચેનાન,
કે ગર્દદ નેગેહદારમ અન્દર જેહાન.

૪૭. બરઝો યઝદને તું એવું ફરમાવ કે દુન્યામાં મારો નેઘેહદાર થાય.

ખેરદ્મન્દ ફર્ઝન્દ બખ્શદ બેમન,
દેહદ ઝૂરો કોવ્વત બેજાનો બેતન.

૪૮. તે મને અકકલવાળાં ફરઝંદ બક્ષે તથા મારા જાન અને તનને જોર તથા કોવત આપે.

બેકુન તુ વનન્ત ઇઝદમ પાસબાન,
કે અફ્ઝૂન કુનદ દાનેશમ હર્ ઝમાન.

૪૯. વનંત યઝદને તું મારો નેગેહબાન કર, કે જેથી તે મને વધારે હોશ તથા દાનાઇ બક્ષે.

બે દેહ્‌માન બેફ્રર્માય અયે દાદગર,
રસાનદ ઓમીદ મરા સરૂબેસર.

૫૦. અએ દાદગર! તું દહમ યઝદને ફરમાવ કે તે મારી તમામ ઉમેદ પાર પાડે.

બે સત્વશ બેફ્રર્માયો બા હફ્તરંગ,
કે દોશમન નેગૂન સાઝદ ઊ રૂઝે જન્ગ.

૫૧. સતવસ, તે સાથે હફતરંગને તું ફરમાવ કે તેઓ લડાઇને દિવસે દુશ્મનોને ઉંધા નાંખે.

ખોદાયા બેદર્ગાહે ખુદ ઝીન ફકીર,
દોઆ કુન કોબૂલો તુ પુઝેશ પઝીર.

૫૨. અએ ખોદા! તારી દરગાહમાં મુજ ફકીના બંદાની દુવા તું કબુલ કર, તથા ગુનાહને માટે કીધેલી આજીજી તું કબુલ રાખ.

મોનાજાત ૨૧ મી (બયતોમાં)

તેત્રીસ ફરેશ્તાઓની યાદ સાથની.

દસ્તુર મીનોચેહર એદલજી દસ્તુર જામાસ્પજી આસાજીની બનાવેલી.

ખોદાયા મોદામમ બેદેહ તાઝગી,
દરે રૂઝિયમ રા બેકુન વાઝગી.

૧. અએ ખુદા! મને હંમેશાં તાજગી આપ, રોજીના દરવાજા મારે માટે ખુલ્લા કર.

બેરાહે અશૂઇ મોહક્કમ બેદાર,
ઝે રાહે ખતા હમ કુનમ રસ્તગાર.

૨. અશોઈના રસ્તા ઉપર મને મકકમ રાખ, પાપના રસ્તાથી મારો છુટકારો કર.

તુઇ બીઝવાલો તુઇ બીહમાલ
તુઇ ખાલેકો કાદેરો ઝુલ જલાલ.

૩. તું નહિ નાશ પામે એવો અને નહિ સરખામણી થઇ શકે એવો છે, તું માલેક સર્વશક્તિવાન તથા કીર્તિવંત છે.

તુઇ અર્શદારો તુઇ કદ્દરગાહ,
દારોખ્શાન એ તુ અન્જોમો મ્હેરો માહ.

૪. તું સર્વથી બુલંદ બહેશ્તનો માલીક છે, તું બુલંદ દરજ્જાનું મુળ છે, તારાથી સેતારા, ખોરશેદ અને ચંદ્ર પ્રકાશે છે.

ગદારા શેહન્શેહ કુનન્દે તુઇ,
શેહાનરા ગદાઇ દેહન્દે તુઇ.

૫. ફકીરને શહેનશાહ બનાવનાર તુંજ છે, અને શાહેનશાહને ફકીરી આપનાર પણ તુંજ છે.

એ સોન્અત બુલન્દ હોકક્કેએ સબ્ઝફામ,
મોનવ્વર નમૂદી બે અન્જોમ તમામ.

૬. તેં તારી કારીગરીથી બહુ રંગનું બુલંદ આકાશ તારાઓથી પુરેપુરં રોશની ભરેલું બનાવ્યું છે

એ તુ ગશ્ત દોન્યા ચુ બાગે એરમ,
કે મઅમૂર દારી બે જૂદો કરમ.

૭. તારાથી દુનિયા "એરમ"ના* બાગ જેવી થઇ છે, કે જેને તું તારી કરમ બક્ષેશથી ખીલવેલી અને આબાદ રાખે છે.

બે જોઝ તુ મરા નીસ્ત ફર્યાદ-રસ,
એ બેહરે નિયાઝમ મબર પીશે કસ.

૮. તારા શિવાય મારી દાદ લેનાર કોઇ નથી, મારી હાજતોને માટે મને કોઈ (બીજા) આગળ લઇ જતો ના.

મનમ બીતવાનો બે લાચારગી,
બેસાઝમ તવાનાઓ બા ચારગી.

૯. હું અશકત અને લાચાર છું, મને શક્તિવાન અને સાધન સાથનો કર.

મને મોસ્તમન્દ આજેઝીરા નવાઝ,
બે ગન્જો હોનર કુન મરા સરફ્રાઝ.

૧૦. હું દુઃખી અશકત ઉપર બક્ષેશ કર, ગંજ તથા હુન્નરથી મને સરફરાઝ કર.

---

* એરમનો બાગ અરબસ્તાનમાં કદીમ જમાનામાં બનાવવામાં આવ્યો હતો, પણ લોકોની મગરૂરીને લીધે ખોદાતાલાએ રેલનાં પાણીથી નાશ કર્યો.

બે દારઇન એ લોત્ફત ઘની કુન મરા,
એ મન દૂર કુન હર અનાઓ બલા.

૧૧. બન્ને દુનિયામાં તારી મહેરબાનીથી મને તવંગર કર, મારાથી દરેક સંકટ તથા બળા દુર કર.

બે દર્યાએ ફેક્રો ઘમ્ ઓફ્તાદેઅમ,
બે ગેર્દાબે હૈરત ફરૂ માન્દેઅમ.

૧૨. ફીકર તથા ગમના દરિયામાં હું પડેલો છું. ગુંચવાડા (bewilderness) ના વમળમાં હું આજેજ થયેલો છું.

રસાન કેશ્તિયમરા તુ બાદે મોરાદ,
નેમા સાહેલે મક્સદમ અયે જવાદ.

૧૩. અએ કૃપાળુ સખી ખોદા! મારી કિશ્તીને તું મુરાદનો પવન પહોંચાડ, તારાં મકાનનો (મરણ પછીનો) કિનારો મને દેખાડ.

નઝર કુન બેહાલે દેલે રીશે મન,
કે યોમી ચુ માહી શુદેહ્ પીશે મન,

૧૪. મારાં દુઃખી જખમી દીલની હાલત ઉપર તું નજર કર, કારણ કે અકેકો દિવસ મને મહિના જેવો લાગે છે.

કુન્ આઝાદ ઝાન મોશ્કેલમ દાવરા,
એ હર્ દર કોશા બાબે શાદી મરા.

૧૫. ઇનસાફી ખુદા! મને તે મુશ્કેલીમાંથી છોડવ, દરેક બાબદમાં મારે માટે ખુશાલીનો દરવાજો ખુલ્લો કર.

ફ્ઝા એઝ્ઝતો આબો મેક્નત બેમન,
બેતફ્ઝીલ બેન્શાન તુ દર અન્જુમન.

૧૬. મારી ઈજત, આબરૂ અને દૌવતને વધાર, મને અનજુમનમાં ઉંચે દરજ્જે બેસાડ.

એ ફઝ્લત બરમ રેહ્મ-બારાન બેબાર,
બેશુયઝ વોજૂદમ એ કોલ્ફત ઘોબાર.

૧૭. તારી મહેરબાનીથી મારી ઉપર રહેમનો વરસાદ વરસાવ, મારાં બદનમાંથી સખ્તી અને (દુઃખની) ધુળ ધોઇ કહાડ!

ખોદાયા બેબીન આસીએ બીકસમ,
બેબખ્શાયો રેહ્મત બેકુન હમ બેદમ.

૧૮. અએ ખુદા! તું જો કે હું નાચાર ગુનેહગાર છું, મારી ઉપર દયા કર, અને હર પળે તારી રહેમ મારા ઉપર કર.

મકુન અઝ ગોનાહે ગેરાન શર્મસાર,
કે તુ બહ્રે જૂદસ્તિયો ઘમ-ગુસાર.

૧૯. મને મોટા ગુનાહોથી શરમીંદો ના કરતો, કારણ કે તું બક્ષેશનો દરિયાવ છે અને ગમ ભુલાવનારો છે.

ફેઝુન હસ્તત્ અઝ જોર્મહાયમ કરમ,
અઝાન બખ્શ જોર્મમ કે તુબેહ્ બરમ.

૨૦. મારા ગુનાહો કરતાં તારી બક્ષેશ વધુ છે, તેથી તું મારા ગુનાહ માફ કર, કારણ કે હું તોબા કરનારો છું.

તુ હમ હદ્દયેઅમ દેહ્ ફેઝૂન બન્દગી,
કઝાન મન બેયાબમ 'રયૂમન્દગી.'

૨૧. તું વધુ બંદગી કરવાની બક્ષિશ મને આપ, કે જેથી હું ખુદાઇ નુર મેળવું.

અગરચે નયમ લાયેકે બખ્શેશાત,
મરા હસ્ત ઓમ્મીદ અઝ દેર્ગહત.

૨૨. અગર જો હું તારી બક્ષેશને લાયક નહિ હોઉં, તો પણ તારી દરગાહ-માંથી હું (તારી બક્ષેશની) ઉમેદ રાખું છું.

બેસૂયમ બેબીન રેહ્નમૂની બેકુન,
બેઇન બીનવા બર ફેઝૂની બેકુન.

૨૩. મારી તરફ જો અને મારી રાહબરી કર, મારા જેવા ગુજરાનના સાંધણ વગરના ઉપર બક્ષેશનો વધારો કર.

નઝર કુન ઝે ધોકૂરાન બર એઅ્માલે મન,
કે ઘાલેબ શુદેહ્ બર દેલમ અહ્રીમન.

૨૪. મારાં કામો તરફ મારીની નજરથી જો, કારણ કે મારાં હ્રદય ઉપર અહેરેમન ગાલેબ થયો છે.

નશાની મરા જાસતાને કરમ,
બેહારૈન સાઝી મરા મોહતરમ.

૨૫. તારી માયાના ઉંબર ઉપરથી મને હાંકી ના કહાડતો, બન્ને દુન્યામાંમને માનવંતો કરજે.

હમીશે નેમાયમ રેહે રાસતી,
નફૂરી બેદહ અઝ રેહે કાસતી.

૨૬. મને હંમેશ રાસ્તીનો રસ્તો દેખાડજે, જુઠાઇના માર્ગથી મને ચોંકેલો અને કંટાળેલો રાખજે.

તુ કેશતો તેજારત કુન્ અફ્ઝૂન મરા,
મોહેમ્માતે મન કુન હોમાયૂન મરા.

૨૭. મારી ખેતીવાડી તથા ધંધાધાપામાં વધારો કરજે, મારાં અગત્યનાં કામકાજ સફળ કરજે.

બેયફ્ઝાય દૂશો દેહ ઓમ્રે દરાઝ,
બેદેહ તન-દોરોસ્તીઓ દારમ બેનાઝ.

૨૮. મારી દાનાઇની વૃદ્ધિ કર અને મારી ઉમર દરાજ કર, મને તંદરૂસ્તી આપ અને મને લાડ અને અમન ચમનમાં રાખ.

તુ અસ્આબે રૂઝીઅમ્ અઝ ઘૈબ કુન,
યકીનમ બે દર્ગાહે લારૈબ કુન.

૨૯. બન્ને દુનિયામાં તું મને રોજીનાં સાધણુ આપ, તારી દરગાહ વિષેનું મારૂં યકીન શક વગરનું કર.

સલામત બે ઇમાનો દીનમ બેદાર,
બે કુન દર દુ ગીતી મરા નામદાર.

૩૦. મને દીન તથા ઈમાન સાથે સલામત રાખ, બન્ને દુનિયામાં મને કીર્તિવંત કર.

બે ઓકૂબા બે ઝર્તોશ્તે એસ્ફન્તમાન,
દેહી જાયમ અન્દર ગરોસ્માન મકાન.

૩૧. મિનોઇ દુન્યામાં ગરોસમાન બહેસ્તની અંદર સ્પીતમાન જરથોશ્ત પાસે મને જગ્યા આપજે.

પોરજ નૂરે દાનેશ સેરાજે મરા,
બેસાઝી કે બાશદ શવદ રૌશના.

૩૨. મારો ચેરાગ નુર તથા દાનાઇથી ભરેલો કરજે કે જેથી મારો બાગ ચળકાટ ભરેલો થાય.

હમીશે તુ ખાનેઅમ આબાદ દાર,
અબા જોમ્લે યારાનો ખીશો તબાર.

૩૩. હંમેશાં તું મારાં ઘરને તમામ મિત્રો, ખેશાવંદો અને કુટુંબ સાથે આબાદ રાખજે.

હમા એહલે ઝર્તોશિતયાને મરા,
તુ આબાદ દાર અન્દર હર દુ સરા.

૩૪. બન્ને દુન્યામાં મારા જરથોશ્તી ધર્મ પાળનારા તમામ લોકોને આબાદ રાખજે.

બેહરૂ જાય શાન્રા તુ ખોર્રમ બેદાર,
અબા જાહો હશમત બ એઝ્ઝો વકાર.

૩૫. હર જગાએ તેઓને મરતબા, દબદબા, માન અને મોભા સાથે ખુશી ખુર્રમીમાં રાખજે.

મરીન ફેર્કેઅમ રા ફ્રોઝૂની બેદેહ,
બે નીકીઓ દીન રેહનમૂની બેદેહ.

૩૬. એ મારા (જરથોશ્તી) ટોળાની વૃદ્ધિ અને આબાદી કરજે, અને તેમની નેકી અને દીનની રેહનુમાઇ કરજે.

દોઆહાએ નીકમ ખોદાયા પઝીર,
બેહર કારોબારમ બેશવ દસ્તગીર.

૩૭. અએ ખુદા! મારી નેક દુવા કબુલ કરજે, મારાં દરેક કામકાજમાં મને સહાય થા.

બે ફર્મા સોરૂશે 'અશો'રા ચેનાન,
કે બાશદ નેગેહબાને મન હર ઝમાન.

૩૮. અશો સરોષને એવું ફરમાવ કે તે દરેક વખતે મારો નેગેહબાન થાય.

બેકુન હોક્મ બેહરામે ફીરૂઝરા,
કે બાશદ રફીકમ બે હર દુ સરા.

૩૯. ફત્તેહમંદ બહેરામ યઝદને એવો હુકમ કર કે બન્ને દુન્યામાં તે મારો દોસ્ત થાય.

બે હર કારો હર જાય આન મેહરબાન,
દેહદ નોસ્રતો દારદમ બા અમાન.

૪૦. દરેક કામમાં, દરેક ઠેકાણે, તે મહેરબાન (બહેરામ યઝદ) મને ફત્તેહ આપે તથા સલામત રાખે.

'અશો' ફ્રૂહરાનરા તુ યારમ નેમાય,
કે બાશન્દ હમ્વારેહ્ મોશ્કેલ-ગોશાય.

૪૧. અશો ફ્રેોહરને તું મારા સાથી કર કે તેઓ હંમેશાં મારી મુશ્કેલી ટાળે.

ફ્લાહો સઆદત બે હર દુ સરા,
ઝે અમ્શાસપન્દાન બેબખ્શી મરા.

૪૨. બન્ને દુન્યામાં અમશાસ્પંદો તરફથી મને આબાદી તથા સુખ બક્ષ.

તુ અય હૂરમઝદમ ફ્ઝા આબો જાહ,
બે દારમ બે દૌલત હમા સાલો માહ.

૪૩. અએ અહુરમઝદ! તું મારી આબરૂ અને મરતબો વધાર, બધાં વરસ અને મહિના મને ભાગ્યશાળી રાખ.

રેહે બન્દગીઅમ ઝિયાદત નેમાય;
દરે નીકબખ્તી બેરૂયમ કોશાય.

૪૪. મને બંદગીનો રાહ વધારે દેખાડ, મારી ઉપર નેકબખ્તીનો દરવાજો ઉઘાડ.

દેહ યકબારેઅમ પાયેએ બેહતરી,
બે ફ્ર્કમ બેનેહ્ તાજી અઝ મેહતરી.

૪૫. મને એકવાર બહેતરીનો દરજ્જો આપ, અને મારાં માથાં ઉપર મોટા-ઇનું તાજ મેલ.

કે બેહ્મન દરે આશતીઅમ કોશાય,
નેકૂ નીયતો એલ્મો અકૂલમ ફ્ઝાય.

૪૬. બહમન અમશાસ્પંદથી મારે માટે સલાહ સંપજનો દરવાજો ઉંઘાડ, મારી નેક નૈયત, અકકલ, અને વિદ્યામાં વધારો કર.

ઝબાનમ નેકૂ કુન કે અર્દીબેહેસ્ત,
કે પાકી દેલમ કુન ચુ બાઘે બેહેસ્ત.

૪૭. અરદીબહેશત અમશાસ્પંદથી મારી ઝબાન નેક કર, પાકીજગીથી મારાં હૃદયને બાગે બહેસ્તની માફક બનાવ.

બસા નેઅ્મતો ગન્જો અમ્વાલો ઝર,
બે બખ્શી મોદામમ તો અઝ શેહ્રીવર.

૪૮. શહેરેવર અમશાસ્પંદથી તું મને હંમેશાં ઘણી નયામત, ગંજ, માલ અને જર આપ.

તવાઝો મરા અઝ સપેન્દારમદ,
બે બખ્શીઓ નીકી બેદેહ્ તા અબદ.

૪૯. સપંદારમદથી મને નમ્રતા બક્ષ, તથા જાવેદાન સુધી નેકી આપ.

કે ખોરૂદાદ કુન હર યક અઝ સાલો માહ,
પીરઝ ખોરૂરમી નીઝ હર રૂઝો ગાહ.

૫૦. ખુરદાદ અમશાસ્પંદથી મારૂં દરેક વરસ તથા મહિનો ખુશી ખુશાલી ભરેલો કર, વળી દરેક દિવસ તથા ગેહ ખુશી ખુશાલી ભરેલી કર.

કે મોરૂદાદ એકૂબાલ કુન રોશનમ,
દેહ્ અસ્મારે એશરત બે શાખે તનમ.

૫૧. અમરદાદ અમશાસ્પંદથી મારૂં નસીબ રોશન કર, મારાં શરીરની ડાંખળીઓ ઉપર શાદી ખુશાલીનાં ફળ આપ.

દેહી સૂદહાયમ કે દયેબાદરા,
હમેહ્ જા બેહર કારહાએ મરા.

૫૨. દેપાદર યઝદ તરફથી મને દરેક જગ્યાએ તથા મારાં દરેક કામમાં ફાયદો આપ.

સફા બખ્શો ઐાજમ તુ અઝ આદરા,
કઝ આસીબ મહ્ફૂઝ દારદ મરા.

૫૩. આદર યઝદથી મને પવિત્રાઈ તથા બુલંદ દરજ્જો બક્ષ, આફતથી તે મારૂં રક્ષણ કરે.

સફાઈ ઝે આબાન તનમરા બેદેહ,
ઝે પાકી મતાઇ દેલમરા બેદેહ.

૫૪. આવાં યઝદ તરફથી મારાં તનને સફાઇ આપ, પાકીજગીની મતા મારાં હૃદયને બખ્શ.

ઝે ખુર્શીદ દેહ સર્ફરાઝી મરા,
ખેરદ્મન્દો દાના બેસાઝી મરા.

૫૫. ખોરશેદ યઝદથી મને સરફરાઝી બક્ષ, અને મને ડહાપણવાળો તથા દાનાવ કર.

ઝ મેહ્ જૂદ બોક્શા દરે રૂઝિયમ,
રવા કુન ઓમીદો દેહ ફીરૂઝિયમ.

૫૬. માહ યઝદથી મારે માટે રોજીના દરવાજા જલદીથી ઉઘાડ, મારી ઉમેદ બર લાવ, તથા મને ફત્તેહ બક્ષ.

ઝે તેશતર બેદેહ્ તા કે બાશદ બકા,
બે તાલેઅ્ દરમ અખ્તરે સઅ્દ રા.

૫૭. તેશતર તીર યઝદથી એવું બક્ષ કે મારાં નસીબમાં શુભ સગનના સેતારા હંમેશાં જારી રહે.

કુની દૂર નહ્સ અખ્તરઝ બખ્તે મન,
શવદ હલ હમે મોશ્કેલે સખ્તે મન.

૫૮. મારાં નસીબમાંથી નેહેસ્ત સેતારાને દુર કર, મારી તમામ સખ્ત મુશ્કેલીઓ ટળી જાય એવું કર.

બે યાદે ખુદમ દાર દાયેમ ઝે ગૂશ,
કઝૂ રમ્ઝે દીની બેફહ્મમ બેહૂશ.

૫૯. ગોશ યઝદ મને હંમેશાં તુંને યાદ કરતો રાખે, અને તેની મદદથી દીનના ભેદ હુશિયારીથી સમજું.

દેહી ખોર્રમી દાયેમઝ દેબમ્હેર,
સખા-પીશેઅમ કુન, દેલમ પોર ઝે મ્હેર.

૬૦. દેપમહેર યઝદથી મને હંમેશાં ખુશી ખુરમી આપ, મને સખી બનાવ, અને મારૂં દીલ રહેમથી ભરેલું કર.

ફ્રોઝૂન મ્હેર કુન બર મનઝ મ્હેરો ઝૂ,
બે પોલ અઝ હેસાબમ કુની સોર્ખરૂ.

૬૧. મહેર યઝદ તરફથી મારા ઉપર વધુ મહેરબાની કર, તેનાથી ચીનવદ પુલ આગળ મારી કરણીના હિસાબ વખતે મને આબરૂવાળા ચેહેરાનો કર.

બેગુ બા સોરૂશે અરીઝેહ્-પઝીર,
કે દર વક્તે નઝ્અમ શવદ દસ્તગીર.

૬૨. અરજી કબુલ રાખનાર સરોષ યઝદને તું કહે કે મારી છેલ્લી ઘડીને વખતે તે મારો મદદગાર થાય.

બમીઝાને દાદે તુ કુન્ રશ્ને યાર,
કુનદ સોર્ખરૂયમ ગહે પોલ-ગુઝાર.

૬૩. તારા ઇનસાફના નેકી બદીનાં કામો ત્રાજવામાં તોળતી વખતે રશ્ને યઝદને તું મારો મદદગાર કર, કે પુલગુજાર કરતી વખતે તે મને આબરૂદાર ચહેરાનો કરે.

દરે ખોલ્દ બોક્શા તુ અઝ ફ્ર્વર્દીન,
દરાન દેહ્ મરા જાયેગાહે બરીન.

૬૪. ફ્રવરદીન તરફથી બહેસ્તના દરવાજા તું ખુલ્લા કર, અને ત્યાં મને ચહડતી જગ્યા આપ.

વરા હામીઅમ કુન બે મીનૂ જેહાન,
બે દોન્યાઓ દીન હમ બેકુન પાસબાન.

૬૫. મીનોઇ જેહાનમાં તેને મારો રક્ષક કરજે, અને દુનિયા તથા દીનમાં તેને મારો પાસબાન કરજે.

ઝે બેહ્રામ દાયેમ ઝફ્ર બખ્શીઅમ,
બે જાયે મલાલત દેહ્ રામેશનીઅમ.

૬૬. બહેરામ યઝદથી મને હંમેશાં ફત્તેહ બક્ષ; દુ:ખને બદલે મને ખુશી ખુશાલી આપ.

મોદામમ્ તુ અઝ રામ રામેશ બેદેહ,
અબર સોફરેઅમ ખાને રેહ્મત બેનેહ.

૬૭. રામ યઝદથી મને હંમેશાં રામશની આપ; મારી ખાણાંની મેજ ઉપર તારી રહેમતનો ખુમચો મેલજે.

તુ બર્ગે ગોનાહમ બેયફ્શાન ઝે બાદ,
ઝે બીખશ બરાવર દરખ્તે ફેસાદ.

૬૮. ગુવાદ યઝદથી તું મારા ગુનાહનાં પાંદડાંને ખેરવી નાખ, તેનાથી ફેસાદનાં દરખ્તને જડમુળથી ઉખેડી નાખ.

દેહ્ અઝ દયેબદીનમ તુ શાયસ્તે કાર,
ઝે કારે ઝબૂની મરા બાઝ દાર.

૬૯. દેપદીન યઝદથી તું મને લાયક કામ આપજે, દુષ્ટ કર્મથી મને અટકાવજે.

બે દીનદારીઅમ્ દેહ હેદાયત ઝે દીન,
કઝાન રેહ્ બેયાબમ બેખોલ્દે બરીન.

૭૦. દીન યઝદથી મને દીનની રાહબરી આપજે, જેથી બુલંદ બહેશ્તનો માર્ગ હું મેળવું.

ઝે અર્શેશવન્ગમ બેસાને કયાન,
બસી હશ્મતો ફરરો દૌલત રસાન.

૭૧. અશીશવંઘ યઝદ મહાન (કયાની) પાદશાહોની માફક મને ઘણો દબદબો, ભપકો તથા દોલત પહોંચાડ.

તુ અઝ આશતાદમ ફેઝૂન દેહ મહી,
બે કારો હોનરહાએ 'અરૂવિઝ-ગહી.'

૭૨. આસ્તાદ યઝદથી તું મને યોજદાશ્રેગરીનાં કામ અને હુન્નરમાં વધુ મોટાઇ આપજે.

બે કામે દેલમ કુન રવાન આસમાન,
બે ઔજે બલન્દી શેતાબમ રસાન.

૭૩. આસમાન યઝદને મારાં દીલની મુરાદ મુજબ તું ચલાવ, અને શીતાબીથી મને બુલંદ દરજ્જે પહોંચાડ.

કે જમ્યાદ પાયન્દગીઅમ બેદેહ,
બે પાકીઝગી ઝેન્દગીઅમ બેદેહ.

૭૪. જમયાદ યઝદથી મને અમરગી આપ, અને પાકીજગી સાથની જીંદગી મને આપ.

ફેરાઝૂન દાનેશમ દેહ કે મારાસપન્દ,
બે એલમો અમલ્હાએ વસ્તાઓ ઝન્દ.

૭૫. મારેસ્પંદ યઝદ તરફથી ઝંદ અવસ્તાનાં જ્ઞાન તથા અમલ સાથે મને વધુ દાનાઈ આપ.

જબીનઝ અનારાન પોરઝ નૂર કુન,
બસીઅમ નેકૂનામો મશહૂર કુન.

૭૬. અનેરાન યઝદથી મારૂં કપાલ નુરથી ભરેલું કર, અને મને ઘણોજ નેકનામ તથા પ્રખ્યાત કર.

મોદામમ બે આસાયેશ અઝ 'બોઝ' દાર,
હમા ઓમ્રે મન દર 'અશૂક' ગુઝાર.

૭૭. બરજો યઝદથી મને હંમેશાં આરામમાં રાખ, અને મારી તમામ ઉમર અશોઇમાં પસાર કરાવ.

ઝે હૌમમ બેદેહ નીક ફેરઝેન્દગાન,
ખેરદ્મન્દો દાનાઓ બા ફેરૂરો શાન.

૭૮. હોમ યઝદથી મને નેક ડાહાપણવાળા, દાનાવ, કીર્તિવંત અને મોભાવાળાં ફરઝંદ આપ.

ઝે દહ્મ આફરીન કર્દનમ દેહ મોદામ,
કે કારમ બુવદ ઝેકે તુ સોબ્હો શામ.

૭૯. દહમ યઝદથી મને હંમેશાં તારી આફ્રીન કરતો કર, કે જેથી મારૂં કામ સહવાર–સાંજ તને યાદ કરવાનું થાય

દોઆહાએ નીકમ ખોદાયા પઝીર,
હમી બાશ હમ્વારેઅમ દસ્તગીર.

૮૦. અએ ખુદા! આ મારી નેક દુવા કબુલ રાખ, હંમેશાં મારો મદદગાર થા!

તલત્તોફ બે બીચારગીઅમ નેમાય,
અતાયત બે ખીશો તબારમ ફેઝાય.

૮૧. મારી ચારા વગરની હાલત ઉપર તું માયા દેખાડ. મારા ખેશાવંદ તથા કુટુંબ કબીલા ઉપર તારી મહેરબાનીનો વધારો કર.

મોનાજાત ૨૨ મી (બયતોમાં)

દસ્તુર મુલ્લા ફીરોઝ બિન કાઉસની જોડેલી પયધામ્બર અશો જરતોશ્તની તારીફમાં.

નબીઇ બેહક મોરૂસલે બા કેતાબ,
કે દીનશ મોનવ્વર તરઝ આફતાબ.

૧. દીનની કેતાબ સાથનો મોકલેલો ખોદાનો સાચો પેગમ્બર (જરથોશ્ત), જેની દીન આફતાબ કરતાં વધારે પ્રકાશિત છે.

રસૂલે ખોદાવન્દે જાન-આફરીન,
ખોદાવન્દે એઅ્જાઝો બોરહાનો દીન.

૨. જાનના પેદા કરનાર ખોદાનો મોકલેલો પેગમ્બર તે છે, જે મોજેઝા, દલીલો અને દીનનો સાહેબ છે.

શાહે અવ્લિયા અક્મલે અમ્બિયા,
હમા ગોમરેહાનરા બે દીન રેહનેમા.

૩. ખોદાના દોસ્તોમાં સૌથી શ્રેષ્ઠ તથા પેગમ્બરોમાં સૌથી સંપુર્ણ; સર્વ ગુમરાહ લોકોને દીનની રહેનુમાઇ કરનાર છે.

ખોદાવન્દે ફરહન્ગો દીને બેહી,
અઝૂ તાઝેહ્ શુદ દર જેહાન ફરૂરેહી.

૪. ડહાપણ તથા ભલી દીનનો સાહેબ જેનાથી જેહાનમાં કીર્તિ તાજી થઇ.

ઝરાતોશ્તે અસ્પન્તમાને ગુઝીન,
બે બાદા બે રૂહશ હઝાર આફરીન.

૫. સ્પીતમાન જરથોશ્ત (ખોદાનો) પસંદ કીધેલો (પેગમ્બર) છે, તેનાં રવાન ઉપર હજાર આફ્રીન હોજો.

ફેહાયશ હમા જાને મા બન્દેગાન,
કે આલમ તનો ઊ બુવદ હમ્ચુ જાન.

૬. હમે સઘળા બંદાઓનો જાન તેની ઉપર ફીદા હોજો! કારણકે દુન્યા તનની મીસાલે છે, અને તે જરથોસ્ત જાનની મિસાલે છે.

બે દાન્યા ઝે ઊ રૌશની શુદ પદીદ,
બે રમ્ઝે મોકફૂફ્લ અઝુ શુદ કેલીદ.

૭. તેનાથી દુન્યામાં રોશની આશકારા થઈ, બંધ ગુંચવાયલા ભેદોની કુંચી તેનાથી મળી.

હમા રીમની અઝ જેહાન દૂર કર્દ,
ચુ ખુરશીદ, આલમ પોરઅઝ નૂર કર્દ.

૮. દુન્યામાંથી તમામ રીમની (નાપાકી) તેણે (જરથોસ્તે) દુર કીધી, દુન્યાને ખુરશેદની માફક નુરમંદ કીધી.

રેહે દીને દાદારે પરૂવરૂદેગાર,
નમૂદ ઊ બે ખલ્કાનો શુદ આશકાર.

૯. પેદા કરનાર પરવરદેગારની દીનનો રાહ તેણે ખલકના લોકોને દેખાડયો, અને તે રાહ આશકારા કીધી.

ઝે કોફૂરો ઝલાલત હેદાયત નમૂદ,
બે યઝૂદાન-પરસ્તી બદાયત નમૂદ.

૧૦. અધર્મીપણું, અને ગુમરાહીથી દુર રહેવાની તેણે રાહબરી કીધી, તથા યઝદાં પરસ્તીની શરૂઆત કરાવી.

હરાન્ કસ બુવદ બર રેહશ બીગોમાન,
નબીનદ ઘમી ઊ બે હરદુ જેહાન.

૧૧. જે કોઇ શખ્સ તેની (જરથોસ્તની) રાહ ઉપર બીગુમાન રહે, તે બન્ને જહાનમાં ગમ જોશે નહિ.

બે દાન્યાઓ ઓક્બા શવદ રૂ-સફીદ,
બરાયદ બે દેલ હર્ચે દારદ ઓમીદ.

૧૨. આ તથા પેલી દુન્યામાં તે સફેદ ચહેરાવાળો (આબરૂદાર ચહેરાવાળો) થશે, તથા તેના દીલમાં જે ઉમેદ હશે તે બર આવશે.

બેગીતી હમીશે િઝયદ બાફ્રીન,
બેમીનૂ રવદ દર બેહેશ્તે બરીન.

૧૩. આ દુનિયામાં કીર્તિ સાથે જીંદગી ગુજારશે, અને મીનોઇ દુનિયામાં તે સૌથી ઉંચા બહેસ્તમાં જશે

હઝારાન સલામો હઝારાન સના,
જે મા બાદ બર આન શાહે અસ્ફિઆ.

૧૪. હમારા તરફથી તે પાક લોકના પાદશાહ (જરથોસ્ત)ઉપર હજારો સલામ તથા આફ્રીન હોજો.

મોનાજાત ૨૩ મી (બયતોમાં)

દસ્તુર જમશેદજી જામાસ્પજીની જોડેલી, અનોશેહેરવાન અશો જરથોસ્ત અસ્ફન્તમાનનાં પાક રૂહની તારીફમાં પઢવાની.

બરૂતરઝ અમ્શાસપન્દાન હસ્ત ઝરૂતોશત્ સ્પિતમાન,
અશ઼ંરા આરાયેશે નવ્ દાદે અઝ નૂશીન રવાન.

૧. અમશાસ્પંદોથી સ્પીતમાન જરથોસ્ત ચહડિયાતો છે. પોતાના મધુર આત્માથી તેણે સૌથી બુલંદ બહેસ્તને શણગાર આપ્યો.

બારગાહે હક બેરફૂતો માન્દ દેહ સાલે તમામ,
અઝ કેતોબ્ અશરીનો વાહેદ આવરીદ દર નેઝામ.

૨. તે ખોદાની દરગાહમાં ગયો, ત્યાં પુરાં દસ વર્ષ રહ્યો, અને કેતાબોમાંથી એકવીસ કેતાબને (એકવીસે નૂસ્કો)ને તેણે આરાસ્તા કીધી.

પાક નીઅત પાક ગોફ્તારો બે કેરદારે મલક,
પાકીઅશ બેન્ગર કે ચુન તયે કર્દ નોહ તારમ ફલક.

૩. પાક નૈયતવાળો, પાક બોલનારો, ફરેસ્તાઇ કરણીવાળો, તેની પાકીજગી જો, કે તેણે નવ ગુંબજવાળા આકાશમાં મુસાફરી કીધી.

આન શેહે પાકાન કે બરૂજા માન્દ ચર્ખ અઝ પાકીઅશ,
અઝ દરજ્જાતે મલક બોગઝશ્તે જેસ્મે ખાકીઅશ.

૪. તે પાક શાહ કે જેની પાકીજગીથી આકાશ દંગ થઇ ઉભું રહી ગયું; તેનું ખાકી બદન ફરેસ્તાના દરજ્જા કરતાં વધારે ચહડિયાતું હતું.

કાલબુદ્દહાયે 'દરૂજો' દીવો અહુરીમન શેકસ્ત,
ઝદ શેકસ્તો બાઝ દર ઝીરે ઝમીન શાન કર્દ પસ્ત.

૫. દરૂજ, દેવ અને અહેરેમનનાં કાલબુદને શેકસ્ત આપી, તેઓને મારીને શેકસ્ત આપી, અને તેઓને પાછા જમીન હેઠળ નીચા નાખ્યા.

નામે ઊરા બા અશેમ વોહૂ બેબાયદ ખાનદન,
જાન બેદીને પાક કોરૂબાન કર્દનો અફૂશાનદન.

૬. "અષેમ વોહુ" ભણીને તેનું નામ લેવું જોઇએ, તેની પાક દીન ઉપર જાન કુરબાન કરવો તથા કહાડી આપવો જોઇએ.

મોઅ્જેઝાતે પાક દીનશ હસ્ત મઝ્કૂરે કેતાબ,
મોઅ્જેઝેહ બેહતર અઝીન નબ્વદ કે તા રૂઝે હેસાબ.

૭. પાક દીનના તેના મોજેજાઓ કેતાબમાં વર્ણવેલા છે, એના કરતાં કોઇબી મોજેજો બહેતર થઇ શકે નહિ (કારણ) કે—

હરકે અઝ કૈોમે બેહીન-દીન સુદ્રે કુસ્તી બસ્તે શુદ,
ઊ બે આખેર શુદ બેહેશ્તી ઓ ઝે દૂઝખ રસ્તે શુદ.

૮. તેની સૌથી ઉત્તમ દીન પાળનારી કોમમાંથી જે કોઇએ સુદરેહ કુસ્તી પહેર્યો, તે સેવટે બહેસ્તમાં ગયો, અને દોઝખથી તેનો છુટકારો થયો.

હીચકસ ઘૂલો ખબીસો જેન નશુદ અઝ મર્ગ બઅ્દ,
રસ્તનઝ દૂઝખ હમી દારદ નેશાન અયે મર્દે સઅ્દ.

૯. તે ટોળામાંથી કોઇ પણ માણસ મરણ પછી ભૂત, ખવીસ, જીન થતો નથી પણ અએ નેક મર્દ! તે દોઝખથી છુટકારો મેળવવાની નિશાની ધરાવે છે.

નામે ઊ નામી ચુ ઝર ઝરતોશ્ત દર દીને બેહી,
ખલ્કરા બર રાહ આવર્દો રેહાન્દઝ ગોમરહી.

૧૦. તેનું નામ ભલી દીનમાં ઝરની મીસાલ નામીચું થયલું જરથોસ્ત છે, તે લોકોને સીધા રસ્તા ઉપર લાવ્યો, અને ગુમરાહીથી સર્વેને બચાવ્યા.

ઇઝદા દારી મરા દાયેમ દરીન દીને બેહી,
હમ હમા અવ્લાદો કૌમમ રા બે આઇને બેહી.

૧૧. અએ ખોદા! મને હમેશાં ભલી દીનમાં રાખજે, તે સાથે મારી તમામ ઓલાદ અને કોમને આ ભલા તરીકા ઉપરજ ચલાવજે.

મોનાજાત ૨૪ મી (ઘઝલમાં).

બામદાદને વખતે પઢવાની.

દસ્તુર મુલ્લાં ફીરોઝ બિન મુલ્લા કાઉસની.

સોબ્હસ્તો વક્તે સોબ્હસ્ત, બરૂ ખીઝો યાદે હક કુન,
વઝ ઝેકે હકતઆલા એબ્લીસરા દુ શક કુન.

૧. પરોઢિયું થયું છે, પરોઢિયાંનો વખત થયો છે, ઉઠ અને ખોદાને યાદ કર, અને ખોદાતાલની યાદથી શયતાનની બે ફાટ કરી નાખ.

મોર્ઘે સહર ખોરૂશદ, તુ ખોફ્તે ખુશ બે આરામ,
બર ખાબ બન્દગીરા તરૂજીહ દેહ સબક કુન.

૨. બામદાદનો મરઘો પોકાર કરે છે, જ્યારે તું તો આરામથી ખુશ નીંદમાં છે; ઉંઘના કરતાં બંદગીને વધારે પસંદગી આપ, અને એમ કરી સરસાઈ મેળવ.

ઇન મજ્લેસે સહર રા જોઝ ઝેકે હક મયારા,
શબ ખીઝ અયે બેરાદર, તઅ્લીમે ખુદ ચુ બક કુન

૩. આ બામદાદની મીજલસને ખોદાતાલાની સેપાસગુજારી શિવાય કશાંથી શણગાર ના; અએ ભાઇ! બડી બામદાદે ઉઠ, અને માકડ (જે જાગૃત રહે છે તેની) માફક પોતાને કેળવ (સકારે ઉઠવાને અને ખોદાની ભક્તિ કરવાને માકડની માફક તુંને પોતાને કેળવ.)

વક્તે ફલક ચે ખાબી ઘાફેલ ઝે બન્દગીહા?
અઝ બન્દગી મોનવ્વર જાન ચુન ગહે ફલક કુન.

૪. પહોર ફાટતી વખતે બંદગીથી ગાફેલ રહીને તું શું ઉંઘાય છે? પરોઢિયાંના વખતની માફક બંદગીથી જાનને રોશન કર.

રૂયે નિયાઝ આવર દર સૂયે હઝ્રતે હક,
અઝ મોશ્કેલાતે જાનત ખાહેશ અઝૂ ફોતુક કુન.

૫. તારી આજજીનો ચેહરો ખોદાવંદનાલાની હજુર કરી બામદાદમાં તા ।
જાનની મુશ્કેલી ટાળવાની ખાહેશ માટે તેને અરજ ગુજાર.

હેન્ગામે સોબ્હેગાહી કુન યાદ બારૂ-એલાહી,
બોગઝર ઝે નીકો બદહા, બીરૂન ઝે ખુદ ઉતુક કુન.

૬. સહવારની વખતે બારે હકતાલાને યાદ કર, તે વખતે તારા દુન્યાના સારા રૂડા ખ્યાલને એક બાજુ મુક, અને તારા માણસાઈ ખવાસમાંથી બહાર તારો તંબુ માર (યાને તારી ખુદીનો ત્યાગ કર.)

બોકુશાય ચશ્મે જાનરા, બીન કૈફે હક-પરસ્તી,
તા ચન્દ બોકૂતે મસ્તી? ખાકી બેદીન હદક કુન.

૭. તારા આત્માની આંખ ઉઘાડી ખોદાતાલાની બંદગીની શ્રેષ્ટાઇ જો. કેટલો વખત સુધી મસ્ત થઇને સુઇ રહેશે? આ તારી (ઉંઘથી ભરેલી) આંખની કીકીમાં ધુળ નાખ.

તાઆતે લમ-યઝલ્ રા બુગઝાર અઝ સરે જેદ,
બર જાને દીવે વાઝુન અઝ બન્દગી શરક કુન.

૮. ઉમંગ લઇને અમર ખોદાની ભક્તિ કર, બંદગીથી ઉલટી રીતે ચાલતા દેવના જાનને ગુંમળાવી નાખ.

અએ બન્દે મીગુરીઝી અઝ બન્દગી ચુ વહ્શી,
કેરૂદાર રા બે ગોફુતારૂ અઝ મરૂદામી તબક કુન.

અએ બંદા! એક જંગલી જાનવરની માફક બંદગીથી તું ચોંકીને દૂર નાસે છે; ઇનસાન્યતથી તારી કરણીને તારાં બોલવા સાથે મુતાબેક અને અનુસરતી કર.

મોનાજાત ૨૫ મી (ઘઝલમાં).

દસ્તુર મુલ્લા ફીરોઝ બિન મુલ્લા કાઉસની જોડેલી બંદગીની ફઝીલતમાં.

દાઘહા દારમ બે દેલ દાઘમ ગવાહે બન્દગીસ્ત,
દર જનાબશ ખાતેરમ જૂયાયે રાહે બન્દગીસ્ત.

૧. મારાં હ્રદય ઉપર ઘણા દાગ છે; એ દાગ (દાઝ) મારી બંદગીના ગવાહ છે, તેના જનાબમાં મારૂં અંતઃકરણ બંદગીનો રાહ શોધનાર છે.

બન્દે બૂદન બર દરશ બેહતર કે શાહે દીગરાન,
બન્દેઅશ શાહે હુમા, લશ્કર સેપાહે બન્દગીસ્ત.

૨. પરવરદેગારના દરવાજા ઉપર ગુલામ થવું એ બીજાઓની ઉપર પાદશાહી ભોગવવા કરતાં બહેતર છે; દાદગરનો ગુલામ સઘળાઓનો પાદશાહ છે, અને એવા પાદશાહનું લશ્કર બંદગીના સિપાહોનું બનેલું છે.

નફ્સે મન શૈતાનો મન મેન્કાદે નફ્સે દીવસાર,
રજ્મે શૈતાન બીગોમાન અઝ સૂઝો આહે બન્દગીસ્ત.

૩. મારો હવસી જીવ શયતાન્યત ભરેલો છે; અને હું દેવ જેવા હવસી જીવનો તાબેદાર છું, આ શયતાન સાથેની લડાઇ બેશક બંદગીના જુસ્સા અને ગરમાગરમ ડચકાંઓથી થઇ શકે છે.

ખાક બર સરપાશો તાજ અઝ સર બેનેહ દર આજેઝી,
ઝાન્કે ખાકે અજ્ઝ મર્દાનરા કોલાહે બન્દગીસ્ત.

૪. તારાં માથાં ઉપર ધુળ નાખ, અને માણસાઈ નાતવાનીની રાહે તારાં માથાંપરનું તાજ બાજુ મુક, કારણકે એ નાતવાનની ખાક ખરા મરદોની બંદગીની કોલાહ છે.

બેગઝરઝ તખ્તે કઇ, બેગઝાર દીબાહાયે ઝર,
સન્ગો ખેશ્તો ખારો ખસ ઝીબાએ ગાહે બન્દગીસ્ત.

૫. શાહી તખત દુર મેળ, તારો જરી કસબનો રેશમી પોશાક તજ; પત્થર, ઇંટ, કાંટા, તરૂ (નાચારી, નમનતાઇ) એ બંદગીના વખતનો લાયક પોશાક છે;

સદ હઝારાન દોઝ્દો રેહ પોર સન્ગો ઇમાન ચુન ઝોજાજ.
બેગઝરમ સાબેત અગર, આન અઝ પનાહે બન્દગીસ્ત.

૬. (જીંદગીનો) રસ્તો વચમાં પડેલા પત્થરોથી ભરપુર અને તે સાથે લાખો ચોરો (દુન્યાઇ લાલચો) તે રસ્તામાં ભરાઇ બેઠેલા છે, અને ધર્મનું ઇમાન કાચના વાસણ જેવું છે. જો હું એ રસ્તા ઉપરથી સાબેત અને સહીસલામત ઇમાનનાં કાચનાં વાસણને તોડયા વગર પસાર થાઉં તો તે બંદગીના આશીશથીજ છે.

બાકીઓ આબાદ આમદ બીસોખન દર દુ જેહાન,
હરકે અઝ રૂયે એરાદત ઊ તબાહે બન્દગીસ્ત.

૭. જે શખ્સ ઘણીજ આસ્થાથી બંદગીમાંજ પોતાને ગર્ક અને ફાની બનાવે છે, તે બન્ને જહાનમાં કાયમ રહેનારો અને આબાદ થાય છે, તેમાં શક નહિ.

નાયદઝ મન તાઅતઝ સોસ્તી, અઝાન માન્દમ ખમૂશ,
ઇન ઝબાનઝ બીઝબાની ઓઝ્ર-ખાહે બન્દગીસ્ત.

૮. સુસ્તી અને નાતવાનીને લીધે મારાથી બંદગી થતી નથી, તે માટે હું ચુપ રહો છું આ મારી ઝબાન પોતાની ચુપકીદીને માટે બંદગીની માફી ચાહે છે.

મોનાજાત ૨૬ મી (બયતોમાં)

દસ્તુર દારાબ પાલનની જોડેલી.

અયે હુરમઝ્દે દાના, બર જોમ્લગી તવાના,
હસ્તી બે ખલ્ક પાના, ફરૂયાદ રસ એલાહી.

૧. અએ સર્વ જાણનાર અહુરમઝદ! સઘળાઓ ઉપર શક્તિવાન! તું ખલકનો નેઘેહબાન છે, માટે અએ ખુદા તું મારી ફર્યાદે પહોંચ.

ઝરતોશતે પાકો નામી, નઝ્દત ચેનીન ગેરામી,
બાશદ બે કૌમ હામી, ફરૂયાદ રસ એલાહી.

૨. પાક અને નામીચો જરથોસ્ત જે તુંને એટલો બધો વ્હાલો છે, તે હમારી કોમનો રક્ષક છે. ઓ ખોદા મારી મદદે પહોંચ.

મેસ્કીનો નાતવાનમ, અઝ ઘમ-કશી બેજાનમ,
બીસાઝે બર્ગો નાનમ, ફરૂયાદ રસ એલાહી.

૩. હું લાચાર અને અશક્ત છું, ગમ અને દુઃખનો બોજો ખમવાથી કંટાળી ગયો છું, અને ગુજરાનના સાંધણ વગરનો છું, ઓ ખોદા! મારી મદદે પહોંચ.

અઝ હાદેસાત મકહૂર, હસ્તીમ અઝ વતન દૂર,
અઝ યારો ખીશ મહજૂર, ફરૂયાદ રસ એલાહી.

૪. હાંદેશાઓથી હમે હાર ખાઇ ગયા છીએ. (ઇરાન) વતનથી દુર છીએ, મિત્રો તથા ખેશીઓથી જુદા પડેલા છીએ, ઓ ખોદા, તું હમારી મદદે પહોંચ.

લોત્ફત અગર નેમાયદ રાહી બેમા બેશાયદ,
અઝ બન્દેગાન ચે આયદ? ફરૂયાદ રસ એલાહી.

૫. અગર જો તારી મહેરબાની અમને રાહ-દેખાડનારી થાય તો તે વાજબી છે, કારણકે હમો બંદાઓની મગદુર તે કેટલી? ઓ ખોદા હમારી મદદે પહોંચ.

તા કયે ચેનીન શકીબમ? ચન્દીન મકુન એતીબમ,
રોખ-ઝર્દ હમ્ચુ સીબમ, ફરૂયાદ રસ એલાહી.

૬. હું કયાં સુધી આ પ્રમાણે ધીરજ રાખું? મારી ઉપર આટલો ક્રોધ ના કર. મારા રૂખસાર સેબફળના જેવા ફિકા છે; ઓ ખોદા! મારી મદદે પહોંચ.

દાદી તો વઅદે મારા, "હર મોશ્કેલો જફારા,
યારી દેહમ શોમારા" ફરૂયાદ રસ એલાહી.

૭ તેં હમને વચન આપ્યું છે કે "દરેક મુશ્કેલી તથા જફાની વખતે હું તમને મદદ કરીશ." માટે ઓ ખુદા! હમારી મદદે પહોંચ.

આન વક્ત આમદ અકનૂન, હર રૂઝ બેદઅત અફઝૂન,
ખાતેર પરીશો મહઝૂન, ફરૂયાદ રસ એલાહી.

૮. હવે તે વખત આવ્યો છે. દરરોજ ધર્મમાં નવા ધોંગસોંગ અને કુધારા વધે છે, તેથી હમારાં મન પરેશાન અને દુઃખી છે, માટે ઓ ખોદા! હમારી મદદે પહોંચ.

મારા કવીસ્ત ઓમ્મીદ ઝાન વઅદેએ તુ જાવીદ,
યાબીમ અઝ તુ તાઇદ, ફરૂયાદ રસ એલાહી.

૯. હમને તે તારા વચનનું મક્કમ યકીન છે; હમે તારાથી મદદ મેળવીશું. ઓ ખોદા હમારી મદદે પહોંચ.

ગર લોત્ફે તુ નબાશદ હર ખસ કેલમ ખરાશદ,
પસ કયે તુરા શેનાસદ? ફરૂયાદ રસ એલાહી.

૧૦ અગરજો તારી મહેરબાની ન હતે તો દરેક નીચ માણસ મારાં હૃદયને આઝારદે કરતે પછી તે હૃદય તને કયારે પીછાણતે? ઓ ખોદા! અમારી મદદે પહોંચ

દર પીશે ખાસો આમત, કુન આબરૂ કરામત,
દોશમન બરદ નદામત, ફરૂયાદ રસ એલાહી.

૧૧. મને ખાસ અને આમ લોકોની નજદીકમાં આબરૂ બક્ષ. જેથી મારો દુશ્મન પશ્ચાતાપમાં પડે. ઓ ખોદા! મારી મદદે પહોંચ.

હર દર્દ દર તનમ હસ્ત, હર કારે મોશ્કેલમ હસ્ત,
કુન દૂર હર્ચે ઘમ હસ્ત, ફરૂયાદ રસ એલાહી,

૧૨. મારા તનમાં દરેક જાતનું દુઃખ છે, મારૂં દરેક કામ મુશ્કેલ છે. માટે જે સઘળું ગમથી ભરેલુ છે તે દુર કર. ઓ ખોદા! મારી મદદે પહોંચ.

રબ્બી બરી ઝે રૈબી, વાકેફ ઝે રાઝે ઘૈબી,
સત્તારે જોમ્લે ઐબી, ફરૂયાદ રસ એલાહી.

૧૩. ઓ મારા સાહેબ! તું ફરેબથી વેગળો છે, અને ગેબી ભેદોથી તું વાકેફ છે, અને તું તમામ અયબોનો ઢાંકનાર છે. ઓ ખોદા! મારી મદદે પહોંચ.

બેફ્રેસ્ત ઝૂદ ઇંદર વખ્શૂરે નર હુશીદર,
આખેર હમૂસ્ત રેહબર, ફરૂયાદ રસ એલાહી.

૧૪. તું જલદીથી પેગમ્બર હુશેદરને અત્રે મોકલ, સેવટે હમારો તેજ રાહબર છે. ઓ ખુદા! હમારી મદદે પહોંચ.

દર આખેરીન હઝારેહ રન્જસ્ત બીશોમારેહ,
બદ્તર ઝે હર હઝારેહ, ફરૂયાદ રસ એલાહી.

૧૫. આખેરી હઝારમાં બેશુમાર રંજ છે, દરેક હઝારાના કરતાં તે વધારે ખરાબ છે. ઓ ખોદા! હમારી મદદે પહોંચ.

અઝ લોતફે ખુદ દવા કુન, અઝ કૈકો ઘમ રેહા કુન,
ઓમ્મીદ મા રવા કુન, ફરૂયાદ રસ એલાહી.

૧૬. તારી મહેરબાનીની રાહે તેનો ઉપાય કર, ફિકર તથા ગમથી છુટકારો કર, અને હમારી ઉમેદ બર લાવ, ઓ ખોદા! હમારી મદદે પહોંચ.

ઘમ બેશકરદ દેલે મન, દર બન્દહાએ આહુન,
ઝીન ઘમ બેદારમ ઇમન, ફરૂયાદ રસ એલાહી.

૧૭. લોખંડ જેવા મજબુત ફાંદામાં ગમ મારાં હૃદયનો શીકાર કરે છે, તે ગમથી મને સલામત રાખ. ઓ ખોદા! મારી મદદે પહોંચ.

દૌલત બે કસ નપાયદ, દોન્યા ફના નેમાયદ,
હમ-રેહ નેકૂઇ આયદ, ફરૂયાદ રસ એલાહી.

૧૮. દોલત કોઈની સાથે પાયદાર રહેતી નથી. દુન્યા તેને ફના કરી નાખે છે, (પણ) નેકીજ સાથે આવે છે. ઓ ખોદા હમારી મદદે પહોંચ.

દર વક્તે નઝએ જાનમ, કુન તા અશેમ બેખાનમ,
કોદ્દૂસી શવદ રવાનમ, ફરૂયાદ રસ એલાહી.

૧૯. મારો જાન આપવાની છેલ્લી પળે હું "અષેમ વોહુ" ભણું તેવું કર, જેથી મારૂં રવાન બહેશ્તી થાય. ઓ ખોદા! મારી મદદે પહોંચ.

મોનાજાત ૨૭ મી (ઘઝલમાં).

દસ્તુર શાપુરજી માણેકજી સંજાણાની.

કસ નીસ્ત જોઝ તુ દાના, બાશી બે ખલ્ક પાના,
હસ્તી બે ખુદ તવાના, દસ્તમ બેગીર મૂના.

૧. તારા સિવાય કોઇપણ સર્વ જાણનારો નથી, લોકોનો તું પાસબાન છે. તું ખુદથીજ સર્વ શક્તિવાન છે, અએ રાહબરી કરનાર ખુદા! તું મને સહાય થા.

બીચારેઓ ઝઇફમ, દરમાન્દેઓ નહીફમ,
સર ગશ્તેઓ કસીફમ, દસ્તમ બેગીર મૂના.

૨. હું લાચાર નાતવાન છું, આજેજ નબળો છું, ગભરાટમાં પડેલો તથા પાપથી ખરડાયલો છું, અય રાહબરી કરનાર ખુદા! તું મને સહાય થા

લોત્ફત ઝે હદ બીરૂનસ્ત, ફઝ્લત ઝે હદ ફેઝૂનસ્ત,
શેકૂકત બે મન હમૂનસ્ત, દસ્તમ બેગીર મૂના.

૩. તારી રહેમ હદ બહારની છે, તારી બખશેશ બેહદ છે, મારી ઉપર તારી માયા એક સરખી છે, અય રાહબરી કરનાર ખુદા! તું મને સહાય થા.

દર એશ્કે તુ ચેનાનમ, કઝ ખુદ નેશાન ન દાનમ,
તીરે ઘમત બે જાનમ, દસ્તમ બેગીર મૂના.

૪. તારા પ્રેમમાં હું એટલો તો ગરક છું કે હું પોતાને ભુલી ગયો છું, તારા ધર્મના પ્રેમનો તીર મારા જાનમાં છે, અએ રાહબરી કરનાર ખુદા! તું મને સહાય થા.

લૈલો નેહાર ઝારમ, જોઝ આહ નીસ્ત યારમ,
જોઝ ગેર્યે નીસ્ત કારમ, દસ્તમ બેગીર મૂના.

૫. રાત દીન હું તારા ગમમાં પીગળાતો જાઉં છું, હાય અફસોસ સિવાય કોઇ મારો યાર નથી રડવા સિવાય મારૂં બીજું કાંઈ કામ નથી, અએ રાહબરી કરનાર ખુદા! તું મને સહાય થા.

અઝ શેહરે ખીશ દૂરમ, વઝ ખલ્ક મન નફૂરમ,
ઝેકૂત શુદેહ સરૂરમ, દસ્તમ બેગીર મૂના.

૬. મારાં પોતાનાં વતન અને ખેશીથી દુર છું, અને લોકોથી હું કંટાળો પામેલો છું, તારી સેપાસ ગુજારીમાં હું મઝાહ લેઉં છું, અએ રાહબરી કરનાર ખુદા! તું મને સહાય થા.

બર દર્ગેહત ફેતાદમ, જાન બર દરત નેહાદમ,
રસ યક ઝમાન બે દાદમ, દસ્તમ બેગીર મૂના.

૭. હું તારી દરગાહ ઉપર પડેલો છું, મેં મારો જાન તારે બારણે મેળેલો છે. એક વખ્ત મારી દાદે પહોચ, અએ રાહબરી કરનાર ખુદા! તું મને સહાય થા.

યક લોત્ફ અગર બેસાઝી બર આસીઆન નવાઝી,
દૂરમ ઝે ખુદ નસાઝી, દસ્તમ બેગીર મૂના.

૮. જો એક મહેરબાની કરે તો ગુનેહગારો ઉપર તું બક્ષેશ કર, અને મને તારી આગળથી દુર ના કર! અએ રાહબરી કરનાર ખુદા! તું મને સહાય થા.

નકૂશે તુ નીસ્ત દર દેલ, પાયમ ઝે હેર્સ દર ગેલ,
ઓગ્રમ તલફ્ શુદઝ જહૂલ, દસ્તમ બેગીર મૂના.

૯. તારી યાદનો છાપ મારાં દીલમાં નથી. મારો પગ દુન્યાના લોભ લાલચથી કાદવમાં ચોટકી બેઠો છે. જાહેલીમાં જીંદગી બરબાદ કીધી છે, ઓ રાહબરી કરનાર ખુદા! તું મને સહાય થા.

બેન્મા કરમ બે હાલમ, હાસેલ શવદ કમાલમ,
જોઝ તુ બે કી બેનાલમ, દસ્તમ બેગીર મૂના.

૧૦. મારી હાલત ઉપર દયા કર, જેથી મને સંપુર્ણતા હાંસલ થાય, તારા સિવાય હું કોણની નજદીક ફર્યાદ કરૂં? ઓ રાહબરી કરનાર ખુદા! તું મને સહાય થા.

કાયેમ હમા બે નામત, આલમ હમા ધોલામત,
શીરાન હમા બે દામત, દસ્તમ બેગીર મૂના.

૧૧. તારાં નામથી સર્વે કાયમ છે, આખી આલમ તારી સેવામાં છે, બધા સીંહો તારી જાળમાં છે, ઓ રાહબરી કરનાર ખુદા! તું મને સહાય થા.

દર કૂયે તુ ફેતાદમ, સર દર રેહત નેહાદમ,
જાન બર દરત બેદાદમ, દસ્તમ બેગીર મૂના.

૧૨. તારા રસ્તામાં હું પડેલો છું, તારી રાહ પર મેં માથું મુકયું છે, તારી દરગાહમાં મારો જાન આપ્યો છે. ઓ રાહબરી કરનાર ખુદા! તું મને સહાય થા.

ફેરઝન્દો ઝર મરા દેહ, જાને મરા સફા દેહ,
દોશ્મન ઝે મન જોદા નેહ, દસ્તમ બેગીર મૂના.

૧૩. મને ફરઝંદ તથા દોલત આપ, મારા જાનને પાકીજગી આપ, દુશમનને મારાથી વીખુટો કર, ઓ રાહબરી કરનાર ખુદા! તું મને સહાય થા.

પયેકે અજલ ચુન આયદ, જાનમ ઝે મન રોબાયદ,
આન જાન ઝે તન બરાયદ, દસ્તમ બેગીર મૂના.

૧૪. જ્યારે મારી અજલનો કાસદ આવે, અને મારી કનેથી જાન છીનવી લે, અને તે જાન મારાં તનમાંથી બહાર નિકળી જાય, ત્યારે ઓ રાહબરી કરનાર ખુદા! તું મને સહાય થા.

મોનાજાત ૨૮ મી (ઘઝલમાં).

આતશ બેહેરામ અથવા આદરાંન યા ઘરના આતશની નજદીક પઢવાની.

અયે નૂરે ખોદા, કેબ્લેએ મા, આતેશે યઝૂદાન,
ઝીન યશ્તો નેયાયેશ કે કુનમ બાશ તુ શાદાન,

૧. અએ ખુદાના નુર! હમારા કેબલા અને યઝદાનના આતશ! જે યશ્ત તથા નીયાએશ હું ભણું તેથી તું ખુશી થા.

ઇન બન્દગીઓ ઝેક્રે ખોદા નઝ્દે તુ કર્દમ,
અઝ બેહ્રે એજાબત બરે દાદારે તુ બેર્સાન.

૨. આ બંદગી તથા ખુદાની યાદ તારી સનમુખ મેં કીધી છે, તે બંદગી ખુદાની નજદીક બહાલીને માટે તું પુગાડ.

અઝ મન બેરસાન અર્ઝ બે આન દર્ગેહે યક્તા,
એમ્દાદ બેકુન તા કે શવદ મોશ્કેલમ આસાન.

૩. મારા તરફની આ અરજ તે એકલા ખુદાની દરગાહમાં પહોંચાડ, મને મદદ કર, કે જેથી મારી મુશકેલી આસાન થાય.

કુન રેઝ્ક ફરાખ, આબ ફ્ઝા, બખ્શ સઆદત,
અફ્ઝૂનિયે ફ્ર્ઝન્દ દેહ્ અઝ ખાલેકે ગેહાન.

૪. મારી રોજી રઝક પુષ્કળ કર, આબરૂ વધાર, સુખ બક્ષ, અને જેહાનના પેદા કરનાર તરફથી મને ફરઝંદની વૃદ્ધિ કર.

મોનાજાત ૨૯ મી (ઘઝલમાં).

આવાં અરદ્વીસુર સન્મુખ પઢવાની.

અયે કેબ્લેએ મા, ઇઝદે પાકીઝગી આબાન,
ઝીન યશ્તો નેયાયેશ કે કુનમ બાશ તો શાદાન.

૧. અએ હમારા કેબલા, પાક આવાં યઝદ! જે યશ્ત તથા નીયાએશ હું ભણું તેથી તું ખુશ થા.

ઇન બન્દગીઓ ઝેકે ખોદા નઝ્દે તુ કર્દમ,
અઝ બેહુરે એજાબત બરે દાદાર તુ બેર્સાન.

૨. આ બંદગી તથા ખુદાની યાદ તારી સનમુખ મેં કીધી છે, તે બંદગીને ખોદાની નજદીક બહાલીને માટે તું પુગાડ.

અઝ મન બેરસાન અર્ઝે બે આન દર્ગેહે યક્તા
એમ્દાદ બેકુન તા કે શવદ મોશ્કેલમ આસાન.

૩. મારી તરફની આ અરજ તે એકલા ખોદાની દરગાહમાં પહોંચાડ, મને મદદ કર, જેથી મારી મુશકેલીઓ આસાન થાય.

કુન રેઝક ફરાખ, આબ ફેઝા, બખ્શ સઆદત,
અફ્ઝૂનિયે ફર્ઝન્દ દેહુ અઝ ખાલેકે ગેહાન.

૪. મારી રોજી રઝક પુષ્કળ કર, આબરૂ વધાર, સુખ બક્ષ, જેહાનના પેદા કરનાર તરફથી મને ફરઝંદની વૃદ્ધિ કર.

મોનાજાત ૩૦ મી (ઘઝલમાં.)

ખોરશેદ સન્મુખ પઢવાની.

અયે નૂરે અહુરમઝ્દ, તુ ખુર્શીદે દારેખ્શાન,
ઝીન યશ્તો નીયાયેશ કે કુનમ બાશ તો શાદાન.

૧. અએ અહુરમઝદના નુર તું પ્રકાશિત ખોરશેદ! જે યશ્ત તથા નીયાએશ હું ભણું તેથી તું ખુશ થા.

ઇન બન્દગીઓ ઝેકે ખોદા નઝ્દે તુ કર્દમ,
અઝ બેહુરે એજાબત બરે દાદાર તુ બેર્સાન.

૨. આ બંદગી તથા ખુદાની યાદ તારી સનમુખ મેં કીધી છે, તે બંદગીને ખુદાની નજદીક બહાલીને માટે તું પુગાડ.

અઝ મન બેરસાન અર્ઝે બે આન દર્ગેહે યક્તા,
એમ્દાદ બેકુન તા કે શવદ મોશ્કેલમ આસાન.

૩ મારા તરફની આ અરજ તે એકલા ખુદાની દરગાહમાં પહોંચાડ, મને મદદ કર, જેથી મારી મુશકેલી આસાન થાય.

કુન રેઝ્ક ફરાખ, આબ ફેઝા, બખ્શ સઆદત,
અઝ્ઝૂનિયે ફર્ઝન્દ દેહ અઝ ખાલેકે ગેહાન.

૪. મારી રોજી રઝક પુષ્કળ કર, આબરૂ વધાર, સુખ બક્ષ, જેહાનના પેદા કરનાર તરફથી મને ફરઝંદની વૃદ્ધિ કર.

મોનાજાત ૩૧ મી (ઘઝલમાં).

માહાબોખ્તારની સન્મુખ પઢવાની.

અયે નૂરે ખોદા, કેબ્લેએ મા, માહે દોરોખ્શાન,
ઝીન યશ્તો નેયાયેશ કે કુનમ બાશ તુ શાદાન.

૧. અએ ખુદાના નુર, હમારા કેબલા, પ્રકાશીત મહાબોખ્તાર! જે યશ્ત તથા નીયાએશ હું ભણું તેથી તું ખુશ થા.

ઇન બન્દગીઓ ઝેક્રે ખોદા નઝ્દે તુ કર્દમ,
અઝ બેહરે એજાબત બરે દાદાર તુ બેર્સાન.

૨. આ બંદગી તથા ખુદાની યાદ મેં તારી સન્મુખ કીધી છે, તે બંદગીને ખોદાની નજદીક બહાલીને માટે તું પુગાડ.

અઝ મન બેરસાન અર્ઝ બે આન દર્ગેહે યકતા,
એમ્દાદ બેકુન તા કે શવદ મોશ્કેલમ આસાન.

૩. મારા તરફની આ અરજ તે એકલા ખોદાની દરગાહમાં પહોંચાડ, મને મદદ કર, જેથી મારી મુશકેલી આસાન થાય.

કુન રેઝ્ક ફરાખ, આબ ફેઝા, બખ્શ સઆદત,
અઝ્ઝૂનિયે ફર્ઝન્દ દેહ અઝ ખાલેકે ગેહાન.

૪. મારી રોજી રઝક પુષ્કળ કર, આબરૂ વધાર, સુખ બક્ષ, જહાનના પેદા કરનાર તરફથી મને ફરઝંદની વૃદ્ધિ કર.

મોનાજાત ૩૨ મી (બયતોમાં)

પાદશાહા જોર્મે મારા દર ગુઝાર,
મા ગુનેહકારીમો તુ આમોર્ઝગાર.

૧. અએ પાદશાહ! હમારા ગુનાહ માફ કર, હમે ગુનેહગાર છીએ, તું મારી બક્ષનાર છે.

તુ નેકૂકારીઓ મા બદ કર્દેઇમ,
જોર્મે બીઅન્દાઝો બીહદ કર્દેઇમ.

૨. તું નેક કામ કરનાર છે, હમે બદીનાં કામ કીધાં છે, હમોએ બેઅંદાઝ અને બેહદ ગુનાહ કીધા છે.

સાલહા દર ફૈસ્કો એસ્યાન ગશ્તેઇમ,
આખેરૂ અઝ કર્દેહ પશીમાન ગશ્તેઇમ.

૩. વરસો સુધી ગુનાહ તથા પાપમાં હમો ભટકયા છીએ, સેવટે તે સઘળાં કીધેલાંથી હમો પશેમાન થયા છીયે.

રૂઝો શબ અન્દર મનાહી બૂદેઇમ,
ઘાફેલઝ અમ્રો નવાહી બૂદેઇમ.

૪. રાત દીન હમો મના કરવામાં આવેલાં કામોમાંજ મશગુલ રહયા છીએ, તારા હુકમ તથા મનાઈથી હમે ગાફેલ રહયા છીયે.

દાયેમા દર બન્દે એસ્યાન માન્દેઇમ,
હમ-કરીને નેફસે શૈતાન માન્દેઇમ.

૫. હંમેશાં પાપના ફાંદામાં રહ્યા છીયે, અને શેતાનિયત ભરેલા હવસી આત્માના સાથી થયા છીયે.

બીગોનેહ નુગઝશ્ત બર મા સાઅતી,
બા હઝૂરે દેલ નકર્દેહ તાઅતી.

૬. હમારો એક પણ કલાક ગુનાહ વગર પસાર થયો નથી, શાંત અને એકચીત મને હમે બંદગી કરી નથી.

બર દરૂ આમદ બન્દેઇ બોગરીખતેહ,
આબરૂએ ખુદ બે એસ્યાન રીખતેહ.

૭. નાસી ગયેલો બંદો તારા દરવાજા ઉપર પાપમાં પોતાની આબરૂની ધુળધાણી કરી પાછો આવ્યો છે.

મઘ્ફ્રરત દારદ ઓમીદઝ લોત્ફે તુ,
ઝાન્કે ખુદ ફર્મુદેઇ "લા તક્નતુ."

૮. તારી મહેરબાનીથી તે બંદો માફીની ઉમેદ રાખે છે, કારણકે તેં ફરમાવ્યું છે કે "નિરાશ થતો ના"

બેહ્રે એલ્તાફે તુ બીપાયાન બવદ,
ના ઓમીદઝ રેહ્મતત શૈતાન બવદ.

૯. તારી મહેરબાનીઓનો મહાસાગર હદ ‘ગરનો છે, તારી રહેમથી શયતાનજ ફકત નાઉમેદ છે.

નફ્સે શૈતાન ઝદ કરીમા રાહે મન,
રેહ્મતત બાશદ શફાઅત ખાહે મન.

૧૦. અએ કૃપાળુ ખોદા! શએતાનિયત ભરેલા હવસી આત્માએજ મને આડે રસ્તે દોરવ્યો છે, પણ તારી રહેમ મારી સિફારશ કરનાર થઇ શકે.

ચશ્મ દારમ કઝ ગોનેહ્ પાકમ કુની,
પીશઝાંન કન્દર તકે ખાકમ કુની.

૧૧. હું ઉમેદ રાખું છું કે તું મને મટ્ટીમાં મેળવે તે આગમજ ગુનાહથી મને પાક કરશે.

અન્દરાન દમ કઝ બદન જાનમ બરી,
અઝ જેહાન બા નૂરે ઇમાનમ બરી.

૧૨. બદનની અંદરનો જાન જ્યારે તું લઈ લે, ત્યારે જહાનમાંથી મને મારાં ઇમાનનાં નુર સાથે લઇ જજે.

(ફૃ. આ.)

મોનાજાત ૩૩ મી (ગઝલમાં)

બામદાદને વખતે પઢવાની.

દેલા બર ખીઝો તાઅત કુન, કે તાઅત બેહ્ જે હર કારસ્ત,
સઆદત આન કસી યાબદ કે પીશઝ સોબ્હ બીદારસ્ત.

૧. અએ દીલ! ઉઠ અને ભકિત કર, કારણકે ભકિત દરેક કાર્યના કરતાં બહેતર છે. જે કોઇ બામદાદની આગમજ બીદાર થાય છે, તેને સુખ મળે છે.

દેલત ગૂયદ કે બર ખીઝમ, હવા ગૂયદ દમે દીગર,
હવારા ઝીરે પા આવર કે વક્તે અમ્રે જબ્બારસ્ત.

૨. તારૂં દીલ કહે છે કે "ઉઠું," પણ સવારની આળસાઇ કહે છે કે "નહિ, નહિ, બીજી પળે" (યાને હમણાં સુઈ રહે, પછી ઉઠજે) એ આળસાઇને પગ તળે કચડી નાખ, કે બામદાદનો વખત તે સર્વશક્તિવાન પરવરદેગારનાં ફરમાન બજા લાવવાનો વખત છે.

ખોરૂસાન દર સહર ગૂયન્દ "કોમ કોમ ઐયહુલ્-ઘાફેલ";
તુ ખુદ મસ્તી, નમીદાની; કસી દાનદ કે હુશ્યારસ્ત.

૩. મરઘો બડી બામદાદે બોલે છે કે "અએ ગાફેલ માનવી! ઉઠ, ઉઠ!" તું પોતે ઉઘની મસ્તીમાં પડેલો છે, તેથી તું કાંઇ સમજતો નથી, જે કોઇ બીદાર અને હુશિયાર છે તે જાણે છે ને સમજે છે.

હમાન બેહ્તર કે બર ખીઝી, જે દીદેહ્ આબે ખૂન રીઝી,
જે આઝો હેર્સ બોગરીઝી, કે દોશ્મન સખ્ત મક્કારસ્ત.

૪. બહેતર છે કે તું ઉઠે, તારી આંખમાંથી લોહીનાં આસું વરસાવે, ને લોભ લાલચથી દુર ન્હાસે, કારણકે દુશમન (અહેરેમન) ઘણોજ મક્કરબાજ છે.

અયા મેસ્કીને બીચારેહ્ તફક્કોર કુન બે યક બારેહ્,
અસીરે નફ્સે અમ્મારેહ્, તુરા મોર્દન બેનાચારસ્ત.

૫. અએ ગરીબ મીસ્કીન! એકજ વાર વિચાર કર, તું તારાં હવસી જીગરના બંદમાં છે, તને મરવા વગર છુટકો નથી.

બે આહુન તખ્તે અન્દાઝન્દ, કફન અન્દર તનત સાઝન્દ,
દરૂને દખ્મે અન્દાઝન્દ, અમલ આન્જા તુરા યારસ્ત.

૬. તને લોખંડની ગેહાન ઉપર નાખવામાં આવશે, તારાં શબને કપડાં પહેરાવવામાં આવશે, અને દખમામાં મુકવામાં આવશે, જ્યાં તારી કરણીજ તને યારીએ આવશે.

(શ. ત.)

મોનાજાત ૩૪ મી (ઘઝલમાં)

અયે તાલેબે નૂરે ખુદા, બરૂખીઝ વક્તે સોબ્હદમ,
અયે તાલેબે નૂરે સફા, બરૂખીઝ વક્તે સોબ્હદમ.

૧. અએ ખુદાના નુરની તલબ કરનાર સહવારને વખતે ઉઠ! અએ પાકીજગીના નુરની તલબ કરનાર! બામદાદને વખતે ઉઠ.

ખાહી કે બાશી દર અમાન, ઝીન મોશ્કેલે આખેર ઝમાન,
બર રાહે મૌલા શવ રવાન, બરૂખીઝ વક્તે સોબ્હદમ.

૨. જો આ આખેર જમાનાની મુશ્કેલીથી તું સલામત રહેવા માંગતો હોય, તો ખોદાતાલાહની રાહ ઉપર ચાલ અને બામદાદને વખતે ઉઠ.

અયે મોર્દેહ-દેલ બીદાર શવ, દર યાદે આન દેલ્દાર શવ,
બા નાલેહાયે ઝાર શવ, બરૂખીઝ વક્તે સોબ્હદમ.

૩. અએ ખોદાની લાગણી વગરના હૈયાં ધરાવનાર! બીદાર થા, તે મહાન માશુકની યાદમાં રોકા, કકલાટવાળા રડવાના પોકાર કર, બામદાદને વખતે ઉઠ.

સોબ્હસ્ત નૂરે દાસ્ફેશાન, બર કાયેનાતો લા મકાન,
ગર વાકેફ હસ્તી તુ અઝાન, બરૂખીઝ વક્તે સોબ્હદમ.

૪. બામદાદ અણહદ સૃષ્ટિ ઉપર મોતીનું અજવાળું પાંથરનાર છે, અગર જો તેથી તું વાકેફ હોય તો બામદાદને વખતે ઉઠ.

ફર્દા ગ્રે દોન્યા રફ્તનસ્ત, ઇન્જા ન ઘાફેલ બૂદનસ્ત,
અન્દર સતૂદાન ખોફ્તનસ્ત, બરૂખીઝ વક્તે સોબ્હદમ.

૫. આવતી કાલે દુન્યામાંથી ચાલી જવાનું છે, અહિંયા ગાફેલ રહેવાનું નથી, ઘોરમાં લાંબો વખત ઉઘાવાનું છે, માટે હાલ બામદાદને વખતે ઉઠ.

સોબ્હસ્ત વક્તે મોહસના, સોબ્હસ્ત વક્તે દેલ-ગોશા,
સોબ્હસ્ત વક્તે જાન-ફેઝા, બરૂખીઝ વક્તે સોબ્હદમ.

૬. બામદાદનો વખત ખુશનુમા વખત છે, બામદાદ દીલને ખુશ કરનારો વખત છે, બામદાદ જાનની વૃદ્ધિ કરવાનો વખત છે, માટે બામદાદને વખતે ઉઠ.

સોબ્હસ્ત વક્તે આશેકાન, સોબ્હસ્ત વક્ને સાદેકાન,
સોબ્હસ્ત વક્તે નાતેકાન, બરૂખીઝ વક્તે સોબ્હદમ.

૭. બામદાદ (ખોદાના) આશકોનો વખત છે, બામદાદ સાચા અને સાફ દીલના લોકોનો વખત છે, બામદાદ છટાથી બોલનારાઓનો વખત છે, માટે બામદાદને વખતે ઉઠ

ખાહી કે તુ આગેહ શવી, દર હર દુ આલમ શેહ સવી,
ખાહી કે મરૂદ રેહ શવી, બરખીઝ વક્તે સોબ્હદમ.

૮. અગર જો તું સર્વ ચીજથી વાકેફ થવા ઇચ્છતો હોય, બન્ને દુનિયામાં શાહ થવા ઇચ્છતો હોય, ખોદાની રાહ ઉપર ચાલનારાઓમાં પુખ્ત થવા ઇચ્છતો હોય, તો બામદાદને વખતે ઉઠ.

હર્દમ ખોદારા યાદ કુન, દેલ્રા ગ્રે ઘમ આઝાદ કુન,
બોલ્બોલ્-સેફ્ત ફર્યાદ કુન, બરૂખીઝ વક્તે સોબ્હદમ.

૯. હરદમ ખોદાને યાદ કર, દીલને ગમથી મોકળું કર, બુલબુલની માફક પોકાર કર અને બામદાદને વખતે ઉઠ.

ચુન જાહેલીઓ અબ્લેહી, બારે ગેરાન બર ખુદ નેહી,
મર્ગત બેયાયદ નાગેહી, બરૂખીઝ વક્તે સોબ્હદમ.

૧૦. તું જાહેલ અને અજ્ઞાન હોવાથી તારી પોતાની ઉપર ભારી બોજો મેલે છે, તારૂં મોત ઓચિંતું આવશે માટે બામદાદને વખતે ઉઠ

મોનાજાત ૩૫ મી (ઘઝલમાં)

મન બન્દેએ હકીરમ, ફર્યાદ રસ એલાહી,
દર બન્દે ઘમ અસીરમ, ફર્યાદ રસ એલાહી.

૧. હું કંગાળ બંદો છું, અએ ખોદા! મારી મદદે પહોંચ. હું ગમના બંદમાં કેદી છું, અએ ખોદા! મારી મદદે પહોંચ!

કર્દમ બસી ગોનાહી, શુદ નામેઅમ સિયાહી,
ઓમ્રમ શુદે તબાહી, ફર્યાદ રસ એલાહી.

૨. મેં ઘણા ગુનાહ કીધા છે, મારાં કામોના હિસાબનો કોરો ચોપડો પાપોની નોંધથી કાળો થઇ ગયો છે, મારી જીંદગી બરબાદ થઈ છે, ઓ ખોદા! મારી મદદે પહોંચ!

હારમ દેલી પરીશાન અન્દર ફરાક જીશાન,
ગશ્તે જોદા જે ખીશાન, ફર્યાદ રસ એલાહી.

૩. હું પરેશાન દીલનો છું, જુદાઇમાં જાણીતો થયો છું, ખેશાવંદોથી જુદો પડયો છું, ઓ ખોદા! મારી મદદે પહોંચ!

ખાતેર પરીશમ અકનૂન, જ્ઞાન જાનમસ્ત મહુઝૂન,
ચશ્મમ જે ગેર્યે પોરૂ ખુન, ફર્યાદ રસ એલાહી.

૪. હાલ હું મનના ગુચવાડામાં ગેરફતાર છું, તેથી મારો જીવ ઘણોજ ઉદાસ છે, મારી આંખ, રડવાથી લોહીલુહાણુ થઇ છે, ઓ ખોદા! મારી મદદે પહોંચ!

જમઇયતમ અતા કુન, ફેકેઅ દેલમ જોદા કુન,
રન્જે મરા સફા કુન, ફર્યાદ રસ એલાહી.

૫. મને મનની શાંતિ બક્ષ, મારાં દીલમાંથી ફીકર કહાડી નાખ, મારી રંજ ટાળ! ઓ ખોદા! મારી મદદે પહોંચ!

અયે કાદેરે તવાના, તુ આલેમીઓ દાના,
બેફ્ઝીર દઅ્વતે મા, ફ્ર્યાદ રસ એલાહી.

૬. અએ બળવાન સર્વશકિતવાન! તું વિદ્વાન સર્વ જાણનાર છે, મારી અરજ કબુલ રાખ, ઓ ખોદા! મારી મદદે પહોંચ!

યા રબ હેદાયતમ દેહ, તૌરીકે તાઅતમ દેસ,
સબ્રો કેનાઅતમ દેહ, ફ્ર્યાદ રસ એલાહી.

૭. ઓ સાહેબ! મારી રાહબરી કર, બંદગી કરવાની બક્ષેશ આપ, મને સબુરી અને સંતોષ આપ. ઓ ખોદા! મારી મદદે પહોંચ!

ઓફ્તાદેઅમ બેચારૅત, બીદેલ ઝે રન્જો કોર્બત,
હીચમ ન એઝ્ઝો હોર્મત, ફ્ર્યાદ રસ એલાહી.

૮. હું પરાયા મુલકમાં પડયો છું, રંજ અને સખ્તીથી બેકરાર છું, મારી આબરૂ ઈજત કાંઇ નથી. ઓ ખોદા! મારી મદદે પહોંચ!

અયે વાહેબુલ્-અતાયા, વયે ખાલેકુલ્-બરાયા,
અફ્વમ કુની ખતાહા, ફ્ર્યાદ રસ એલાહી.

૯. અએ સખી બક્ષેશ કરનાર! અએ ઇનસાનના પેદા કરનાર! મારા ગુનાહ માફ કર ઓ ખોદા! મારી મદદે પહોંચ!

મન બન્દેએ ઘરીબમ, હયેરાનો બી-નસીબમ,
અઝ લોત્ફ કુન કરીબમ, ફ્ર્યાદ રસ એલાહી.

૧૦. હું એક પરાયો બંદો છું, ગુંચવણમાં પડેલો તથા કમનસીબ છું, મહેરબાનીની રાહે મને તારી નજદીકનો કર. અએ ખોદા! મારી મદદે પહોંચ!

અયે શાહે ઈન દુ આલમ, પયેવસ્તે દર મલાલમ,
ફેકી બે કુન બે હાલમ, ફ્ર્યાદ રસ એલાહી.

૧૧. અએ બન્ને જહાનના શાહ! હું સદા દુઃખમાં છું, મારી હાલત ઉપર ખ્યાલ કર, અએ ખોદા! મારી મદદે પહોંચ!

સોલ્તાને મોત્તઆલી, સોબ્હાને ઝુલ-જલાલી,
રેહ્માનો લા-યઝાલી, ફ્ર્યાદ રસ એલાહી.

૧૨. અએ બુલંદ મરતબાના શાહ! અએ કીર્તિવંત પાક ખોદા! અએ દયાળુ અને પાયદાર ખોદા! મારી મદદે પહોંચ!

અયે પાયેદાર સર્મદ, બન્દેહ નેકૂસ્ત વર બદ,
અઝ દર્ગેહત મકુન રદ, ફ્ર્યાદ રસ એલાહી

૧૩. અએ અમર્ગ પાયદાર ખોદા! હું તારો બંદો નેક હોઉં કે બદ, તોપણ તારી દરગાહમાંથી મને કહાડી ના મુકતો. અએ ખોદા! મારી મદદે પહોંચ!

મોનાજાત ૩૬ મી (રોબાઅઇમાં)

શાહા ઝે કરમ બર મને દર્વીશ બેન્ગર,
બર હાલે મને ખસ્તેએ દેલ્-રીશ બેન્ગર.

૧. અએ શાહ! દયા કરી મુજ ગરીબ તરફ જો, મારા જેવા જખમી દીલફીગારની હાલત ઉપર નજર કર.

હરૂચન્દ નયમ લાયેકે બખ્શેશહાયે તુ,
બર મન મનેગર, બર કરમે ખીશ બેન્ગર.

૨. હું તારી મારીનો ગમે તેટલો લાયક નહિ હોઉં તોપણ મારી ઉપર ના જોતો, પણ તારી દયા તરફ જોજે.

જાહેર ખબર.

ફરાણીની કદીમી પાક ખોરદેહ અવસ્તા.

સર્વે બંદગીના સાર સાથે.

પાંચ યશતની—સર્વે ગેહો, ન્યાએશો, પતેત ઇરાની, પતેત આદરબાદની, પતેત ઇરિની રવાંનની નૈયતે પઢવાની, પતેત પશેમાની રવાનની નૈયતે પઢવાની, સતુમનો કરદો, દાદાર અહુરમજદનાં ૧૦૧ નામો, ઉપરાંત હોરમજદ, અરદીબેહેશત, સરોશ હાદોખ્ત તથા વડી અને વનંત મળી **પાંચ યશતની.** પાણું ૨૯૬.—કીં૦ આઠ આના.

ચૌદ યશતની—ઉપર મુજબ સર્વે બંદગીઓ ઉપરાંત, મોટી તથા નાની હપતન, ખોરદાદ, આવાં તીર, ગોશ, બેહરામ, અશીશવંઘ, અને સીરોજા યશત સાથે **ચૌદ યશત, બેહેરામ રાવરીની** મોનાજાત સાથે. પાણું ૧૦૮.—કીં૦ રૂ. એક.

કદીમી તમામ ખોરદેહ અવસ્તા—જેમાં ઉપલી બંદગીઓ ઉપરાંત સર્વે યશ્તો, નેમાજો, ત્રીસે રોજની સેતાયશો, ફરામરઓદના હા તથા ગાથાના પાંચે હા, તથા **બેહેરામ રાવરીની** મોનજાત આપી છે. હૅન્ડી સાઇઝ ૧૨૦૦ પાણું.—કીં૦ રૂ. બે.

કદીમી ફરામરઓદના હા તથા ગાથાના પાંચ હા. કીંમત આના ચાર.

સાફ ખુલ્લા કાળા ટાઇપે, છાપેલી ઉપલી પાક કેતાબોને કદીમી ટોળાના સાહેબો પુરતો ટેકો આપ એવી નમ્ર અરજ છે.

જેહાંગીર કરાણીવાળી
જોડા અક્ષરવાળી તમામ ખોરદેહ અવસ્તામાં વાપરેલી
શુદ્ધ જોડણી અને ટાઇપનો નમુનો.

ક્ષનઑથ્ર અહુરહે મજદાઓ. અષૅમ વૉહૂ (૧).

પ નામે યજદાંન્ અહુરમજ્દ ખોદાએ અવઝૂની, ગોરૂજે ખોરેહ અવજાયાદ; મીનો અરૂશશંગ બેરસાદ. અજ હમા ગુનાહ પતેત્ પશેમાનુમ; અજ હર્વસ્તીન દુશ્મત દુઝુખ્ત દુઝવરૂશ્ત, મેમ પ ગેતી મનીદ, ઑએમ ગોફ્ત, ઑએમ કર્દ, ઑએમ જસ્ત, ઑએમ બૂન્ બૂદ ઍસ્તેદ. અજ આંન્ ગુનાહ મનશ્ની ગવશ્ની કુનશ્ની, તની રવાંની ગેતી મીનોઆંની, ઑખે અવાખ્શ પશેમાન્ પ સે ગવશ્ની પ પતેત્ હોમ. ક્ષનઑથ્ર અહુરહે મજદાઓ, તરોઇદીતે અંઘ્રહે મઇન્યેઉશ; હચ્થ્યાવરૂશ્તાંમ્ હ્યત્ વસ્તા ફ્રૅરૂપોર્તૅમમ્ સ્તઑમિ અષૅમ; અષૅમ વૉહૂ (૩).

ફ્રવરાને મજદયસ્નો જરથુશત્રિશ વીદએવો અહુરત્કએષો, (જે ગેહ હોય તે પઢે) ફ્રસસ્તયએચ, અષોઇશ વંઘ્રહુયાઓ, ચિસ્તોઇશ વંઘ્રહુયાઓ, ઍરૅથે વંઘ્રહુયાઓ, રસાંસ્તાતો વંઘ્રહુયાઓ, પ્હરેનંઘ્રહો સવંઘ્રહો મજદધાતહે, ક્ષનઑથ્ર યસ્નાઇચ વહ્માઇચ ક્ષનઑથ્રાઇચ ફ્રસસ્તયએચ, યથા અહૂ વઇર્યો જઓતા ફ્રા મે મ્રૂતે, અથા રતુશ અષાત્ચિત્ હચ ફ્રા અષવ વીદ્વાઓ મ્રઑતૂ.

૧.–અશીશવંઘ, એક નારી ફરેશ્તો છે. એનો શબ્દાર્થ પવિત્રાઇ, સચાઇ થાય છે, જે આવતી દુન્યાને માટેનો અગત્યનો ખજાનો છે, અને જે શખસ એ ખજાનો એકઠો કરે તે પેશ્રી દુન્યાનું સુખ હાંસલ કરે છે. એ ઉપરથી તે સામાન્ય રીતે લક્ષ્મી ઉપર મવકકલ યઝદ ગણાયો છે. પવિત્રાઇ અને અશોઇની જેમ પેશ્રી દુન્યાનું સુખ હાંસલ થાય છે, તેમ આ દુનિયામાં પણ સુખ હાંસલ થાય છે, એ ઉપરથી આશીરવાદમાં દોલતનું મેળવવું અશીશવંઘથી માગવામાં આવે છે. એણીને 'અર્દ'ના નામથી પણ પાછળથી બોલાવવામાં આવે છે. અશીશવંઘ યશ્તમાં એણીને દાદાર અહુરમઝદની દીકરી અને અમશાસ્પંદોની

જાહેર ખબર.

રૂ. ૧ા વાળી તમામ અવસ્તા તેમજ આના ૭, આંઠ અને બારવાળી અવસ્તામાં વાપરેલા ટાઇપનો નમુનો.

તુરનાંમ; યુષમઓયો પરો કરષનજો હવીર બએોન સેવીશત, યોઇ તખમ ખશતાવયો, યોઇ તખમ સઓષયંતો, યોઈ તખમ વેરેથરાજનો. ખરૂમાઓ અસેબોશ ફરજીનત દાનુનાંમ બયેવર-પઇતીનાંમ.

(કરદો ૧૦ મો) અષાઉનાંમ વંઘુહીશ સુરાઓ સપેનતાઓ ફરવષયો યજમઇદે. યાઓ રસમનો હાંમ-સતાતેએ ફરકરઇ અઓીન:યેનતી, વીમઇ ધયાંનેમ નાગયેઇનતી; થવાપેમ પશકાત ફરવ-જેનતે, અવંઘહે નરાંમ અષઓનાંમ, આજંઘહે દુજવરશતાવરેતંમ.

(કરદો ૧૧ મો) અષાઉનાંમ વંઘુહીશ સુરાઓ સપેનતાઓ ફરવષયો યજમઇદે. યાઓ ઉઘરાઓ અઇવીથુરાઓ વારેથરઘનીશ, વનત-પેષનાઓ રાંરેમાઓ વીવાઇતીશ, વીચીરાઓ સરવપેમનાઓ સરઓતાનયો આસાનો-ઉરવાંનો અષઓનીશ; યાઓ દાયરીશ વેરેથરેમ જબવેનતે, દાયરીશ આયપતેમ યઝુષે, દાથરીશ બંતાઇ દરવતાતેમ.

દાયરીશ અહુમાઇ વોહુ ખરેનો, યો હીશ અય ફરાયતાઇતે, યથ હીશ હો-ના યજત, યો અષવ જર-શુશતાર, રતુશ અસતવઇથયો અઓથયાઓ, બરેષ-નુષ બીપઇતાશતનયાઓ, કહમાઇચીત યાઓંઘ-હાંમ જસો, કહમાઇચીત આંજઘહાંમ બીવીવાઓ.

યાઓ ફુજબાતાઓ મઇનયુ-ષુતાઓ, ફરષુસેનતે

મુરબ્બી ઉમરના, નબળી આંખવાળા તેમજ નાનાં બાળકો માટે ખાસ મોટા ટાઇપની

પાક ખોરદેહ અવસ્તા.

(ટાઇપના નમુના માટે જુવો તમામ દફતરના ટાઇપનો નમુનો)

ફુલ કલૉથ, ગીલ્ટ ઍમબૉસ બાઇન્ડીંગ.

શરૂઆતમાં અશો જરથોસ્ત સ્પીતમાનનો ફોટો આપ્યો છે.

રોજની ફરજયાત બંદગી ઉપરાંત, હોરમજદ, મોટી તથા નાની હપ્તન, અરદીબેહેશ્ત, સરોશ હાદોખત તથા વડી, બેહેરામ, ખોરદાદ, આવાં, તીર, ગોશ, નાની હોમ અને વનંત યસ્ત મલી કુલ તેર યશ્ત આપી છે.

સર્વે બંદગીના સાર સાથે- કીંમત રૂપીઓ એક.

ઉપર મુજબ પણ છ યશ્તો સાથે—આંઠ આના.

બાળકોને નવજોતનું શીખવવા માટે મોટા ટાઇપની નવજોત—અવસ્તા.

નવજોત માટે અગત જોગી બંદગીઓ, તેની પુરતી સમજ સાથે. સહવારે ઉઠતાં વાર શું ભણવું, કુસ્તી કેમ કરવી, પહેલો ગાંઠ કયારે અને કેમ મારવો, વગેરે બાળકોને સમજ પડે તે ઢીસમે આપી છે. તે ઉપરાંત પતેત પશેમાની અને હોરમજદ યશ્ત પણ સર્વે બંદગીના સાર સાથે સમાવી છે.

ચાર ચિત્રો સાથે. કીં. આના ૪.

ફરવરદેગાનના પવિત્ર દિવસોમાં પઢવા માટે ફરામરોદનો હા તથા ગાથાના પાંચે હા.-કીં. આના ૪.

છુટી આવાં યશ્ત—મોટા ટાઇપ—કીંમત આના ચાર.

છુટી ફરવરદીન યશ્ત-કિંમત. આના ચાર.

ફરોક્ષી સતુમના કરદા સાથે—તથા બાજ ધરનું ફરવષીણું, ધુપ નીરંગ, સર્વે આફરંગાનો ખષનુમનો, આફરીનો, પાજંદ અને સંસકૃત આશીર્વાદ સર્વેના ટુંક સાર સાથે—કીં. આના આંઠ.